દિપકભાઈ - 98253 57124 મહેશભાઈ - 97257 45743
પ્લમ-કેક | વોલનટ-કેક
ફજ-બ્રાઉની | ફ્રૂટ-કેક
નાની મોટી બધી સાઈઝ
હાજરમાં મળશે
ધી બોમ્બે બેકરી
સદર બજાર મેઈન રોડ, રાજકોટ.
આકાશ - ૯૯૧૩૩ ૭૭૮૧૨

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

ચૈત્ર સુદ-૮ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ | સ્થાપક : બાબુભાઈ શાહ | તા. ૧૬-૪-૨૦૨૪ - મંગળવાર | રાજકોટ (સીટી)

હરસ-મસા-ભગંદર-ફિશરની
હવે સૌરાષ્ટ્રમાં પણ USFDA
એપ્રુવ્ડ લેસર મશીન દ્વારા
સારવાર ઉપલબ્ધ
એપોઈમેન્ટ માટે ફોન : 97128 08524
શ્રી સહજાનંદ
એનો-કેર હોસ્પિટલ
૨૦૩/૨૦૪, બિજા માળે, ગાયત્રી બિલ્ડીંગ, રજપુતપરા મેઈન રોડ કોર્નર, ભુતખાના ચોક, બસ સ્ટેન્ડ પાસે, રાજકોટ

વર્ષ : ૩૮ અંક : ૨૦૧ | RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT | તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ | sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT





રૂપાલાનું નામાંકન, ભાજપનું શક્તિ પ્રદર્શન : આજે રાજકોટ લોકસભા બેઠક પરથી ભાજપના દિગ્ગજ નેતા પરષોત્તમ રૂપાલાએ ઉમેદવારી નોંધાવવા પૂર્વે જબરો માહોલ સર્જાયો હતો. શહેરના ડો.યાજ્ઞિક રોડ પર આવેલ જાગનાથ મહાદેવ મંદિરના દર્શન કર્યા હતા અને ત્યારબાદ રોડ શોમાં જોડાયા હતાં. રોડ શોમાં પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા, સાંસદ કુંડારિયા, સાંસદ મોકરિયા, પ્રદેશ ભાજપ ઉપપ્રમુખ ડો.ભરત બોઘરા, ધારાસભ્ય તિલારા, શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી જોડાયા હતા. હજારોની સંખ્યા અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે રૂપાલાએ રોડ શો યોજ્યો અને ત્યારબાદ બહુમાળી ચોક પાસે સભા સંબોધી હતી. રોડ શો દરમ્યાન કાર્યકરોએ ફટાકડા ફોડયા હતા, મહિલાઓએ કેસરી સાફા પહેરી ગરબા લીધા. ત્યારબાદ પાંચ પાંચ આગેવાનો સાથે ફોર્મ ભરવા કલેકટર કચેરીએ પહોંચ્યા હતા. (તસવીર : દેવેન અમરેલિયા, પંકજ શિશાંગીયા)



### રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં વિરોધ વચ્ચે પણ ભાજપે મચક ન આપી: રાજકોટના ઉમેદવાર યથાવત

# ક્ષત્રિય સમાજને મોટુ મન રાખવાની અપિલ સાથે રૂપાલાની ઉમેદવારી

### રાજકોટમાં ભાજપે શક્તિ પ્રદર્શન કર્યું: બહુમાળી ભવન ખાતે સભાને સંબોધન: હવે વ્યાપક વિરોધ ચલાવી રહેલા ક્ષત્રિય સમાજ પર નજર

### રાષ્ટ્ર હિત અને રાષ્ટ્રના વિકાસ માટે અમને ક્ષત્રિય સમાજના સહકારની જરૂર છે: રૂપાલાએ હાજર રહેનાર ક્ષત્રિય આગેવાનોનો આભાર પણ માન્યો

રાજકોટ, તા.૧૬

લોકસભા ચૂંટણીમાં સૌથી વધુ વિવાદીત બની ગયેલી રાજકોટ સંસદીય બેઠક પર આજે ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ ક્ષત્રિય સમાજના ભારે વિરોધ વચ્ચે પોતે ઉમેદવારી નોંધાવીને એક તરફ જણાવ્યું હતું કે ભાજપ જે વાયદાઓ કરે છે તે પૂરા કરે છે, તો બીજી તરફ તેમણે ક્ષત્રિય સમાજને મોટુ મન રાખીને તેમને મત આપવા અપીલ કરી હતી. ગત રવિવારે રાજકોટમાં મળેલા ક્ષત્રિય સમાજના સંમેલનમાં જે રીતે રૂપાલાએ કરેલા વિધાનો સામે જબરદસ્ત આક્રોશ વ્યકત કર્યો તે પછી પણ ભાજપે રાજકોટ લોકસભા બેઠક પર ઉમેદવાર બદલવાની ક્ષત્રિય સમાજની માંગણી

(અનુસંધાન છઠ્ઠા પાને)

# રૂપાલાની ટીકીટ રદ્દ કરવાની માંગ પર ક્ષત્રિય સમાજ અડગ: CM સાથેની બેઠક નિષ્ફળ

રાજકોટ તા.૧૬

રાજકોટના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાના વિવાદાસ્પદ વિધાનો સામે મેદાને પડેલા ક્ષત્રિય સમાજને છેલ્લી ઘડીની સમજાવટ માટે ખુદ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે મીટીંગ યોજી હતી પરંતુ તેમાં પણ કોઈ પરિણામ આવ્યું નથી. રૂપાલાની ટીકીટ રદ કરવાની માંગણીમાં ક્ષત્રિય સમાજ અડગ જ રહ્યો હતો અને ગાંધીનગરમાં યોજાયેલી મીટીંગ નિષ્ફળ નિવડી હતી.

ક્ષત્રિંય સમાજની સંકલન સમીતીના કન્વીનર રમજુભા જાડેજાએ આજે સવારે ‘સાંજ સમાચાર’ સાથેની વાતચિતમાં જણાવ્યું હતું કે ગઈરાત્રે સરકાર તરફથી મીટીંગ માટે તેડુ આવ્યું હતું. ખુદ મુખ્યમંત્રી મીટીંગમાં હાજર રહેવાના હોવાથી કોર કમીટીના તમામ ૧૫ સભ્યો તે માટે પહોંચ્યા હતા. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી તથા ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ બેઠકમાં હાજર હતા. ક્ષત્રિય સમાજ વતી કોર

### રૂપાલા સામેના આંદોલનમાં ફેર વિચારણા કરી વચલો રસ્તો કાઢવા સરકારના પ્રસ્તાવને કોર કમીટીએ ફગાવ્યો: મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, સી.આર. પાટીલ તથા હર્ષ સંઘવી સાથેની બેઠકમાં કોઈ પરિણામ ન આવ્યું: ૧૯ સુધી જુદા જુદા શહેરોમાં રેલી, સંમેલન યોજાશે ત્યાર બાદ કોર કમીટી નવા કાર્યક્રમ જાહેર કરશે: રમજુભા જાડેજાની ‘સાંજ સમાચાર’ સાથે વાતચીત

કમીટીના સભ્યો મોજુદ હતા. સરકાર દ્વારા એમ કહેવામાં આવ્યું હતું કે ક્ષત્રિય સમાજ કોઈ જ વચલો રસ્તો કાઢે અને સમાધાન વિશે વિચારણા કરે પરંતુ સમાજ દ્વારા એવું સ્પષ્ટ કરી દેવામાં આવ્યું હતું કે કોઈ મધ્યમ માર્ગ નીકળે તેમ નથી. ક્ષત્રિય સમાજની રૂપાલાની ટીકીટ રદ્દ કરવાની જ એક માત્ર માંગ છે અને આ માંગ પર સમાજ અડગ છે. એકાદ કલાક સુધી ચાલેલી મીટીંગમાં સરકાર દ્વારા સમાધાન માટે વિકલ્પ વિચારવા આગ્રહ કરવામાં આવ્યો હતો. પરંતુ સમાજ અડગ જ રહ્યો હતો. પખવાડીયા કરતા વધુ સમયથી રૂપાલાને હટાવવાની માંગ સાથે ક્ષત્રિય સમાજ આંદોલન કરી રહ્યો છે અને તેમાં કોઈ પીછેહઠ કરવાનો સવાલ ઉભો થતો નથી.

રાજકોટની બેઠકના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલા આજે ઉમેદવારી નોંધાવે તેની આગલી રાત્રે જ સરકાર દ્વારા

(અનુસંધાન છઠ્ઠા પાને)

# સલમાન ખાનના નિવાસે ગોળીબાર કરનાર બે શખ્સો ભુજથી ઝબ્બે: લોરેન્સ બિશ્નોઈ ગેંગના શુટરો હોવાનો ધડાકો

ભુજ તા.૧૬

બોલીવુડના દબંગ અભિનેતા સલમાન ખાનના નિવાસસ્થાન પર ફાયરીંગની ઘટનાના ગણત્રીના કલાકોમાં જ પોલીસ દ્વારા કચ્છમાંથી લોરેન્સ બીશ્નોઈ ગેંગના બે શુટરોની ધરપકડ કરવામાં આવી છે. ગોળીબાર કર્યા બાદ કચ્છમાં છુપાઈ ગયા હતા. બન્ને પાસેથી હથીયાર મેળવવા સહિતની બાબતોએ અનેક પુછપરછ કરવામાં આવી રહી છે. બન્નેને મુંબઈ લઈ જવામાં આવ્યા છે.



બોલીવુડ અભિનેતા સલમાન ખાનના મુંબઈ ખાતે ગેલેકસી એપાર્ટમેન્ટના નિવાસસ્થાન ઉપર રવિવારે ગોળીબારની ઘટના બની હતી. બાઈક સ્વાર બે શખ્સોએ સલમાનના ઘર પર ગોળીઓ છોડી હતી અને ફરાર થઈ ગયા હતા. આ ઘટનાની તપાસ મુંબઈ ક્રાઈમ બ્રાંચને સોંપવામાં આવી હતી. સીસીટીવી ફૂટેજ સહિતની બાતમીના આધારે મુંબઈ ક્રાઈમ બ્રાંચની ટીમ કચ્છમાં ત્રાટકી હતી અને મોડી રાત્રે ભુજ ખાતેથી બે શખ્સોની ધરપકડ કરી હતી. પકડાયેલા બે શખ્સોમાં એક હરિયાણાનો વીકી ગુપ્તા તથા બીજો બિહારનો સાગર પાલ હોવાનું બહાર આવ્યું છે.

### મોડીરાત્રે ધરપકડ: સલમાનના નિવાસની ચાર વખત રેકી કરી હતી: હરિયાણા અને બિહારના બન્ને શખ્સને મુંબઈ લઈ જવાયા: હથીયાર નદીમાં ફેંકી દીધુ

પોલીસની પ્રાથમિક પુછપરછમાં બન્ને શખ્સોએ કહ્યું કે સલમાનના નિવાસે ગોળીબાર કર્યા બાદ તેઓએ પીસ્તોલ

(અનુસંધાન છઠ્ઠા પાને)

# શ્રીનગરમાં જેલમ નદીમાં બોટ ઉંધી વળતા છનાં મૃત્યુ: પ્રવાસી બોટ ઉંધી વળી: અનેક ઈજાગ્રસ્ત

### ઘાટીમાં ભારે વરસાદ અને હિમસ્ખલન: જમ્મુ-શ્રીનગર હાઈવેમાં ભેખડો ધસી



શ્રીનગર તા.૧૬

જમ્મુ-કાશ્મીરમાં ખરાબ મોસમ વચ્ચે જેલમ નદીમાં એક બોટ ઉંધી વળી જતા છ ના મૃત્યુ થયા છે જયારે હજુ કેટલાક નદીમાં ડુબી ગયા હોવાની આશંકા છે અને એનડીઆરએફની ટીમે તલાશ શરુ કરી છે. અહી છેલ્લા કેટલાક દિવસથી ભારે વરસાદ વરસી રહ્યો છે અને હિમસ્ખલન સહિતની ઘટનાઓ બની છે. હવામાન વિભાગે પણ લોકોને સાવધ રહેવા અપીલ કરી છે એક બોટ નદીના ભારે પ્રવાહના કારણે ઉંધી વળી ગઈ હતી અને પ્રવાસી પાણીમાં તણાવા લાગ્યા હતા જેમાં છ પ્રવાસીના મૃત્યુ થયા હોવાના અહેવાલ છે. અને રાહત બચાવ કામ ચાલુ છે. બીજી તરફ હવામાન વિભાગે કાશ્મીર ખીણના બે જિલ્લાઓમાં હિમપ્રપાતની ચેતવણી આપી છે અને ઉતર કાશ્મીરના કુપવાડા જીલ્લા અને મધ્ય કાશ્મીરના ગેંદરબલમાં ૨૪૦૦ મીટરથી ઉંચેની ઘાટીઓમાં હિમસ્ખલનની ચેતવણી અપાઈ છે અને લોકોને બિનજરૂરી રીતે આ વિસ્તારમાં ન જવા જણાવાયુ છે. જમ્મુ-કાશ્મીર હાઈવે પર પણ ભેખડો ધસી જતા ટ્રાફીકમાં મુશ્કેલી થઈ રહી છે અને રાજય સરકાર દ્વારા રાહત કામગીરી શરુ કરવામાં આવી છે.

# હવે અમદાવાદ-દિલ્હી વચ્ચે બુલેટટ્રેન: પ્રોજેકટ રિપોર્ટ તૈયાર

### ૯૦૦ કી.મી.નું અંતર સાડા ત્રણ કલાકમાં પુરૂ કરશે

અમદાવાદ તા.૧૬

અમદાવાદ અને મુંબઈ વચ્ચે બુલેટ ટ્રેનની કામગીરી આગળ વધી રહી છે તે વચ્ચે જ ગુજરાતને દેશના પાટનગર દિલ્હી સાથે જોડતી બુલેટટ્રેન પણ મળે તેવા સંકેત છે અને આ માટે રેલ્વેએ



પ્રોજેકટ રિપોર્ટ તૈયાર કરી લીધો છે અને કેન્દ્ર સરકાર મંજુરી આપે તેની રાહ છે. અમદાવાદ અને દિલ્હી વચ્ચે ૯૦૦ કી.મી.નું અંતર છે જેને બુલેટટ્રેન ૨૫૦ થી ૩૫૦ કી.મી. પ્રતિ કલાકની ઝડપે પુરુ કરશે અને ગુજરાત

(અનુસંધાન છઠ્ઠા પાને)

ગોડાઉન ભાડે આપવાના
૩૫૦૦ + ૩૫૦૦ ફુટના- બે નવા ગોડાઉન
લીફટ + અદ્યતન ફેસીલીટી સાથે
ચંપલ માર્કેટ
નવાગામ, રાજકોટ
માલિક- ૯૮૨૪૧ ૬૧૫૬૧





તસ્વીરઃ પંકજ શીશાંગીયા

# જાગનાથમા માઈમંદિરના દર્શન કરી પરષોત્તમ રૂપાલાનું શકિત પ્રદર્શનઃ બહુમાળી ચોકે જનસભા

રાજકોટ,તા.૧૬

આજરોજ લોકસભા ચૂંટણીના ઉમેદવાર પરષોત્તમ રૂપાલા ઉમેદારી ફોર્મ ભરશે. ત્યારે સવારે જાગનાથ ખાતે માઈ મંદિરના દર્શન કર્યા હતા. પરષોત્તમ રૂપાલાએ જાગનાથ માઈ મંદિરના દર્શન કરી પદયાત્રા શરૂ કરી હતી.આ તકે તેઓ સાથે ભાજપના કાર્યકરો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. અને તેઓનો ઉત્સાહ વધાયો હતો.ત્યારબાદ પરષોત્તમ રૂપાલાએ જાગનાથની બહુમાણી ચોક સુધી પદયાત્રા રેલી યોજી હતી. રસ્તાઓ પર લોકોનું અભિવાદન મળ્યુ હતું. અને બહુમાળી ચોકએ પહોચ્યા હતા જયાં સભા સંબોધી હતી.આજે ફોર્મ ભરતા પહેલા પરષોત્તમ રૂપાલાની બહુમાણી ચોક ખાતે સભાનું આયોજન કર્યુ હતું.

સભા પૂર્ણ થયા બાદ વિજય મુર્હૂતમાં ફોર્મ ભર્યુ હતું.આ શકિત પ્રદર્શનમાં બહોળો લોક પ્રતિસાદ મળ્યો હતો. બહોળી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતાં.

આ ઉપરાંત ભાજપના અગ્રણીઓ પણ શકિત પ્રદર્શનમાં જોડાયા હતા. રસ્તાઓ પર મહિલા ભાજપ અગ્રણી ઓ ગરબા રમ્યા હતાં. અને અનેક આકર્ષણો ગોઠવવામાં આવ્યા હતાં. ક્ષત્રિય સમાજના વિરોધ વચ્ચે પરશોત્તમ રૂપાલાએ ફોર્મ ભર્યુ હતુ.ત્યારે ચુંસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

## સાંસદ રામભાઇ મોકરીયા કલેકટરના પી.એ.ની ખુરશીમાં બેસી ગયા



રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોતમભાઇ રૂપાલાએ આજે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રભવ જોશી સમક્ષ પોતાનું નામાંકનપત્રક રજૂ કર્યુ ત્યારે રાજયસભાના સાંસદ રામભાઇ મોકરીયા સહિતના બે વ્યકિતઓ કલેકટર કચેરીના પરિસરમાં આવેલ કલેકટરના પી.એ.ની ચેમ્બરમાં જઇ પી.એ.ની ખુરશી પર જ તેઓએ સ્થાન લઇ લીધુ હતું. જોકે આ સમયે તેઓને ટકોર કરાતા સાંસદ મોકરીયાએ જણાવ્યું હતું કે આપણે કલેકટર ચેમ્બરની બહાર છીએ તેની હાજરી પૂરાઇ જાય એટલે અહીં હું બેઠો છું.

# રૂપાલાએ ફોર્મ ભરીને તેનું કામ કર્યુંઃ ક્ષત્રિયો હવે પોતાનું કાર્ય કરશેઃ પી.ટી. જાડેજાનો ગર્ભિત ઈશારો

### ક્ષત્રિય સમાજે મોટું મન રાખવાની અપીલ ફગાવીઃ કોઈ સમર્થનમાં હોય તો નામ જાહેર કરવા રૂપાલાને પડકાર

રાજકોટ, તા.૧૬

રાજકોટ લોકસભા બેઠક પર ઉમેદવારી નોંધાવીને ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ પોતાનું કામ કર્યું છે અને તેનો વિરોધ કરી રહેલો ક્ષત્રિય સમાજ હવે પોતાનું કામ કરશે તેવો ગર્ભિત ઇશારો ક્ષત્રિય અગ્રણી અને સમાજની કોર કમીટીના સભ્ય પી.ટી. જાડેજાએ કર્યો છે.

તેઓએ વાતચીતમાં કહ્યું કે મુખ્યમંત્રી સાથેની મોડી રાતની બેઠક નિષ્ફળ ગઇ હતી. ક્ષત્રિય સમાજ રૂપાલાની ટીકીટ રદ કરવાની માંગને વળગી રહ્યો હતો. આજે રૂપાલાએ ફોર્મ ભરી દીધું છે. તેમણે પોતાનું કામ કર્યું છે. હવે ક્ષત્રિય સમાજ પોતાનું કામ કરશે. ૧૯મી પછી આંદોલનનો પાર્ટ-ટુ શરૂ થશે અને તેની રણનીતિ સમાજની કોર કમીટીની બેઠકમાં ઘડાશે.

રૂપાલાની ટીકીટ રદ નહીં કરીને ભાજપ જીદ પર હોવાની ટકોર કરવાની સાથોસાથ તેઓએ સ્પષ્ટ કર્યું હતું કે સમાજને ભાજપ સાથે કોઇ વાંધો નથી. વડાપ્રધાન મોદીનો ચાહક છે એટલું જ નહીં પાટીદાર કે અન્ય કોઇ સામે સામાજીક લેવલે પણ કોઇ વાંધો નથી. એક માત્ર રૂપાલાનો વિરોધ છે અને કોઇનો વ્યકિતગત નહીં પરંતુ સમગ્ર સમાજનો છે અને એટલે જ ટીકીટ રદ કરવાની માંગ અડગ છે.

ઉમેદવારી નોંધાવવા પૂર્વે રૂપાલાએ ક્ષત્રિય સમાજનું સમર્થન મળવાનો દાવો કરીને મન મોટું રાખીને અપીલ કરી છે તે વિશે પી.ટી. જાડેજાએ કહ્યું કે ક્ષત્રિય સમાજ રૂપાલાને મદદ નહીં કરે છતાં પણ રૂપાલા સમર્થન હોવાનો દાવો કરતા હોય તો નામ જાહેર કરે.

ક્ષત્રિય સમાજના રૂપાલા સામેના આ આંદોલનમાં 'પડદા પાછળ' કોઇ ન હોવાની ચોખવટ કરતા તેઓએ કહ્યું કે આ સમાજની જ લડાઇ છે. સંકલન સમિતિનું વલણ સરકાર પ્રત્યે 'કુણું' પડવાની ચર્ચા થાય છે તે બોગસ છે. જઓ આવું હોત તો સમાધાન થઇ ગયું હોત.

રાજકોટના મહાસંમેલનમાં લાખો લોકો ઉમટયા હતા. જમવા, ફુડપેકેટ, ડોમ કે કોઇ સગવડતા ન હોવા છતાં સ્વયંભૂ હાજરી હતી અને તે જ રૂપાલા સામે સમાજના આક્રોશની સાબિતીરૂપ હતી. સંમેલનમાં પણ સમાજના લોકોએ 'વિશ્વાસઘાત ગણાય' તેવા કોઇ નિર્ણય નહીં લેવાની લાગણી દર્શાવી હતી. આ સંજોગોમાં સમાજની લાગણી અને સ્વમાનને કોઇ આંચ નહીં આવવા દેવાય. સમાજની સમિતિમાં કોઇ રાજકીય માણસ નથી અને સમાજના જ હિતમાં નિર્ણય લેશે.

## રૂપાલાની ઉમેદવારી સમયે હાજર રહેલા ક્ષત્રિય આગેવાનોના ભાજપે નામ પણ જાહેર કર્યા

રાજકોટ લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર પરસોતમ રુપાલાએ આજે તેમની ઉમેદવારી નોંધાવી હતી તે સમયે હાજર રહેલા હાજર રહેલા ક્ષત્રિય સમાજનો આભાર ખુદ રુપાલાએ માન્યો હતો અને ભાજપે જે અગ્રણીઓ હાજર હતા તેના નામ જાહેર કર્યા હતા જેમાં જસદણના રાજવી સત્યજીતસિંહ ખાચર, પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા તેમજ મહેન્દ્રસિંહ, નરેન્દ્રસિંહ જાડેજા, ઘોઘુભા જાડેજા તથા ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, રાજભા જાડેજા અને ભાજપના મહામંત્રી વિરેન્દ્રસિંહ જાડેજા હાજર હતા તેવું જણાવ્યું હતું.

## જયરાજસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા



ક્ષત્રિય સમાજ દ્વારા પરસોતમ રૂપાલા સામે વિરોધનો બુંગીયો ફુંકાયો તે સમયે સમાધાનની સર્વપ્રથમ પહેલ કરનાર ગોંડલના પુર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા પણ આજે નામાંકન સમયની સભામાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# વિજય સંકલ્પ સભા ખીચોખીચ રહી



તસવીરઃ દેવેન અમરેલીયા

રાજકોટ લોકસભા બેઠક માટે ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ આજે ઉમેદવારી નોંધાવી તે પૂર્વે બહુમાળી ભવન ચોક ખાતે વિજય સંકલ્પ સભા યોજી હતી જેમાં રાજકોટ તેમજ સમગ્ર સંસદીય મત વિસ્તારમાંથી ભાજપના કાર્યકર્તાઓ અને ટેકેદારો ઉમટી પડયા હતા અને તેમના માટે એક ઉત્સવ જેવું વાતાવરણ બની ગયું હતું. તેમજ સભામાં દરેક હવે તા.૭ના રોજ મતદાનનો ઇન્તજાર કરી રહ્યા હોય તેવું જણાવ્યું હતું. સભા સ્થળે ખાસ રૂપાલાના પ્રચારની ઝાંખી કરતી એક કાર પણ જોવા મળી હતી. બહેનોએ પણ કેસરી સાડી પહેરીને વાતાવરણને રાષ્ટ્રના રંગે રંગી દીધુ હતું.



## રૂપાલાએ વિજયભાઈને શું કહ્યું!

રાજકોટ લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર પરસોતમ રુપાલાએ આજે ઉમેદવારી નોંધાવી તે સમયે પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી સતત તેમની સાથે હતા. અગાઉ નરેન્દ્રભાઇ મોદીથી લઇને અનેક દિગ્ગજોને ચૂંટણી જીતાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવનાર વિજયભાઇ રૂપાણી હવે રાજકોટ લોકસભા બેઠક પર એકશનમાં આવી ગયાની ચર્ચા છે અને આજે મંચ ઉપર પરસોતમ રુપાલા અને વિજયભાઇ રુપાણી વચ્ચે સતત ગુફતેગુ ચાલતી હતી.



## રૂપાલા હોટ ટોપીક બની ગયાઃ દેશભરનું મીડીયા ઉમટયું

રાજકોટ લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાની ટિકીટ રદ કરવાના મુદ્દે ક્ષત્રિય સમાજે કરેલા આંદોલનના દેશભરમાં પડઘા પડયા છે અને અનેક રાજયોમાં ક્ષત્રિયો પણ હવે રૂપાલા મુદ્દે આંદોલનના મૂડમાં છે તે સમયે આજે તેઓએ ઉમેદવારી નોંધાવી તે સમયે દેશભરમાંથી પ્રિન્ટ અને ઈલેકટ્રોનીક મીડીયાના પ્રતિનિધિઓ રાજકોટ આવ્યા હતા અને રૂપાલાની ઉમેદવારીને કવર કરી હતી. (તસ્વીરઃ દેવેન અમરેલીયા)

# ગુજરાત-સૌરાષ્ટ્ર-કચ્છમાં લોકસભાની બેઠક પર ભાજપ-કોંગ્રેસના ઉમેદવારોએ વાજતે-ગાજતે ઉમેદવારી ફોર્મ ભર્યા

### ઉમેદવારોએ કાર્યકરોના શકિત પ્રદર્શન સાથે દેવ મંદિરો-ધાર્મિક સ્થળોએ દર્શન કરી સભા સંબોધીઃ રાજકિય ગરમાવો જામ્યો



રાજકોટ તા.૧૬

કેન્દ્રીય ચૂંટણી પંચે ગુજરાત રાજયામાં ૨૬ લોકસભાની બેઠકો માટેની ચૂંટણી જાહેર કરી તા.૧૨થી તા.૧૯મી સુધી ઉમેદવારી ફોર્મ સ્વીકારવાનું જાહેરનામુ પ્રસિધ્ધ કરતા રાજયભરમાં ભાજપ-કોંગ્રેસ સહિતના રાષ્ટ્રીય પક્ષોના ઉમેદવારોએ વાજતે-ગાજતે રેલી યોજી જંગી જાહેરસભા સંબોધી પોતાનું ઉમેદવારી પત્રો રજૂ કરી દીધા છે. આજે બપોરના ત્રણ કલાક સુધીમાં ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ જિલ્લામાં ભાજપ-કોંગ્રેસના ઉમેદવારોએ ઉમેદવારી હતી.

રાજકોટમાં ક્ષત્રિય સમાજના વિરોધ વચ્ચે ભાજપના ઉમેદવાર પરસોતમભાઈ રૂપાલાએ ઉમેદવારી ફોર્મ ભર્યુ હતું. અમરેલીમાં કોંગ્રેસના ઉમેદવાર જેનીબેન ઠુંમરે ટ્રેકટર ચલાવી ઉમેદવારી ફોર્મ ભર્યુ હતું.

જુનાગઢ લોકસભા સીટના ઉમેદવાર રાજેશ ચુડાસમાએ ચોરવાડ ખાતે તેમના કુળદેવી અને પરિવારજનોનાં આશીર્વાદ લઈ સરદાર ચોકમાં સભા સંબોધી હજારો સમર્થકો સાથે ઉમેદવારી ફોર્મ રજુ કર્યુ હતું. ખેડા બેઠકના ભાજપના ઉમેદવાર દેવુસિંહ ચૌહાણે વિજય મુહુર્તમાં રેલી યોજી ડભાણ રોડ પર કલેકટર કચેરીએ ઉમેદવારી નોંધાવી હતી.

કચ્છ બેઠકના ભાજપના ઉમેદવાર વિનોદભાઈ ચાવડાએ વાજતે ગાજતે ઉમેદવારી ફોર્મ રજુ કર્યુ હતું. જયારે કોંગ્રેસના ઉમેદવાર નિતેશ લાલણે ઉમેદવારી ફોર્મ રજૂ કર્યુ હતું.

બનાસકાંઠા ભાજપના ઉમેદવાર રેખાબેને ઉમેદવારીપત્ર રજૂ કર્યુ હતું.

પાટણ લોકસભા બેઠકના ભાજપનાં ઉમેદવાર ભરતભાઈ ડાભીએ જંગી જાહેર સભા યોજી ઉમેદવારી ફોર્મ ભર્યુ હતું. દાહોદ લોકસભા બેઠકના ભાજપનાં ઉમેદવાર જશવંતસિંહ ભાભોરે માતા પિતાના આશીષ મેળવી વિજય મુહુર્તમાં ફોર્મ ભર્યુ હતું.

નવસારી જિલ્લાના વાસંદા વિધાનસભા બેઠકના ધારાસભ્ય અનંત પટેલને કોંગ્રેસ પક્ષે વલસાડ લોકસભા બેઠકના ઉમેદવાર તરીકે જાહેર કરતા અનંત પટેલે જંગી જાહેરસભાને સંબોધી ઉમેદવારી ફોર્મ રજૂ કર્યુ હતું. છોટા ઉદેપુર ભાજપના ઉમેદવાર જશુભાઈ રાઠવાએ ઉમેદવારી નોંધાવી હતી.

મહેસાણા લોકસભા બેઠકના ભાજપ ઉમેદવાર હરીભાઈ પટેલે ઉમેદવારી નોંધાવી હતી.ગાંધીનગર કોંગ્રેસના ઉમેદવાર સોનલબેન પટેલે ઉમેદવારી નોંધાવી હતી. આગામી તા.૧૯મી સુધીમાં હજુ ભાજપ કોંગ્રેસ સહિતના રાષ્ટ્રીય પક્ષો અને અપક્ષો ઉમેદવારી પત્રક્ષો રજૂ કરશે.

## તળાજા યુવા મોરચાના ઉપાધ્યક્ષે રાજીનામુ આપ્યું

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છ ગુજરાતમાં ક્ષત્રિય સમાજના વિરોધ વચ્ચે આજે તળાજા તાલુકાના ભાજપના યુવા મોરચાના ઉપાધ્યક્ષ રવિરાજસિંહ મોહિલે ચાલુ સભામાં કાળા કપડા પહેરીને ૨૦૦ કાર્યકર્તાઓ સાથે રાજીનામું આપ્યું હતું.

## પરસોતમ રૂપાલાના સોશ્યલ મીડિયામાં સાત એકાઉન્ટ

### નામાંકનપત્ર સાથેના સોગંદનામામાં પ્રથમવાર ઉલ્લેખ

રાજકોટ, તા. ૧૬

રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ રજૂ કરેલા નામાંકનપત્ર સાથેના સોગંદનામામાં સોશ્યલ મીડિયાના સાત જેટલા તેઓના એકાઉન્ટ હોવાનો પણ ઉલ્લેખ કર્યો છે. જેમાં ફેસબુક, એકસ, ઇન્સ્ટાગ્રામ, વોટસએપ, યુ-ટયુબ, ટેલીગ્રામ અને લીંકડીનનો સમાવેશ થાય છે.

## કલેકટર કચેરીમાંથી બપોર સુધીમાં વધુ બે ઉમેદવારીપત્ર ઉપડયા

### ઉમેદવારી ફોર્મનો આંકડો વધીને ૩૧૮એ પહોંચ્યો

## રૂપાલા વિવાદઃ ક્ષત્રિય આંદોલન સ્વયંભૂઃ ગોંડલમાં માંગેલી માફી 'અહંકારભરી' હતી

### કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલનો પ્રત્યાઘાત

રાજકોટના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાના વિવાદાસ્પદ વિધાનો સામે ક્ષત્રિય સમાજ આંદોલન ચલાવી રહ્યો છે. રૂપાલાની ટીકીટ રદ કરવાની અડગ માંગ સામે રાજ્ય વ્યાપી ચૂંટણી પ્રત્યાઘાતો પડવાની ચેતવણી પણ આપી છે. તેવા સમયે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે એમ કહ્યું ક્ષત્રિય સમાજનું આંદોલન સ્વયંભૂ છે. રૂપાલાએ ગોંડલના સંમેલનમાં માંગેલી માફી અહંકારભરી હતી અને યોગ્ય નહતી.

# સાંજ સમાચાર

## દેશ - વિદેશના સચોટ સમાચાર ઝડપથી વાંચવા માટે આજે જ ડાઉનલોડ કરો સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )

TWITTER
@sanj_news

FACEBOOK
@Sanj Samachar

YOUTUBE
SanjSamachar Video News

INSTAGRAM
@sanjsamachar

TELEGRAM
Sanj Samachar

WEBSITE
www.sanjsamachar.net

( સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )

96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ ''Hi'' મેસેજ કરો )

### રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોતમભાઈ રૂપાલાએ વાજતે-ગાજતે ભર્યુ નામાંકનપત્ર

# રૂપાલા પરિવાર પાસે રૂા. ૨૮.૧૩ કરોડની સંપત્તિ, ત્રણ ફોજદારી કેસ

**પરસોતમભાઈ પાસે રૂા. ૧૮.૮૯ લાખ અને પત્ની સવિતાબેન પાસે રૂા. ૯.૧૩ લાખની હાથ પર રોકડ**

**બીએસસી, બી.એડ. સુધીનો અભ્યાસ કરેલ છે : એક પણ વાહન પોતાના નામે નથી**

**રૂા. ૮૭,૫૦૦ની વિદેશી બંદુક ધરાવે છે : ગાંધીનગરમાં ૧.૬૨ કરોડનો પ્લોટ**

**ઈશ્વરીયા અને અમરેલીમાં કરોડોની કિંમતના જમીન-મકાન**





તસ્વીરઃ ભાવીન રાજગોર



રાજકોટ, તા. ૧૬

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોતમભાઇ રૂપાલાએ આજે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રભવ જોશી સમક્ષ વાજતે ગાજતે પોતાનું નામાંકનપત્ર રજૂ કર્યુ હતું. તેની સાથે તેઓએ પોતાની આવક અને સંપતિ જાહેર કરી સોગંદનામુ પણ રજૂ કર્યુ હતું.

ભાજપના ઉમેદવાર પરસોતમભાઇ રૂપાલાએ નામાંકનપત્ર સાથે રજૂ કરેલા એફીડેવીડમાં પોતાની સ્થાવર અને જંગમ મિલ્કત જાહેર કરી છે. તે મુજબ રૂપાલા પરિવાર રૂા.૨૮.૧૩ કરોડના આસામી હોવાનું દર્શાવાયેલ છે. તેની સાથોસાથ પરસોતમભાઇ રૂપાલા સામે ત્રણ જેટલા ફોજદારી કેસ હોવાનો પણ ઉલ્લેખ જાહેરનામામાં કરવામાં આવેલ છે.

પરસોતમભાઇ રૂપાલા પાસે રૂા.૫૭૯૬૪૦૮૮ તેમજ તેમના પત્ની સવિતાબેન પાસે રૂા.૫૭૧૫૮૭૯૮ની જંગમ મિલ્કત છે. જયારે સ્વપાર્જીત મિલ્કતમાં પરસોતમભાઇ પાસે રૂા. ૩૩૪૨૮૮૦૯ અને તેમના પત્નીના નામે રૂા. ૨૦૦૬૧૯૯૮ની મિલ્કત છે. આ ઉપરાંત પરસોતમભાઇની વારસાગત મિલ્કતમાં તેઓના નામે રૂા.૨૮૫૧૪૯૦ અને તેમના પત્નીના નામે રૂા.૨૮૫૧૪૯૦ની મિલ્કત છે. પરસોતમભાઇ સામે ત્રણ જેટલા ફોજદારી કેસ ચાલુ વર્ષ દરમ્યાન નોંધાયાનું પણ એફીડેવીડમાં ઉલ્લેખ કરાયો છે.

જેમાં ગોંડલ તાલુકા કોર્ટ, ગઢડા તાલુકા કોર્ટ અને રાજકોટ સીવીલ કોર્ટમાં આ કેસ નોંધાયા છે. જયારે પરસોતમભાઇ રૂપાલાના હાથ પર રૂા.૧૮૮૯૪૮૬ અને તેમના પત્ની સવિતાબેનના હાથ પર રૂા.૯૧૩૮૫૮ની રોકડ છે. આ ઉપરાંત પરસોતમભાઇ રૂપાલાની અલગ અલગ બેંકોમાં રૂા.૧૮૮૬૭૫૮ તેમજ તેમના પત્ની સવિતાબેનના નામે અલગ અલગ બેંકમાં રૂા.૨૬૯૧૫૮૨ની થાપણ છે. આ ઉપરાંત પરસોતમભાઇ રૂપાલાએ વિમા કંપની અને પોસ્ટલ સેવિંગમાં રૂા. ૨૧,૧૬,૫૪૦નું રોકાણ કરેલ છે. પરસોતમભાઇ રૂપાલા બીએસસી, બી.એડ. સુધીનો અભ્યાસ કરેલ છે. તેમની પાસે એક પણ વાહન નથી. તેમના પત્નીના નામે પણ એક પણ વાહન નથી.

આ ઉપરાંત પરસોતમભાઇ રૂપાલા પાસે રૂા.૮૭૦૫૮૯ના સોના-ચાંદીના દાગીના છે. જયારે તેમના પત્ની સવિતાબેન પાસે રૂા. ૮૮૧૧૦૦૨ના સોના-ચાંદીના દાગીના છે. પરસોતમભાઇ રૂપાલા અમરેલીમાં કૃષિની ૩ હેકટર જમીન ધરાવે છે. જેઓની બજાર કિંમત રૂા.૨૮૫૧૪૯૦ થવા જાય છે. જયારે તેઓના નામે ઈશ્વરીયામાં પણ બીજી જમીન છે. જેની બજાર કિંમત રૂા.૧૨૭૯૪૮૧૪ થવા જાય છે. જે બિનખેતી છે. આ બંને જમીન પરસોતમભાઇ રૂપાલાની માલીકીની છે.

આ ઉપરાંત ઈશ્વરીયામાં તેઓ રૂા. ૪૩૪૮૦૮૦ની કિંમતની જમીન ધરાવે છે. તેની સાથોસાથ તેઓના નામે ગાંધીનગરમાં પ્લોટ છે. જેની બજાર કિંમત રૂા.૧૬૨૮૫૯૧૫ થવા જાય છે. આમ પરસોતમભાઇ રૂપાલા પાસે રૂા. ૩૬૨૮૦૨૯૯ અને તેમના પત્ની સવિતાબેનના નામે રૂા.૨૨૯૧૩૪૮૮ની કિંમતના જમીન-મકાન છે.

પરસોતમભાઇ રૂપાલા પાસે વિદેશી બંદુક પણ છે. જેની કિંમત રૂા. ૮૭,૫૦૦ છે. પરસોતમભાઇએ પોતાના વ્યવસાયમાં ખેતી, વ્યાજ અને જાહેર જીવન દર્શાવ્યું છે. પરસોતમભાઇ રૂપાલાએ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રભવ જોશી સમક્ષ ઉમેદવારી ફોર્મ સાથે રજૂ કરેલા એફીડેવીટમાં તેમના અને તેમના પત્નીના નામે રહેલી સ્થાવર-જંગમ મિલ્કતની વિગતો રજૂ કરી હતી. પરસોતમભાઇએ ચૂંટણી અધિકારી પ્રભવ જોશી સમક્ષ ફોર્મ રજૂ કર્યુ ત્યારે તેઓની સાથે પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી, કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, કુંવરજીભાઇ બાવળીયા, ઉદયભાઇ કાનગડ, ડો.દર્શિતાબેન શાહ, ભરતભાઇ બોઘરા, રમેશભાઇ ટીલાળા, રામભાઇ મોકરીયા, મોહનભાઇ કુંડારીયા, સાંસદ કેશરીદેવસિંહ, શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

**કલેકટર કચેરીમાં માનવસાંકળ રચી રૂપાલાને એન્ટ્રી**

## જિલ્લા ચૂંટણી અધિકારીના જાહેરનામાનું પાલન ન થયું

### ભાજપના દિગ્ગજોએ કલેકટર કચેરીમાં જ મીડિયાને આપી બાઈટ : પાંચથી વધુ વ્યકિતઓને કલેકટર ચેમ્બરમાં પ્રવેશ

રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવારોના નામાંકનપત્રક માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર દ્વારા અગાઉથી જ જાહેરનામું પ્રસિધ્ધ કરી દેવામાં આવ્યું હતું જે મુજબ નામાંકનપત્ર રજૂ કરતા સમયે કલેકટર ચેમ્બરમાં માત્ર પાંચ વ્યકિતઓ અને ત્રણ કારને કલેકટર કચેરી ગ્રાઉન્ડમાં પ્રવેશ અપાશે તેવું જાહેર કરાયું હતું.

પરંતુ આજે ભાજપના ઉમેદવાર રૂપાલાના નામાંકનપત્ર સમયે જિલ્લા ચૂંટણી અધિકારીના આ જાહેરનામાનું પાલન થવા પામેલ ન હતું. કલેકટરની ચેમ્બરમાં પાંચથી વધુ વ્યકિતઓને પ્રવેશ આપવામાં આવેલ હતો આ ઉપરાંત અનેક ગાડીઓ નામાંકનપત્ર સમયે કલેકટર કચેરીના ગ્રાઉન્ડમાં એન્ટ્રી લીધી હતી.

તેની સાથોસાથ અનેક દિગ્ગજોએ કલેકટર કચેરીના પરીસરમાં જ મીડિયા કર્મચારીઓને બાઇટ આપી હતી. કલેકટર ચેમ્બરમાં નામાંકનપત્ર સમયે અધિક કલેકટર ચેતન ગાંધીએ પાંચથી વધુ વ્યકિતઓને ચેમ્બરની બહાર જવા આજીજી કરી હતી. પરંતુ કોઇ મહાનુભાવો માન્યા ન હતા. આ ઉપરાંત રૂપાલાએ નામાંકનપત્રક ભરતા સમયે કલેકટર કચેરીમાં એન્ટ્રી લેતા જ તેઓને માનવ સાંકળ રચી એન્ટ્રી આપવામાં આવી હતી.

## કલેકટરને કિલ્લેબંધી : દરવાજા બંધ કરાયા

### આઈકાર્ડ બતાવ્યા બાદ જ પ્રવેશ : ચેમ્બરની બહાર ધકકામૂકકી

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોતમભાઇ રૂપાલાએ આજે તેમના ટેકેદારો અને ભાજપના હોદ્દેદારોની વિશાળ ઉપસ્થિતિમાં કલેકટર કચેરી ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી સમક્ષ પોતાનું ઉમેદવારી ફોર્મ રજૂ કરી દાવેદારી નોંધાવી હતી. આ પ્રસંગે ચાપતા પગલારૂપે પોલીસ દ્વારા કલેકટર કચેરીને કિલ્લેબંધી કરી તમામ દરવાજા બંધ કરી દેવામાં આવ્યા હતા.

પોલીસના ધાડેધાડા ઉતરી પડી કલેકટર કચેરીમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવેલ હતો. કલેકટર કચેરીના દરવાજા મુલાકાતીઓ માટે પણ બંધ કરી દેવામાં આવેલ હતા. કલેકટર કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીઓ અને મીડિયા કર્મચારીઓને આઇકાર્ડ બતાવ્યા બાદ જ પ્રવેશ અપાયો હતો. દરમ્યાન રૂપાલા કલેકટરની ચેમ્બરમાં ફોર્મ ભરવા જતા ચેમ્બરની બહાર ધકકામૂકકીના દ્રશ્યો સર્જાયા હતા.

## રૂપાલાએ ૧૨.૩૯ના વિજય મુહૂર્તના બદલે ૧૧.૨૧ કલાકે લાભ ચોઘડીયામાં ફોર્મ રજૂ કર્યુ

રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પરસોતમભાઇ રૂપાલાએ આજે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રભવ જોશી સમક્ષ ૧૨.૩૯ કલાકના વિજય મુહૂર્તના બદલે ૧૧.૨૧ કલાકે લાભ ચોઘડીયામાં પોતાનું ઉમેદવારીપત્રક રજૂ કરી ઉમેદવારી નોંધાવી હતી.

આ પ્રસંગે કલેકટર કચેરી ખાતે ભાજપના હોદ્દેદારો, આગેવાનો, કાર્યકરો વિશાળ સંખ્યામાં ઉમટી પડયા હતા. જોકે કલેકટર કચેરીમાં કોઇ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસના ધાડેધાડા અગાઉથી જ ઉતારી દેવામાં આવેલ હતા. રૂપાલાના નામાંકન પત્રક સમયે કલેકટરની ચેમ્બરમાં રૂપાલા સાથે ૯ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## મહાદેવના આશિર્વાદ સાથે નામાંકન માટે પ્રયાણ કર્યુ











રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ આજે ઉમેદવારી નોંધાવી હતી તે પૂર્વે તેઓ જાગનાથ મહાદેવના મંદિરે પહોંચ્યા હતા અને મહાદેવની અર્ચના અને પૂજા કરી હતી તથા આશિર્વાદ લીધા હતા. જાગનાથ મંદિરના પ્રાંગણમાં કેસરી સાડીઓમાં સજ્જ બહેનોએ રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી અને રુપાલાના વિજય માટે પણ સુત્રોચ્ચાર કર્યા હતા. જાગનાથ મહાદેવના મંદિરમાં તેનાથી એક અદભૂત દ્રશ્યો પણ ઉપસ્થિત થયું હતું. **(તસ્વીરઃ દેવેન અમરેલીયા)**

## રાજકોટની જનતા પર વિશ્વાસ છેઃ રૂપાલાજીને જ વિજય બનાવશેઃ વિજયભાઈ રૂપાણી

### ગાંધીનગર ખાતે ક્ષત્રિય સમાજ સાથે વાટાઘાટો ચાલુઃ ચોકકસ નિર્ણય આવશે

રાજકોટ તા.૧૬

આજરોજ પરસોતમ રૂપાલાએ લોકસભાની ચુંટણી માટે ઉમેદવારીપત્રક ભર્યું હતું. આ તકે પુર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, કર્ણાટકના પુર્વ રાજયપાલ વજુભાઈ વાળા, પ્રદેશ ભાજપના ઉપાદયક્ષ ભરત બોઘરા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. પુર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પરસોતમ રૂપાલાને શુભકામનાઓ પાઠવી હતી.



વિજયભાઈ રૂપાણી જણાવે છે કે, કાર્યકરો અને મોટી સંખ્યામાં સમર્થકોની હાજરીમાં આજરોજ પરસોતમ રૂપાલાજીએ ઉમેદવાર ફોર્મ ભર્યુ છે. રાજકોટની જનતા પર પુરો વિશ્વાસ છે કે પરસોતમ રૂપાલાને જ વિજય બનાવશે. ક્ષત્રિય સમાજના વિવાદ અંગે વધુમાં તેઓએ જણાવ્યું કે, આજે રૂપાલા સાહેબે પોતાના પ્રવચનમાં વિનંતી કરી ક્ષત્રિય સમાજનો સહયોગ માંગ્યો છે. ગાંધીનગર ખાતે વાટાઘાટો ચાલી રહ્યા છે. રસ્તો વાટાઘાટોથી જ નિકળે છે. આ અંગે પણ ચોકકસ નિર્ણય ટુંક સમયમાં આવશે. ક્ષત્રિય સમાજ દેશના હિતને ધ્યાનમાં રાખી યોગ્ય નિર્ણય લેશે.

કોંગ્રેસના નીતિ અંગેના નિવેદન પર વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, આ વખતે કોઈ ઉમેદવારના જાતિ-જ્ઞાતિ મહત્વની નથી. લોકો મોદીને ૩જીવાર વડાપ્રધાન બનાવવા માંગે છે. ૧૦ વર્ષમાં મોદીજીએ આદેશને ઘણો આગળ વધાર્યો છે અને વિકાસ કર્યો છે. આ વાતને ધ્યાને રાખી લોકો કમળને જ મત આપશે.

## ભાજપનું શક્તિ પ્રદર્શનઃ ડ્રોનની નજરે







રાજકોટ લોકસભા બેઠક માટે આજે ઉમેદવારી નોંધાવા જતાં પૂર્વે પરસોતમ રૂપાલાએ યાજ્ઞિક રોડથી બહુમાળી ભવન ચોક સુધી જબરૂ શક્તિ પ્રદર્શન કર્યું હતું. રુપાલાની આ નામાંકન યાત્રાએ રોડ શો જેવું વાતાવરણ સર્જી ગયું હતું અને સમગ્ર યાજ્ઞિક રોડમાં રૂપાલાના સમર્થકોએ કેસરીયુ વાતાવરણ સર્જી દીધું હતું જો કે તેની સાથે આ માર્ગ ઉપર અનેક સ્થળોએ ટ્રાફિકજામના દ્રશ્યો પણ સર્જાયા હતા પરંતુ જેમ જેમ રૂપાલાનો રોડ શો આગળ વધતો ગયો તેમ તેમ ટ્રાફિક પણ ખુલતો ગયો હતો. રાજકોટમાં લાંબા સમય પછી આ પ્રકારના દ્રશ્યો જોવા મળ્યા હતા અને બહુમાળી ભવન ચોક ખાતે પણ ભાજપના હજારો કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતાં.

**(તસ્વીર: દેવેન અમરેલીયા)**

# ભુણાવા પાટિયા પાસે બે કાર વચ્ચે અકસ્માત, શાપરના બે એસ્ટેટ બ્રોકરના કમકમાટીભર્યા મોત

## ક્રેટા કાર ડિવાઈડર કૂદી રોંગ સાઈડમાં જઈ સામેથી આવતી ફોર્ચ્યુનર કાર સાથે અથડાઈ : ક્રેટામાં સવાર ચાલક ૩૦ વર્ષીય હસમુખભાઈ કિયાડા અને ૫૨ વર્ષીય કિરણભાઈ સિદપરાનું મૃત્યુ થતા પરિવારમાં ભારે કલ્પાંત

**મૃતક હસમુખભાઈ અપરણિત હતા તેમને શાપરમાં કાસ્ટિંગનું કારખાનું પણ છે, જ્યારે કિરણભાઈને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે**

**એર બેગ ખુલી જતા ફોર્ચ્યુનર કારમાં સવાર રાજકોટ રહેતા અને ભુણાવા ગામે મહાવીર પેકેજીંગ ઈન્ડસ્ટ્રીઝ કંપની ચલાવતા વણીક અગ્રણી નિલેશભાઈ તુરખીયાનો આબાદ બચાવ**

રાજકોટ, તા.૧૬

રાજકોટ નજીક ગોંડલ હાઈવે પર ભુણાવાના પાટિયા પાસે એક ક્રેટા કાર ડિવાઈડર કૂદી રોંગ સાઈડમાં જઈ સામેથી આવતી ફોર્ચ્યુનર કાર સાથે અથડાતા ગમખ્વાર અકસ્માત થયો હતો. જેમાં એસ્ટેટ બ્રોકર અને કારખાનેદાર બે પાર્ટનરના મોત થયા હતા.

મૃતકોમાં હસમુખભાઈ જગદીશભાઈ કિયાડા (ઉ.વ. ૩૦, રહે. પટેલ સમાજ વાડી પાછળ, શાપર વેરાવળ) અને

કિરણભાઈ ખોડાભાઈ સિદપરા (ઉ.વ. ૫૨, રહે. સરકારી નિશાળ પાસે, શાપર - વેરાવળ)નો સમાવેશ થાય છે. ક્રેટા કાર હસમુખભાઈ ચલાવતા હતા. બંને પાર્ટનર સાંજે ચારેક વાગ્યે શાપરથી ગોંડલ કામ અર્થે જતા હતા ત્યારે આ બનાવ બન્યો હતો. બંને પાર્ટનરમાં જમીન મકાન લે વેચનું કામ કરતા હતા. હસમુખભાઈને શાપરમાં શ્રી ખોડિયાર એન્જિનિયરિંગ નામે કાસ્ટિંગનું કારખાનું પણ છે. ક્રેટા કારનું ટાયર ફાટતા અકસ્માત સર્જાયો હોવાનું મૃતકોના પરિવજનો જણાવી રહ્યા છે. કિરણભાઈ ત્રણ ભાઈ અને બે બહેનમાં નાના હતા. તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. જ્યારે હસમુખભાઈ અપરણિત હતા અને બે ભાઈમાં નાના હતા.બનાવના પગલે ગોંડલ તાલુકા પીએસઆઇ જયદીપસિંહ એમ. ઝાલા તેમની ટીમ સાથે ઘટના સ્થળે અને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયા હતા. બંને મૃતદેહ પીએમ અર્થે ખસેડી જરૂરી કાગળ કાર્યવાહી કરવા અને ફરિયાદ દાખલ કરવા તજવીજ હાથ ધરી હતી.





આ અંગે ક્રેટા કારના ચાલક સામે ગુનો દાખલ થયો છે. ફોર્ચ્યુનર કારના ચાલક ફરિયાદી નિલેશભાઈ હસમુખલાલ તુરખીયા (વણીક) (ઉ.વ. ૪૩)એ ફરિયાદ નોંધાવતા જણાવ્યું કે, હું રાજકોટમાં સવન સાઈન એપાર્ટમેન્ટ-૧૦૨, પહેલા માળે, ૧૫૦ ફૂટ રીંગ રોડ, ઈન્દીરા સર્કલ પાસે રહું છું. મારે ભુણાવા ગામે મહાવીર પેકેજીંગ ઈન્ડસ્ટ્રીઝ કંપની આવેલ છે ત્યા વેપાર ધંધો કરું છું. ગઈકાલ તા.૧૫/૪ના રોજ સવારમાં અગ્યારેક વાગ્યે હું ભુણાવા ગામે આવેલ મહાવીર પેકેજીંગ ઈન્ડસ્ટ્રીઝ કંપનીએ આવેલ હતો અને મારા વેપારી મિત્ર મીલનભાઈ મહેશભાઈ નાગડા (રહે- જામનગર) બપોરના બેએક વાગ્યાની આસપાસ મારી કંપનીએ આવેલા અને અમે બન્ને સાથે જમ્યા હતા. ત્યારબાદ બપોર પછી આશરે ચારેક વાગ્યે હું તથા મારા મિત્ર મીલનભાઈ બન્ને પોત પોતાની ગાડી લઈને મારી મહાવીર પેકેજીંગ ઈન્ડસ્ટ્રીઝ કંપનીએથી રાજકોટ જવા નિકળેલ હતા. જેમાં હું ટોયેટા કંપનીની ફોર્ચ્યુનર કાર જેના નંબર જીજે -૦૩- એમ એચ -૭૮૦૩ છે તે લઈને તથા મારા મિત્ર મીલનભાઈ બ્રેઝા ગાડી લઈને રાજકોટ જવા નિકળેલ હતા. આ વખતે મારી ગાડીમાં હુ એક જ હતો અને ડ્રાઈવીંગ હું જાતે કરતો હતો. આશરે સાડા ચારેક વાગ્યાની આસપાસ ભુણાવાથી રાજકોટ જતા નેશનલ હાઈવે રોડ ઉપર શકિતમાન કંપની પાસે આવેલ પેટ્રોલપંપ પાસે પહોંચતા રાજકોટથી ગોંડલ તરફ જતા રોડ તરફથી એટલે કે રોંગ સાઈડમાંથી ડીવાઈડર ટપીને એક ફોરવ્હીલ ગાડી ફંગોળાતી મારી સાઈડ આવી મારી ફોર્ચ્યુનર કાર સાથે ભટકાઈ જતા જોરદાર અકસ્માત થયો હતો. મારી કારની એરબેગ ખુલી જતા મને કોઈ ઈજા થયેલ નથી. હું ગાડીમાંથી નીચે ઉતરી ગયો. જોયું તો મારી કાર સાથે ભટકાયેલ કાર હુન્ડાઈ કંપનીની ક્રેટા કાર હતી. જે કારના નંબર જીજે -૦૧- એચ ડબ્લ્યુ -૫૮૫૮ હતા. તેમાં બે વ્યક્તિ બેઠા હતા. ક્રેટા કાર ભાંગીને આખી વળી ગઈ હતી.

વધુમાં નિલેશભાઈએ જણાવ્યું કે, આ દરમિયાન આજુબાજુમાં રહેતા લોકો તથા રાહદારીઓ આવી જતા દરવાજા તોડી ખોલીને ક્રેટા કારમાંથી એ બે વ્યક્તિને બહાર કાઢેલ હતા. કારમાં ડ્રાઈવિંગ સીટ પરથી દાઢીવાળા ભાઈને લોહી લુહાણ હાલતમાં બહાર કાઢેલ હતા. આ બંને વ્યક્તિઓ લગભગ સ્થળ પર જ મરણ ગયેલાનું લાગતું હતું. આ દરમિયાન કોઈએ એમ્બ્યુલન્સને જાણ કરતા, એમ્બ્યુલન્સ આવતા આ બે વ્યક્તિને હોસ્પિટલે લઈ ગયા હતા. હું મારી કાર સ્થળ પર મુકીને મારા મિત્ર મીલનભાઈની કારમાં બેસીને મારા ઘરે જતો રહેલ હતો. આ અકસ્માતમાં મને ડાબા હાથની હથેળીમા સામાન્ય છોલાણ થયેલ હતું. તે સીવાય અન્ય કોઈ ઈજા થયેલ નથી. ત્યારબાદ જાણવા મળેલ કે, મારી ગાડી સાથે ક્રેટા ગાડીનું એકસીડન્ટ થયેલ જેમા બે વ્યક્તિઓના મોત થયા છે. જેમાં મૃતકના નામ હસમુખભાઈ જગદીશભાઈ કયાડા તથા કીરણભાઈ ખોડુભાઈ સીદપરા (રહે. બંને શાપર - વેરાવળ) છે. ગોંડલ તાલુકા પોલીસે ક્રેટા કારના ચાલક સામે હાલ ગુનો નોંધ્યો છે. ગમખ્વાર અકસ્માતના પગલે હાઈવે પર ટ્રાફિક જામ થયો હતો.

# ૧૬ વર્ષની સગીરા પર દુષ્કર્મ ગુજારવાના ગુનામાં થોરાળાના આરોપીને આજીવન કેદ

## રાજકોટની સ્પેશ્યલ પોક્સો કોર્ટના જજ જે.ડી. સુથારે ચુકાદો આપ્યો, ૨૩ વર્ષીય આરોપી સાગર મકવાણાએ સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચર્યું હતું

રાજકોટ, તા.૧૬

રાજકોટમાં ૧૬ વર્ષની સગીરા પર દુષ્કર્મ ગુજારવાના ગુનામાં થોરાળાના આરોપીને કોર્ટે આજીવન કેદ સજા ફટકારી છે. રાજકોટની સ્પેશ્યલ પોક્સો કોર્ટના જજ જે.ડી. સુથારે ચુકાદો આપ્યો હતો, ૨૩ વર્ષીય આરોપી સાગર મકવાણાએ સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચર્યું હતું.

તા.૩ -૩ -૨૦૨૧ ના રોજ થોરાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી સગીરાનું અપહરણ કરી લઈ જઈ તેના પર દુષ્કર્મ ગુજારવાના ગુનામાં પોલીસે આરોપી સાગર ભરતભાઈ મકવાણા (ઉ.વ.૨૩) (રહે. થોરાળા, વિજયનગર પાસે રાજકોટ)ની ધરપકડ કરી જેલ હવાલે કરેલ હતો. આરોપી સામે પૂરતો પુરાવો મળી આવતા પોક્સો અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ. ચાર્જશીટ બાદ પોકસો અદાલતમાં કેસ ચાલવા ઉપર આવતા પ્રોસીક્યુશન તરફે ફરિયાદીની તેમજ ભોગબનનારની અને ડોક્ટરની તેમજ તપાસ કરનાર પોલીસ અધિકારીની જુબાની લેવામાં આવેલ. જેમાં ફરિયાદીએ કોર્ટમાં સોગંદ ઉપર ફરિયાદ મુજબની જુબાની આપેલ તેમજ ભોગબનનારે તેના ઉપર થયેલ દુષ્કર્મની હકીકત જણાવેલ. આરોપીને કોર્ટમાં ઓળખી બતાવેલ. ડોક્ટરે ભોગબનનાર અને આરોપીની મેડિકલ તપાસણી કરી સેમ્પલો મેળવેલ અને તે મુજબ જુબાની આપી અને મેડિકલ સર્ટિફિકેટ આપ્યાનું જણાવ્યું હતું.

તપાસ કરનાર પોલીસ અધિકારીએ તેઓએ કરેલ તપાસની સંપૂર્ણ હકીકત સોગંદ ઉપર જણાવેલ ઉપરાંત પ્રોસીક્યુશન તરફથી દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ. જેમાં ફરિયાદ મેડિકલ સર્ટી ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીનો અહેવાલ વગેરે દસ્તાવેજી પુરાવાઓ રજૂ રાખેલ હતા અને તમામ દસ્તાવેજી પુરાવાઓને પ્રોસીક્યુશન દ્વારા સાબિત કરવામાં આવ્યા હતા. સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયાએ દલીલ કરેલ કે, આરોપીનું સિમેન ભોગબનનારના પ્રાઈવેટ પાર્ટ્સમાં મળી આવેલ છે. તેથી આરોપીએ આ ગુનો આચર્યાનું પ્રથમ દ્રષ્ટિએ જણાઈ આવે છે. એવી દલીલ કરવામાં આવેલ કે, ભોગબનનાર સગીર છે અને આરોપી ૨૩ વર્ષનો છે અને આરોપી સામે સમાજ વિરોધી ગુનો છે આવા ગુનાના આરોપી સામે કેસ સાબિત થયેલ હોય જેથી



મુકેશ પીપળીયા સરકારી વકીલ

આરોપીને કાયદામાં જણાવ્યા મુજબની વધુમાં વધુ સજા કરવા વિનંતી કરેલ હતી.

આ કેસમાં પોક્સો અદાલતે સોગંદ ઉપરની જુબાની તેમજ દસ્તાવેજી પુરાવાઓ અને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના અહેવાલને ધ્યાને લઈ તેમજ સરકારી વકીલની દલીલને ધ્યાને લઈ પોક્સો કોર્ટના જજ જે. ડી. સુથારે આરોપી સાગર મકવાણાને આજીવન કેદની સજા ફટકારેલ છે. આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયેલ હતા.

# ટેકસી ચાલકના ખૂન કેસમાં બે આરોપીનો નિર્દોષ છુટકારો

## ૧૪ વર્ષ પહેલા લૂંટ, હત્યા અને બોગસ આરસીબુક બનાવ્યાની ફરિયાદ જસદણ પોલીસ મથકે નોંધાઈ હતી, ટ્રાવેલ્સ એજન્સીના ડ્રાઈવર ચંદુભાઈ ભોજકની હત્યા થઈ હતી

રાજકોટ,તા.૧૬

ચૌદ વર્ષ પહેલા ટેકસી ચાલકનું ખૂન કરી કારની લૂંટ ચલાવી, બોગસ આરસીબુક બનાવવાના ગુનામાં કોર્ટે બે આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવા હુકમ કર્યો છે.કેસની વિગત મુજબ મિલપરામાં ટ્રાવેલ્સ કંપની ચલાવતા ફરિયાદી મહેન્દ્રભાઈ જોષીની હોન્ગસિટી કાર આરોપી સુરજીતસિંગે ભાડે રાખી રાજકોટથી ભાવનગર જવા બુકીંગ કરાવેલ તા. ૨/૫/૨૦૦૮ના રોજ ટ્રાવેલ્સ કંપનીની કાર લઈ ડ્રાઈવર ચંદુભાઈ ભોજક સુરજીતસિંગને પેસેન્જર તરીકે બેસાડી ભાવનગર જવા રવાના થયેલ. રસ્તામાં સોનગઢથી વીરનગર વચ્ચે તીક્ષ્ણ હથિયારથી ચંદુભાઈની હત્યા નિપજાવી, વીરનગર પાસે લાશ ફેંકી આરોપીઓ કાર લઈ ફરાર થઈ ગયા હતાં. ફરિયાદ નોંધાતા જસદણ પોલીસે સુરજીતસિંહ મહેન્દ્રસિંગ (રહે.બિલીમોરા), જગદીશ ઉર્ફે જગો ધીરૂભાઈ પટેલ અને પરેશ ઉર્ફે પી.પી.મગનલાલ સાવલીયા (રહે.સુરત) એમ ત્રણ આરોજાની ધરપકડ કરાઈ હતી. જામીન બાદ સુરજીતસિંગ નાસતો-ફરતો હોય, એ આરોપી સામે કેસ આગલ ચાલ્યો હતો.આ કેસની આરોપી જગદીશ ઉર્ફે જગો પટેલ વતી એડવોકેટ એમ.જે.આચાર્ય રોકાયેલ અને આરોપી પરેશ ઉર્ફે પીપી સાવલીયાના બચાવ માટે લીગલ એઈડ તરફથી સને ૨૦૦૯માં એડવોકેટ શ્રી અશ્વિન જે.પોપટની નિમણુંક કરવામાં આવેલ.આ કેસમાં આરોપીઓ વતી મૌખીક અને લેખીત દલીલ કરવામાં આવેલ કે ફરીયાદ પક્ષ હાલના આરોપીઓ વિરૂદ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નવદેલ હોય, આરોપીઓને નિર્દોષ કરાવી છોડી મુકવા જોઈએ.રાજકોટના પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ આર.ટી.વચ્છાણીએ આરોપી જગદીશ ઉર્ફે જગો પટેલ અને આરોપી પરેશ ઉર્ફે પી.પી. સાવલીયા સામેનાં ગુનાના કામેથી પુરતા અને વિશ્વસનીય પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરેલ છે.આ કેસમાં આરોપી જગદીશવતી એડવોકેટ એમ.જે.આર્ચાય, નિરવ રૂપારેલીયા, કૌશીક સોઢા, મનોજ સોલંકી અને આરોપી પરેશવતી લીગલ એઈડમાં નિમાયેલ એડવોકેટ અશ્વિન જે.પોપટ અને કલ્પેશ એન.વાઘેલા રોકાયેલ હતાં.



એડવોકેટ અશ્વિન પોપટ, એમ.જે.આચાર્ય

# રાજકોટના નાગેશ્વર મંદિરની પાછળ એપાર્ટમેન્ટમાં ૨૨ વર્ષીય હિરેન લશ્કરીનો ફાંસો ખાઈ આપઘાત

## શંખેશ્વર એપાર્ટમેન્ટમાં પોતાનો ફ્લેટ બંધ કરી રૂમમાં અંતિમ પગલું ભરી લીધું: પરિવારજનોએ બારીમાંથી જોયું તો પુત્ર ફાંસો ખાધેલી હાલતમાં લટકતો 'તો: પરિવારમાં અરેરાટી, પોલીસે અપઘાતનું કારણ જાણવા તજવીજ હાથ ધરી

રાજકોટ. તા.૧૬

રાજકોટના નાગેશ્વર મંદિરની પાછળ આવેલ શંખેશ્વર એપાર્ટમેન્ટમાં ૨૨ વર્ષીય હિરેન લશ્કરી નામના યુવાને પોતાનો ફ્લેટ બંધ કરી રૂમમાં અગમ્ય કારણોસર ફાંસો ખાઈ અંતિમ પગલું ભરી જીવનનો અંત આણી દેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવની જાણ થતાં ગાંધીગ્રામ પોલીસ મથકનો સ્ટાફ દોડી આવ્યો હતો અને બનાવનું કારણ જાણવા તજવીજ હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટમાં નાગેશ્વર મંદિરની પાછળ આવેલ શંખેશ્વર એપાર્ટમેન્ટમાં રહેતાં હિરેન જયેશભાઈ લશ્કરી (ઉ.વ.૨૨) નામના યુવાને ગઈકાલે પરિવારજનો બહાર ગયા બાદ રાતના દસ વાગ્યાની આસપાસ પોતાનો ફ્લેટ બંધ કરી રૂમમાં પંખાના હુકમાં દોરી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બાદમાં પરિવારજનો ઘરે આવતાં ફ્લેટ અંદરથી બંધ હતો. જેથી બાજુના ફ્લેટની બાલ્કનીમાંથી બારી ખોલી જોતા પુત્ર લટકેલો જોવા મળતાં પરિવારે આક્રંદ મચાવ્યો હતો. બાદમાં ૧૦૮ ને જાણ કરતાં દોડી આવેલ ૧૦૮ ની ટીમે યુવકને તપાસી મૃત જાહેર કર્યો હતો. બનાવ અંગે જાણ થતાં ગાંધીગ્રામ પોલીસ મથકના પીએસઆઈ એસ.એલ.ગોહિલ અને સ્ટાફ દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમમાં ખસેડી બનાવનું કારણ જાણવા તજવીજ હાથ ધરી હતી.

વધુમાં મળેલ વિગત મુજબ, મૃતકની માતા અને તેના પિતા ૧૨ વર્ષ પહેલાં અલગ થઈ ગયાં બાદ મૃતક તેની માતા સાથે રહેતો બાદમાં તેમની માતાએ ટ્રાન્સપોર્ટના ધંધાર્થી નલિનભાઈ શાહ નામના વ્યક્તિ સાથે લગ્ન કર્યા હતાં. બાદમાં તેઓ તેમની સાથે રહેતાં હતાં. મૃતક હિરેને હાલમાં જ ધ્રોલમાં આવેલ નુરી હાઈસ્કૂલમાં ધો.૧૨ ની પરીક્ષા આપી હતી. તે બે ભાઈમાં મોટો હતો. બનાવથી પરિવારમાં કાળો કલ્પાંત છવાયો હતો.

# અક્ષર માર્ગના કિંમતી ફલેટનો વેચાણ દસ્તાવેજ રદ્દ કરવાનો દાવો ફગાવાયો

રાજકોટ તા.૧૬

અગાઉ રાજકોટના રહેવાસી અને હાલ વડોદરા મુકામે રહેતા દમયંતીબેન મેતાએ રાજકોટનાં અક્ષાણ માર્ગ ઉપર આવેલ પોતાની માલિકીનો અતિ કિંમતી ફલેટ રાજકોટના દિપકભાઈ સાંગાણીને વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ જે દસ્તાવેજ રદ કરવા દમયંતીબેને રાજકોટ સિવિલ કોર્ટમાં દાવો દાખલ કરતા કોર્ટે પ્રાથમિક તબકકે જ તે દાવો રદ કરવાનો હુકમ ફરમાવેલ છે. કેસની વિગત મુજબ દમયંતીબેને રાતરાણી એપાર્ટમેન્ટમાં આવેલ ફલેટ દિપકભાઈને રૂા.૧ કરોડમાં વેચાણ આપી દિપકભાઈ સાંગાણીની તરફેણમાં ગત તા.૪/૨/૨૦૧૩ના રોજ રજી. વેચાણ દસ્તાવેજ કરી આપેલ, પરંતુ દમયંતીબેન વૃધ્ધ ઉમરના હોય ખરીદનાર દિપકભાઈએ દમયંતીબેનને ફલેટમાં રહેવા માટે પરવાનગી આપેલ હતી. જો કે તે પછી દમયંતીબેને તેમના પુત્ર દિનેશભાઈને પાવર ઓફ એટર્ની આપી દાવો દાખલ કરેલ કે, તેણીએ પોતાની અંગત લોન ભરપાઈ કરવા માટે થઈને દિપકભાઈ પાસેથી હાથ ઉછીની રકમ લીધેલ જેની સીકયુરીટી પેટે વેચાણ દસ્તાવેજ કરવામાં આવેલ હતો. પરંતુ તેણીએ કટકે કટકે રૂા.૪૩ લાખ દિપકભાઈને રોકડા જ ચુકવી આપેલ હોવા છતાં તેમજ બાકીની રકમ પોતે ચુકવવા તૈયાર હોવા છતાં દિપકભાઈ ફલેટનો વેચાણ દસ્તાવેજ રદ કરી આપતા નથી. જેથી દિપકભાઈએ દાવો રદ કરવા અરજી કરેલી. સુનવાણી વખતે પ્રતિવાદી તરફે રોકાયેલ એડવોકેટ શ્યામલભાઈ સોનપાલે દાવો રદ કરવા દલીલો કરેલ. બન્ને પક્ષોની દલીલો પૂર્ણ થતા રાજકોટના એડી.સીની. સિવિલ જજે દાવો લીમીટેશન એકટની જોગવાઈઓ મુજબ સમય મર્યાદા બહારનો હોય તેવું ઠરાવી વાદીનો દાવો રદ કરવાનો હુકમ ફરમાવેલ છે. આ દાવામાં પ્રતિવાદી દિપકભાઈ વતી ધારાશાસ્ત્રી શ્યામલભાઈ સોનપાલ, મનોજભાઈ તંતી, નિલેષભાઈ વેકરીયા, મલ્હારભાઈ સોનપાલ તથા લીગલ આસીસ્ટન્ટ તરીકે [illegible] કુ. દિવ્યા [illegible]



શ્યામલભાઈ સોનપાલ એડવોકેટ

# રાજકોટની સિધ્ધાર્થ સોસાયટીમાંથી શાપરનો સોહિલ ઉર્ફે રેહાન પિસ્તોલ અને કાર્ટીસ સાથે ઝડપાયો

રાજકોટ, તા.૧૬

રાજકોટની સિધ્ધાર્થ સોસાયટીમાંથી શાપરના મચ્છીના ધંધાર્થી સોહિલ ઉર્ફે રેહાન નામના શખ્સને પિસ્તોલ અને કાર્ટીસ સાથે ભકિતનગર પોલીસે મોડી રાતે દબોચી સઘન પૂછતાછ હાથ ધરી હતી.પ્રાપ્ત વિગત મુજબ, ભકિતનગર પોલીસ મથકના પીઆઈ એમ.એમ.સરવૈયાની રાહબરીમાં પીએસઆઈ એમ.એન.વસાવા ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે સાથના કોન્સ્ટેબલ અરવિંદભાઈ ફતેપરા, કરણ કોઠીવાલને શાપરનો સોહીલ ઉર્ફે રેહાન ખરેડીયા નામનો શખ્સ હુડકો ચોકડી ચેકપોસ્ટ પાસે સિધ્ધાર્થ સોસાયટી ૮૦ ફુટ રોડ પાસેથી પસાર થવાનો છે અને તેના પેન્ટના નેફામાં ગેરકાયદેસર હથીયાર હોવાની ચોકકસ બાતમીના આધારે સ્ટાફ સિધ્ધાર્થ સોસાયટી ૮૦ ફુટ રોડ પર વોચમાં હતાં ત્યારે ત્યાંથી ચાલીને જતો શખ્સને જોવામાં આવતા તે શખ્સ પોલીસને જોઈ ભાગવાની કોશીષ કરતા સ્ટાફે તેને પકડી તેનું નામ પુછતા સોહીલ ઉર્ફે રેહાન શાહનવાઝ ખરેડીયા (ઉ.વ.૨૪), (રહે શાપર વેરાવળ બુધ્ધનગર કાસુંબમા બેરીંગ ગેટની અંદર) હોવાનું જણાવેલ હતું.પોલીસે શખ્સની તપાસ કરતાં પેન્ટના નેફામાંથી એક લોખંડની બનાવટની પીસ્ટલ તેમજ ખીસ્સામાંથી બે જીવતા કાર્ટીસ મળી આવતા પોલીસે આરોપીની ધરપકડ કરી પીસ્ટલ અને જીવતા કાર્ટીસ નંગ-૨ મળી રૂ.૧૦૨૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આરોપીની પૂછતાછ હાથ ધરી હતી.

## અવસાન નોંધ

**રાજકોટ:** મીનાક્ષીબેન જોટંગીયા (ઉ.વ.૭૦) તે કાંતિલાલ બી.જોટંગીયા (નિવૃત સૌરાષ્ટ્ર યુનિવર્સિટી)ના પત્ની તથા જીજ્ઞેશ, નિમેષ, શીતલબેનના માતા, આર્યનના દાદી, અમરેલીવાળા સ્વ.જગદીશભાઈ તથા જીતુભાઈ (રોયલ)ના મોટાબહેનનું અવસાન તા.૧૫ના રોજ થયેલ છે.બેસણું તા.૧૮ને ગુરૂવારના રોજ સાંજે ૪:૩૦ થી ૬, રામેશ્વર મહાદેવ મંદિરના પ્રાંગણમાં, રામેશ્વર ચોક, સુભાષનગર શેરી નં.૩, આમ્રપાલી પાછળ, રૈયા રોડ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** મૂળ રીબ હાલ રાજકોટ નિવાસી વિનાયકભાઈ રતિલાલ વ્યાસ (ઉં.વ. ૮૨) (રિટા. જમીન વિકાસ બેંક) તે સુમનબેન તથા સ્વ. રતિલાલ મૂળશંકર વ્યાસના પુત્ર, સ્વ. અતુલકુમારના મોટાભાઈ, મૃણાલિનીબેન અતુલકુમાર વ્યાસના જેઠ, સ્વ અરવિંદાબેન અનંતરાય પંડ્યા (ગોંડલ), કોકીલાબેન ગુલાબરાય પંડ્યા (અમેરીકા) અને સ્વ. મંજુલાબેન ઈન્દુકુમાર જોષી (રાજકોટ)ના ભાઈ, રમેશચંદ્ર અમૃતલાલ વ્યાસ (જૂનાગઢ) અને સ્વ. સંજયભાઈ અમૃતલાલ વ્યાસ (બગસરા)ના લઘુબંધુનું તા. ૧૪ના રવિવારે અવસાન થયું છે. બેસણું તા.૧૮ને ગુરુવારે સાંજે ૪:૩૦ થી ૬ વાગ્યા દરમિયાન શ્રી ધારેશ્વર મહાદેવ મંદિર, ભક્તિનગર સર્કલ, રાજકોટ મુકામે રાખવામાં આવેલ છે.

**ગોંડલ :** ગોંડલ નિવાસી (હાલ બેંગલોર) ગુણવતીબેન વિનોદરાય ઉચાટ (ઉ.વ.૭૭) તે ભાવેશભાઈ, દક્ષાબેન મનીષકુમાર કોઠારી, સંગીતાબેન શૈલેષકુમાર પારેખના માતૃશ્રી તેમજ મમતાબેન ભાવેશભાઈના સાસુ તથા પવન - કૃપાલીના દાદી તા.૧૫ ના રોજ બેંગલોર મુકામે અરિહંત શરણ પામેલ છે. તેમનું બેસણું તા. ૧૮ ના સાંજે ૫થી૬ તેમના નિવાસ સ્થાને નાગર શેરી, નાની બજાર ગોંડલ મુકામે રાખેલ છે.

**વેરાવળ:** ભાનુબેન ધરમશીભાઈ ફોફંડી (ઉ.વ.૭૮) તે,જયંતભાઈ દિલીપભાઈ, પંકજભાઈ, અનુસુયાબેનના માતુશ્રી, ડો. પ્રવિણભાઈ આંજણીના સાસુમાનું તા.૧૩ને શનિવારે અવસાન થયું છે. તેમનું ઉઠમણું તા.૨૧ ને રવિવારે બપોરે ૩ વાગ્યે, કામનાથ મંદિર, ખારવાવાડ ખાતે રાખેલ છે.

### એડવોકેટ જે.એફ. રાણાના માતા સ્વરૂપકુંવરબાનું નિધન

**રાજકોટ:** સ્વરૂપકુંવરબા (ઉં.વ.-૯૧) તે સ્વ. ફતેસિંહજી એ. રાણા (નિવૃત્ત ડી.વાય.એસ.પી.)ના પત્ની, જયેન્દ્રસિંહ એફ. રાણા (એડવોકેટ)ના માતા તથા અજયરાજસિંહના દાદીમાનું તા. ૧૫ના રોજ અવસાન થયેલ છે. બેસણું તા.૧૮/૪ ગુરુવારના રોજ સાંજના ૫ થી ૬ વાગ્યા દરમિયાન શ્રી ગંગનાથ મહાદેવ મંદિર, યોગી પાર્ક શેરી નં.૭, રાણી ટાવર પાછળ, ક્રિસ્ટલ મોલ સામે, કાલાવડ રોડ, રાજકોટ મુકામે રાખેલ છે.
















સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્ક્યુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેક્સઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

### આવકવેરા વિભાગનો સુપ્રીમ કોર્ટમાં જબરો ઘટસ્ફોટ

# વિકાસ યોજનામાં રોકવા વિદેશી સંસ્થાઓ NGOને ભંડોળ આપે છે!

**અનેક એનજીઓ 'હાથા' બની પેઈડ-વિરોધ પ્રદર્શન-કરાવી રહ્યાના પુરાવા સાથે માહિતી રજુ કરી**

**પર્યાવરણ સાથે સંકળાયેલા એનજીઓના આવકવેરા રિટર્નના રીએસેસમેન્ટને પડકારતી રીટ પર જવાબ**

નવી દિલ્હી: આવકવેરા વિભાગે સુપ્રીમ કોર્ટમાં એક એક ચોકાવનારા ઘટસ્ફોટમાં જણાવ્યું હતું કે વિદેશી સંસ્થાઓ ભારતમાં કેટલાક સ્વૈચ્છીક સંગઠનો તથા ટ્રસ્ટોને ભંડોળ આપીને તેમના મારફત ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટ સહિત સરકારી પ્રોજેકટ રોકવાના પ્રયાસો કરી રહી છે.

પર્યાવરણ ક્ષેત્રે કામ કરતા મનાતા એક સ્વૈચ્છીક સંગઠન એન્વાર્યનીક ટ્રસ્ટ દ્વારા તેના આવકવેરા રિટર્નના રી-એસેસમેન્ટની આવકવેરા વિભાગની કાર્યવાહીને પડકારતી રીટ સંદર્ભમાં જવાબ રજુ કરતા આવકવેરા વિભાગે આ ધડાકો કર્યો હતો. આઈટી વિભાગે સોગંદનામામાં જણાવ્યું કે આ એનજીઓ સામે ૭ સપ્ટેમ્બર ૨૦૨૨ના સર્વે કરવામાં આવ્યો હતો અને તમામ તપાસ બાદ આ એનજીઓની પ્રવૃતિ તેના હેતુ મુજબની કે વાસ્તવિક નથી એ પણ માહિતી તથા પુરાવા મળ્યા કે વિદેશી સંસ્થાઓ આ પ્રકારના ટ્રસ્ટોને અને બિનસરકારી સંગઠનોનો ભંડોળ પુરુ પાડીને તેનો ઉપયોગ વિવિધ સરકારી યોજનાઓના જે દેશહિતની હોય છે અને લોકોની સુવિધા માટે મહત્વની હોય છે તેને



રોકવા માટે આ સંસ્થાઓનો ઉપયોગ કરે છે. તેઓ આ યોજનાઓનો વિરોધ કરવા નાણા આપીને આંદોલનકારીઓને રોકે છે. કાનૂની વિધાનો સર્જે છે અને તે રીતે દેશહિત વિરુદ્ધ કામગીરી કરે છે. આ સંસ્થાને જે ૯૦ ભંડોળ ઉપલબ્ધ બન્યુ છે તેના ૯૦% વિદેશી ડોનેશન છે.

આવકવેરાના સોગંદનામામાં જણાવ્યું કે દેશની વિકાસ યોજનાઓને રોકવા માટે વિદેશી સંસ્થાઓ દ્વારા એક આયોજનબદ્ધ રીતે કામ કરવામાં આવે છે. જો કે આ સંસ્થાને નોટીસ આપવામાં તે ફેકટરને ધ્યાનમાં લેવાયુ નથી. પરંતુ પણ જયારે ટ્રસ્ટ મારફત કલમ ૨૨૬ હેઠળ આ રી-એસેસમેન્ટને પડકાર ફેકાયો છે તો તે સંદર્ભ હાઈકોર્ટ સમક્ષ આ માહિતી આપવી જરૂરી છે.

આ ટ્રસ્ટે ૨૦૧૬/૧૭માં રૂા.૧૪.૨૭ કરોડ મેળવ્યા હતા. તેમાં રૂા.૧૩.૬૬ કરોડ વિદેશી ભંડોળ હતું. આ ટ્રસ્ટે ઓડિસામાં એક વિકાસ યોજનાને રોકવા પૈસા આપીને વિરોધ પ્રદર્શન કરાવ્યા હતા. તેઓએ દેખાવકારોને બેન્ક મારફત દરેકને રૂા.૧૨૫૦ ટ્રાન્સફર કર્યા હતા જે રાહત પેકેજના નામે અપાયા હતા. તેઓ આ રીતે વિદેશી ભંડોળનો ઉપયોગ દેશની યોજનાઓને રોકવા માટે કરે છે.

---

### હાલ દેશમાં ચૂંટણી આચારસંહિતા અમલમાં છે ત્યારે...

## ૨૨મીએ યોજાનાર પદ્મ પુરસ્કાર સમારોહને ચૂંટણી આચારસંહિતાનું ગ્રહણ લાગશે?

**રાષ્ટ્રપતિ ભવનમાં યોજાનાર સમારોહમાં પીએમ મોદી અને કેબીનેટના સભ્યો પાગ હાજર રહેશે**

નવી દિલ્હી તા.૧૬

આ વર્ષના પ્રજાસતાક દિન પર્વની પુર્વ સંધ્યાએ પદ્મ પુરસ્કારોની જાહેરાત કરાઈ હતી. પદ્મ પુરસ્કારોના વિતરણને લઈને રાષ્ટ્રપતિ ભવનમાં દર એપ્રિલે સમારોહ આયોજીત થનાર છે. રિપોર્ટ અનુસાર હાલ લોકસભા ચુંટણીને લઈને આદર્શ આચારસંહિતા લાગુ કરવાના કારણે દેશના ચુંટણી પંચને આ સમારોહની સૂચના આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે આગામી લોકસભાની ચુંટણીને ૧૯મી એપ્રિલે પહેલા ચરણનું મતદાન થનાર છે.



રિપોર્ટ મુજબ વડાપ્રધાન મોદી અને અન્ય કેબીનેટ સભ્યો દિવસભર ચાલનારા આ કાર્યક્રમમાં સામેલ થઈ શકે છે.

અધિકારીઓએ જાણાવ્યું હતું કે પદ્મ પુરસ્કાર વિજેતાઓને આગામી સપ્તાહે યોજાનાર આ કાર્યક્રમની જાણ કરવામાં આવી છે. આદર્શ આચાર સંહિતાઓને ધ્યાનમાં લઈને અધિકારીઓએ જાણાવ્યું હતું કે પુરસ્કાર અગાઉથી જ ઘોષિત થઈ ગયા છે એટલે કોઈ નિયમનો ભંગ થતો નથી. જો કે આ વર્ષે આમ ચૂંટાણીઓના કારણે કાર્યક્રમમાં મોડું થયું છે.

આ વખતે પદ્મ પુરસ્કાર જીતનારાઓમાં કુલ ૧૩૨ જાણીતી હસ્તીઓ સામેલ છે.

---

## મસ્કનો યુઝર્સને વધુ એક ઝટકો: પોસ્ટ, લાઈક, રિપ્લાય માટે પૈસા આપવા પડશે

**ફેક એકાઉન્ટને રોકવા માટે આ સેવાઓ પેઈડ બનાવવી પડી હોવાનો એલનનો બચાવ**

ન્યુયોર્ક (અમેરિકા) તા.૧૬

એલન મસ્કે યુઝર્સને વધુ એક ઝટકો આપ્યો છે, તેની સોશિયલ મીડીયા સાઈટ એકસ પરથી પોસ્ટ, લાઈક કે રિપ્લાઈ કરવા માટે યુઝર્સે પૈસા ભરવા પડશે. આ મામલે મસ્કે એવો બચાવ કર્યો છે કે ફી લગાવવાથી બોટ અને ફેક એકાઉન્ટસથી થતી પોસ્ટમાં ઘટાડો થયો. કારણ કે હાલમાં કોઈપણ વ્યક્તિ નવું એકાઉન્ટ બનાવીને કોઈપણના પક્ષમાં પોસ્ટ કરી રહી છે. એલન મસ્કે કહ્યું હતું કે બોટ (ફેક એકાઉન્ટ)ને રોકવાનો હાલ આ એકમાત્ર તરીકો છે. ઉલ્લેખનીય છે કે એલન મસ્ક જ્યારથી એકસ (પૂર્વ ટવીટર)ના માલિક બન્યા છે ત્યારથી તેમનું પુરું ધ્યાન પૈસા કમાવવા પર છે. પહેલા મસ્કે એકસની પેઈડ સર્વિસીઝ લોન્ચ કરી પછી બ્લુટિકને ચાર્જ આધારિત બનાવ્યું. પહેલા બ્લુટિક મફત મળતી હતી. તેના માટે કેટલીક શરતો હતી.

હવે મસ્કે નવો પ્લાનીંગ કર્યો છે જે મુજબ એકસ પર આવનારા નવા યુઝર્સે પોસ્ટ કરવા માટે કે લાઈક કે રિપ્લાય કરવા માટે પૈસા ભરવા પડશે, ફીમાં માત્ર કોઈ એકાઉન્ટને ફોલો કરી શકાશે.

---

## હવે અમેરિકાએ પણ કબુલ્યુ-ભારતીય સેના થઈ રહી છે તાકતવર, ચીનને પણ પછાડી શકે

**અમેરિકી રક્ષા મંત્રાલયના ટોપ ગુપ્તચર અધિકારીએ સંસદમાં જાણ કરી: ભારતની રશિયાના ઉપકરાણો પર નિર્ભરતા પાણ ઘટી**

નવીદિલ્હી તા.૧૬

હવે અમેરિકાએ પણ કબુલ્યુ છે કે ભારતની સેના સતત તાકતવર થઈ રહી છે, અમેરિકી રક્ષા મંત્રાલયના ટોપ ગુપ્તચર અધિકારીએ સંસદને જાણાવ્યું હતું કે ભારતીય સેના ચીનને પછાડવા અને રશિયન ઉપકરણો પર નિર્ભરતા ઘટાડવા સતત સ્વનિર્ભર અને તાકાતવર બની રહી છે.



ગુપ્તચર અધિકારીએ સંસદને જાણાવ્યું હતું કે પીએમ મોદીની આગેવાનીમાં ભારત વિશ્વમાં સતત પોતાનો દબદબો બનાવી રહ્યું છે. અમેરિકામાં રક્ષા ગુપ્તચર એજન્સીના ડાયરેકટર લેફટીનેન્ટ જનરલ જેફટી ક્રૂસ ચીનનો મુકાબલો કરવાને લઈને સંસદમાં ચાલી રહેલી બેઠકમાં બોલતા હતા. ક્રૂસે જાણાવ્યું હતું કે ૨૦૨૩માં ભારતે ચીન સાથે સ્પર્ધા કરવા અને રશિયન ઉપકરણો પર પોતાની નિંભરતા ઓછી કરવા માટે પોતાની સેનાને આધુનિક બનાવવા માટે અનેક પગલા ઉઠાવાયા છે. ભારતે સ્વદેશી વિમાનવાહક યુધ્ધ જહાજનું સમુદ્રી પરીક્ષર કર્યુ હતું અને મુખ્ય રક્ષા ટેકનોલોજીના હસ્તાંતરાણ પર અનેક પશ્ચિમી દેશો સાથે વાતચીત કરી છે.

---

### આયુર્વેદની લીટી લાંબી કરવામાં એલોપથીની લીટી ભૂંસવી યોગગુરૂને ભારે પડી

## બાબા રામદેવ અને બાલકૃષ્ણને જાહેરમાં માફી માગવા સુપ્રીમનો આદેશ

**આપ સારૂં કામ કરો છો પણ એલોપથીને નીચી ન દેખાડી શકો: સુપ્રીમ કોર્ટ: પતંજલિની ભ્રામક વિજ્ઞાપન મામલે આગામી સુનાવણી ૨૩ એપ્રિલે**

નવીદિલ્હી તા.૧૬

પોતાની પતંજલિ કંપનીની આયુર્વેદિકની ભ્રામક વિજ્ઞાપન અને એલોપથીને ઉતારી પાડવાના કેસમાં યોગગુરૂ બાબા રામદેવ અને તેમના સહયોગી બાલકૃષ્ણે સુપ્રીમ કોર્ટ સામે 'શીર્ષાસન' કરવું પડયું છે. મતલબ કે સુપ્રીમ કોર્ટમાં તો માફી માગી છે હવે સુપ્રીમ કોર્ટે તેમને જાહેરમાં માફી એક વીકમાં માગવાનો આદેશ કર્યો છે.

સુનાવણી દરમિયાન બાબા રામદેવ અને તેમના સહયોગી બાલકૃષ્ણ બન્ને હાજર હતા અને તેમાણે વ્યકિતગત રીતે સુપ્રીમ કોર્ટમાં બિનશરતી માફી માગી લીધી છે.



ન્યાયમૂર્તિ હિમા કોહલી અને ન્યાયમૂર્તિ અહસાનુદ્દીન અમાનુલ્લાહની પીઠે તેમની માફીની નોંધ લીધી હતી, સાથે સાથે એક પણ સ્પષ્ટ કર્યુ હતું કે આ સ્તરે અમે રાહત આપવાનો નિર્ણય નથી કર્યો. જોકે ન્યાયમૂર્તિઓની બેન્ચે બાલકૃષ્ણ સાથે વાતચીત કરતા કહ્યું હતું કે આપ સારૂ કામ કરી રહ્યા છો પણ આ એલોપથીને નીચા ન દેખાડી શકો.

પીઠને રામદેવે જાણાવ્યું હતું કે તેમનો કોઈપણ રીતે અદાલતનો અનાદર કરવાનો ઈરાદો નહોતો. જોકે પીઠે બાલકૃષ્ણને જણાવ્યું હતું કે તેઓ (પતંજલિ) એટલા નિર્દોષ પણ નથી કે તેમને ખબર જ ન હોય કે સુપ્રીમ કોર્ટે આ મામલામાં અગાઉના આદેશોમાં શું કહ્યું હતું.

પતંજલિના ભ્રામક વિજ્ઞાપન મામલાના કેસમાં હવે આગામી સુનાવણી ૨૩મી એપ્રિલે થશે આ દિવસે બાબા રામદેવ અને પતંજલિના એમડી આચાર્ય બાલકૃષ્ણને કોર્ટમાં હાજર રહેવાનો કોર્ટે હુકમ કર્યો છે. ઉલ્લેખનીય છે કે આ પહેલા આ કેસમાં વકીલ મુકુલ રોહતગીએ કોર્ટને કહ્યું હતું કે રામદેવ જાહેરમાં આ મામલે માફી માગવા માગે છે.

બાબા રામદેવ અને પતંજલિનું પ્રતિનિધિત્વ કરતા વકીલે મુકુલ રોહતાંગીએ એ પણ કોર્ટમાં આશ્વાસન આપ્યું હતું કે હવે પછી કયારેય કોઈપણ કાયદાનું ઉલ્લંઘન કરવામાં નહીં આવે. ખાસ કરીને તેમના ઉત્પાદનોના વિજ્ઞાપન કે બ્રાન્ડીંગ સંબંધિત વિજ્ઞાપનોમાં.

---

## રાજયસભાના સભ્ય સંજય સિંહના કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો: અરવિંદ કેજરીવાલ સાથે જેલમાં આતંકવાદી જેવો વ્યવહાર

નવી દિલ્હી. તા ૧૬

એકસાઈઝ પોલિસી કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડને લઈને આમ આદમી પાર્ટી (AAP)ના નેતા અને રાજ્યસભાના સભ્ય સંજય સિંહે કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે ત્રણ વખત ચૂંટાયેલા મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સાથે જેલમાં આતંકવાદી જેવો વ્યવહાર કરવામાં આવી રહ્યો છે.ગઈકાલે સોમવારે જેલમાં કેજરીવાલને મળવા ગયેલા પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન સાથે યોગ્ય વ્યવહાર કરવામાં આવ્યો નથી. કાચની દીવાલ વચ્ચે જેલમાં મળવાનું થયું, તે ખૂબ જ અપમાનજનક કૃત્ય હતું. કેન્દ્ર દ્વારા આ દૂષિત પ્રતિશોધાત્મક કાર્યવાહી છે. સીસીટીવી કેમેરા દ્વારા કેજરીવાલ પર



૨૪ કલાક નજર રાખવામાં આવી રહી છે.સંજય સિંહે જણાવ્યું કે આ બધી બાબતો થી અરવિંદ કેજરીવાલ તૂટવાના નથી. કેજરીવાલ મોદીજીની આ તાનાશાહીથી ડરતા નથી.વડાપ્રધાને દેશની જનતાને નિરાશ કરી છે. તેઓ ભારતના સૌથી મોટા કૌભાંડ પર બોલ્યા નથી જેમાં ચૂંટણી બોન્ડ દ્વારા આઠ હજાર કરોડથી વધુનું કૌભાંડ કરવામાં આવ્યું છે.

આ એક મોટું કૌભાંડ છે. સુપ્રીમ કોર્ટે આના પર કાર્યવાહી કરી છે અને એક મેગા કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. ભાજપ દેશની અત્યાર સુધીની સૌથી ભ્રષ્ટ પાર્ટી છે. ભાજપ જૂઠું બોલવામાં નિપુણતા ધરાવે છે. ભાજપે દારૂના વેપારી શારથ ચંદ રેડ્ડી પાસેથી ૬૦ કરોડ રૂપિયાની લાંચ લીધી હોવાનું સ્પષ્ટ થયું છે. આ એ જ રેડ્ડી છે જેમને ઈડી એ કથિત દિલ્હી એકસાઈઝ કૌભાંડમાં મુખ્ય આરોપી તરીકે નામ આપ્યું હતું.

---

## મહારાષ્ટ્રના સતારાથી છત્રપતિ શિવાજી મહારાજના વંશજને ભાજપે ટીકીટ આપી

**છત્રપતિ ઉદયરાજે ભોંસલે શિવાજી મહારાજના ૧૩માં વંશજ, ત્રણ વખત લોકસભા ચૂંટણી એનસીપી મથી જીત્યા**

મુંબઈ : આજે ભાજપે લોકસભા ચૂંટણી માટે ૧૨મી યાદી જાહેર કરી જેમાં મહારાષ્ટ્રની એક, પંજાબની ત્રણ, ઉત્તર પ્રદેશ ની બે અને પશ્ચિમ બંગાળની એક બેઠક પર ઉમેદવાર જાહેર કર્યા. ભાજપે મહારાષ્ટ્રના સતારા પર છત્રપતિ ઉદયરાજ ભોંસલેને ટીકીટ આપી છે. ઉદયરાજ ભોંસલે મરાઠા રાજા અને મહાન લડવૈયા



છત્રપતિ શિવાજી મહારાજના ૧૩માં વંશજ છે. તેઓ આ પેહલા સતારા પર થી ત્રણ વખત એનસીપી પક્ષમાંથી લોકસભા ચૂંટણી લડ્યા અને જીત્યા હતા. હાલ તેઓ રાજ્યસભાના સાંસદ છે અને હવે એનસીપીના શશીકાંત શિંદે સામે ચૂંટણી લડશે.

---

### તપાસ એજન્સીઓ દ્વારા દિવસભરની પુછપરછ બાદ મોડીરાત્રે કરાતી ધરપકડ પર બ્રેક લાગવાની શકયતા

## દરેક વ્યક્તિને ઉંઘનો પણ અધિકાર: મોડીરાતના નિવેદન સામે EDને ફટકાર

**બંધારણની કલમ ૨૧નો વ્યાપક અર્થઘટન કરતી હાઈકોર્ટ: મોડીરાત્રે પુછપરછ અને નિવેદનથી વ્યક્તિની વિચારશક્તિને પણ અસર થઈ શકે છે**



**બંધારણે બક્ષેલા મૂળભૂત અધિકારોમાં દરેકને પુરતી ઉંઘ અને સ્વાસ્થ્યની જાળવણીનો પણ હકક છે: તપાસ એજન્સીને કાયદો દેખાડતી હાઈકોર્ટ**

મુંબઈ તા.૧૬

દેશમાં મનીલોન્ડ્રીંગ સહિતના કેસોમાં કેન્દ્રીય એજન્સીઓ ગમે તે સમયે લોકોના દ્વાર ખટખટાવે છે અને લાંબા સમય સુધી પુછપરછ કરે છે તે સમયે મુંબઈ હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ ચૂકાદામાં એન્ફોર્સમેન્ટ વિભાગને આ પ્રકારના સર્ચ અને પુછપરછમાં સમય નિશ્ચિત કરવા આદેશ આપતા કહ્યું કે જે વ્યક્તિની પુછપરછ કરવાની હોય તેની ઉંઘ સહિતની કુદરતી પ્રક્રિયાને વિધ્ન ન પડે તે રીતે પુછપરછ કરવાની રહેશે. હાઈકોર્ટે આ માટે બંધારણની કલમ ૨૧માં દરેક વ્યક્તિને જે પ્રાથમીક અધિકાર અપાયા છે તેનો ઉલ્લેખ કરતા જણાવ્યું છે કે કોઈપણ વ્યક્તિને ઉંઘનો કે ઝોકુ ખાઈ લેવાનો પણ અધિકાર છે. એક વ્યક્તિને મનીલોન્ડ્રીંગ એકટ હેઠળ સમન્સ પાઠવ્યુ છે અને તે હજુ આરોપી પણ જાહેર થયો ન હતો તે સમયે તેની લાંબી પુછપરછ અને આરામ લેવાનો પણ સમય ન અપાતો હોવાની હાઈકોર્ટ સમક્ષ થયેલી રજુઆત બાદ ડિવીઝન બેચના ન્યાયમૂર્તિ મંજુશા દેશપાંડેની ખંડપીઠે જણાવ્યું હતું કે ઉંઘવા દેવાનો ઈન્કાર તે વ્યક્તિના આરોગ્ય પર અસર કરી શકે છે અને તેની માનસીક સ્થિતિ પર પણ અસર કરે છે અને તેથી કોઈપણ વ્યક્તિના નિવેદન યોગ્ય સમયે જ લેવાવા જોઈએ. રાત્રીના સમયે નિવેદન લેવાથી તે વ્યક્તિ માનસિક રીતે થાકી ગયો હોય કે તેને ઉંઘની જરૂર હોય તે સમયે તેને નિવેદન આપવામાં પણ તકલીફ પડતી હોય છે અને તે તેની વિરુદ્ધ પણ જઈ શકે છે. હાઈકોર્ટનો આ ચૂકાદો દુરગામી અસર કરે તેવી શકયતા છે જે રીતે ઈડી સહિતની કેન્દ્રીય એજન્સીઓ વ્યક્તિને પુછપરછ માટે બોલાવીને મોડીરાત સુધી પુછપરછ કરી અને મધરાતે ધરપકડ કરે છે તે સામે હવે રક્ષણ મળી શકશે. આ કેસમાં સમન્સ મેળવનાર વ્યક્તિના ધારાશાસ્ત્રીએ કહ્યું હતું કે ઈડીના રાત્રીના ૧૦થી વ્હેલી સવારે ૩.૩૦ સુધી પુછપરછ અને નિવેદન લીધુ હતું. જે વ્યક્તિ ૬૪ વર્ષના છે અને તેને પોતાની આરોગ્યની પણ સમસ્યા છે. ઈડીએ તેના નિવેદન માટે બીજે દિવસે પણ બોલાવી શકતી હતી. પુરો દિવસ પુછપરછ માટે રાહ જોવડાવ્યા બાદ મોડીરાત્રે તેને પુછપરછ શરુ કરવામાં આવી અને ઉંઘનો પણ ઈન્કાર કરાયો હતો. જેના પછી અદાલતે કહ્યું કે જે તે વ્યક્તિ સ્વૈચ્છીક રીતે જો નિવેદન આપવા માંગે તો અલગ બાબત છે પરંતુ મોડીરાત્રે કે તેવા સમયે નિવેદન લેવુ એ જે તે વ્યક્તિના મૂળભૂત અધિકારનો ભંગ છે.

---



## બ્રિટનમાં ડીલિવરી ડ્રાઈવરની હત્યા કરનાર ૪ ભારતીયોને જન્મટીપ

લંડન બ્રિટનમાં ડિલિવરી ડ્રાઈવરની હત્યાનાં મામલે કોર્ટે ભારતીયમૂળનાં ૪ લોકોને દોષિત ઠેરવ્યા છે. કોર્ટે સુનાવણી દરમિયાન હત્યામાં સામેલ લોકોને જેલભેગા કરવાનો આદેશ આપી દીધો છે. ગત વર્ષે ઓગસ્ટ મહિનામાં વેસ્ટ મર્સિયા પોલીસને વેસ્ટ ઈંગ્લેન્ડનાં શ્રુસ્બરીમાં એક હુમલાની સૂચના મળી હતી. આમાં ઓરમેન નામનાં એક ચાલકનું મૃત્યુ થઈ ગયું હતું. જે અંગે ૪ લોકો સામે કડક પગલા ભરાઈ તેમની ધરપકડ કરાઈ હતી.

સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું કે ૪ દોષિતોએ કુલ્હાડી, હોકી સ્ટિક અને પાવડા વડે ડિલિવરી ડ્રાઈવરને મોતને ઘાટ ઉતારી દીધો હતો. તેવામાં મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે આ ચારેય લોકોને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. આ તમામને ઓછામાં ઓછી ૨૮ વર્ષ સુધીની જેલની સજા મળી છે. આના સિવાય ઓરમેનની જાણકારી કાઢનાર અન્ય એક આરોપીને હત્યામાં સામેલ થવાનો દોષિત ઠેરવાયો છે. જેને ૧૦ વર્ષની સજા ફટકારાઈ છે.

પરિવારે કહ્યું કે આવું કોઈ જોડે ન થાયસ્ટેફોર્ડ ક્રાઉન કોર્ટમાં આ મામલે સુનાવણી કરવામાં આવી હતી. કોર્ટના નિર્ણય પછી મૃતકના પરિવારજનો હતુ આઘાતમાં જ હતા. તેમણે કહ્યું કે અમારા પર જે વીતિ રહી છે અને મારુ જે દર્દ છે એને હું શબ્દોમાં વર્ણવી શકું તેમ નથી. અમે નથી ઈચ્છતા કે જેવું અમારા જોડે થયું એવું બીજા કોઈપણ વ્યક્તિ કે પરિવાર સાથે થાય. આ એક આઘાતજનક ઘટના હતી.

---

## પોલિટિકલ પાર્ટીનો પ્રચાર કરતો આમિરખાનનો ડીપફેક વિડીયો વાયરલ: એકટરની ટીમે ફરિયાદ નોંધાવી

**આમિરખાને કયારેય કોઈ પોલિટિકલ પાર્ટીનો પ્રચાર નથી કર્યો: ટીમ: એકટરે ભારતીયોને મતદાન કરવાની અપીલ કરી**

મુંબઈ તા.૧૬

હાલ ડીપફેક વિડીયોના જમાનામાં કોઈ સ્ટાર કોઈ પોલિટિકલ પાર્ટીમાં પ્રચાર કરતો જોવા મળે તો એવુ ન માની લેતા કે ખરેખર એ સ્ટાર જ પબ્લીસીટી કરે છે, આવો એક કિસ્સો આમીરખાનનો બહાર આવ્યો છે. હાલમાં એક ડીપફેક વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે, જેમાં બોલીવુડના સુપર સ્ટાર આમીરખાન કોઈ પાર્ટીકયુલર પોલીટીકલ પાર્ટીનો ચુંટણી પ્રચાર કરતા જોવા મળે છે. આ મામલે આમીરખાનની ટીમે સ્પષ્ટતા કરવી પડી છે કે આમીરે ૩૫ વર્ષની કારકિર્દીમાં કયારેય કોઈ પોલિટિકલ પાર્ટીનો પ્રચાર નથી કર્યો,



અગાઉ તેણે વર્ષો સુધી ચુંટણી પંચ માટે મતદાન જાગૃતિ માટે લોક જાગૃતિનો પ્રચાર કરેલો છે, પણ કોઈ પોલીટીકલ પાર્ટીનો પ્રચાર નથી કર્યો, ડીપફેક વિડીયો મામલે આમીરની ટીમે મુંબઈ પોલીસની સાઈબર ક્રાઈમ સેલમાં એફઆઈઆર દાખલ કરાવી છે. બીજી બાજુ આમીરખાને બધા ભારતીયોને મતદાન કરવા માટે અપીલ કરી છે.

ઉલ્લેખનીય છે કે હાલ આમીરખાન તેની આગામી ફિલ્મો 'સિતારે જમીં પર' અને રાજકુમાર સંતોષીની ફિલ્મ 'લાહોર ૧૯૪૭'માં બીઝી છે.

---

### યુપીએસસીનું પરિણામ જાહેર: વેબસાઈટ પર મુકાયુ

કેન્દ્રમાં આઈએએસ અને આઈપીએસ સહિતની પરીક્ષાઓ માટે લેવાતી યુપીએસસી સીવીલ સેવાનું પરિણામ જાહેર થઈ ગયું છે અને કુલ ૧૦૧૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા પાસ કરી છે જેનું પરિણામ યુપીએસસીની વેબસાઈટ પર મુકવામાં આવ્યું છે. આ પરીક્ષામાં આદીત્ય શ્રીવાસ્તવે ટોપ કર્યુ છે અને ૧૫ દિવસની અંદર જ પરિણામના માર્કસ જાહેર કરી દેવામાં આવશે.

---

### હેમામાલિનીનો જુનો વિડીયો શેર કરી...

## કંગનાએ કહ્યું- હેમાજી આજે પણ સતત ૩-૪ કલાક ડાન્સ કરી શકે છે

**જે લોકો ડાન્સ, મ્યુઝીક અને કલાને મજાક સમજે છે તે નીચ માનસિકતાવાળા એક્ટ્રેસ**

મુંબઈ: એક્ટ્રેસ કંગના રનૌત તેના બેધડક અંદાજને લઈને હંમેશા ચર્ચામાં રહે છે. હાલ તે હિમાચલના મંડી લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર તરીકે ચુંટણી લડી રહી છે. હવે તેણે ડ્રીમગર્લ હેમામાલિનીની પ્રશંસા કરી છે. એક્ટ્રેસે સોશ્યલ મીડિયા પર હેમામાલિનીનો એક જૂનો વિડીયો શેર કર્યો છે, જેમાં તે કલાસિકલ ડાન્સ કરતી જોવા મળે છે. કંગનાએ હેમાનો કંગનાએ આ વિડીયો શેર કરીને લખ્યું છે- ૨૦ વર્ષની હેમાજી સ્ટેજ પર પર્ફોર્મન્સ આપી રહી છે. હેમાજી હાલ પણ સ્ટેજ પર સતત ૩-૪ કલાક લાંબુ પર્ફોર્મન્સ આપી શકે છે.

કંગનાએ આગળ લખ્યું- જે લોકો ડાન્સ, મ્યુઝીક અને કલાને મઝાક બનાવે છે તે નીચ અને સંકુચીત માનસીકતાવાળા લોકો હોય છે. દેવલોકમાં અર્જુને પણ સંગીત અને કળાનું શિક્ષણ મેળવ્યું હતું. ભગવાન શિવે યોગની સાથે આ કળાઓ મનુષ્યને આપી છે. તેમણે માણસોને આવી કલાઓ દીધી છે એટલે નટરાજના નામથી ઓળખાય છે. કેટલાક સમય પહેલા



કંગનાએ હેમામાલિનીનું સમર્થન કર્યું હતું.

# મીચીસ રેસ્ટોરન્ટ, બીએનએસ ફૂડ એન્ડ હોસ્પીટાલીટી બિન હરિફ ફાસ્ટ ફૂડ સહિત ખાણીપીણીના સાત ધંધાર્થીઓને ત્યાં ફૂડ શાખાના દરોડા

## મીચીસ રેસ્ટોરન્ટમાંથી સાત કિલો અખાદ્ય નુડલ્સ-પાસ્તા, રાયસ અને બાફેલા સલાડનો નાશ કરાયોઃ બીએનએસ હોસ્પીટાલીટીમાંથી સાત કિલો ચીઝ ડીપ મન્યુરીયન-ચીલી સોસનો નાશ કરાયોઃ સંજય ખમણ હાઉસમાંથી ૬ કિલો લીલી ચટણી, બિન હરિફ ફાસ્ડ ફૂડમાંથી ૪ કિલો ડેરી પ્રોડક્ટ, રાજમંત્ર કોલ્ડ્રીંક્સમાંથી ૩ કિલો પ્રોઝન ફુટ અને નવરંગ ડેરીમાંથી એક કિલો પડતર મીઠાઇનો નાશ કરવામાં આવ્યો

રાજકોટ, તા.૧૬

રાજકોટ શહેરમાં હાલમાં ડબલ સીઝનના કારણે શરદી-ઉધરસ અને ઝાડા-ઉલ્ટી સહિતનો રોગચાળો પ્રસર્યો છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકાની ફૂડ શાખાએ રાજકોટ શહેરના જુદા-જુદા વિસ્તારોમાં આવેલ ફાસ્ટ ફૂડ પાર્લર અને રેસ્ટોરન્ટોમાં ચકાસણીની કામગીરી હાથ ધરી હતી અને રાજકોટ શહેરના યુનિ. રોડ, મવડી રોડ, રૈયા રોડ, યાજ્ઞિક રોડ, મેહુલનગર તથા ઈન્દીરા સર્કલ પાસે આવેલા જુદા જુદા રેસ્ટોરન્ટ અને ફાસ્ટ ફૂડ પાર્લરોમાં ચેકીંગની કામગીરી હાથ ધરી યથાવત અખાદ્ય સામગ્રીનો નાસ કરી સંબંધીત હોટલ અને ફાસ્ટ ફૂડ પાર્લરના સંચાલકોને હાઇઝેનીક કન્ડીશન જાળવવા નોટીસો ફટકારવામાં આવી હતી.

આ અંગેની મહાનગર પાલિકાની ફૂડ શાખામાંથી વધુ વિગતો મુજબ ફૂડ શાખા દ્વારા સૌરાષ્ટ્ર યુનિ. રોડ અને ઈન્દીરા સર્કલ પાસે આવેલ મિચીસ રેસ્ટોરન્ડ એન્ડ ફાસ્ટ ફૂડમાં ચકાસણી હાથ ધરેલ હતી. ચકાસણી દરમ્યાન નુડલ્સ-પાસ્તા, રાયસ, બાફેલા સલાડ સહિત કુલ સાત કિલો અખાદ્ય જથ્થાનો નાસ કરવામાં આવ્યો હતો અને આ રેસ્ટોરન્ટને હાઈજેનીક કંડીશન જાળવવા તથા લાયસન્સ બાબતે નોટીસ આપવામાં આવી હતી.

આ ઉપરાંત સર્વેલન્સ ચેકીંગ દરમ્યાન સૌરાષ્ટ્ર યુનિ. રોડ પર આવેલ બી.એન.એસ. ફૂડ એન્ડ હોસ્પીટાલીટી સેફ ફેટ્સોમાં ફ્રીઝનું ચેકીંગ કરવામાં આવેલ હતું. આ ચેકીંગ દરમ્યાન એકસપાઈરી ડેઈટનું ચીઝ ડીપ, મન્ચુરીયન તથા ચીલી સોસ વાસી અખાદ્ય જણાતા કુલ સાત કિલો જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. તેમજ સંજય ખમણ હાઉસ નવલનગર-૨, મવડી મેઈન રોડની









તપાસ દરમ્યાન ૬ કિલો જેટલી અખાદ્ય લીલી ચટણીનો નાશ કરાયો હતો. જ્યારે સદ્ગુરુ તીર્થધામ પાસે રૈયા રોડ પર આવેલ બીનહરિફ ફાસ્ટ ફૂડમાં પ્રિપેર્ડ ફૂડ તથા ડેરી પ્રોડ્કશનો ૪ કિલો જેટલો અખાદ્ય જથ્થો નાશ કરાયો હતો.

આ ઉપરાંત ડો. યાજ્ઞિક રોડ, રામકૃષ્ણ આશ્રમ પાસે આવેલ રાજમંત્ર કોલ્ડ્રીંક્સમાં ચેકીંગ દરમ્યાન સંગ્રહ કરેલ પડતર ફ્રોઝન ફ્રુટનો ૩ કિલો જથ્થાનો નાશ કરાયો હતો. જ્યારે નવરંગ ડેરી ફાર્મ, મેહુલનગર મેઈન રોડ પર એક કિલો અખાદ્ય મીઠાઈનો નાશ કરાયો હતો અને ફાલ્કન રોડ પ્રશાંત કાસ્ટીંગ સામે તથા ઈન્દીરા સર્કલ પાસે આવેલ પ્રયોશા રેસ્ટોરન્ટ અને બડીજ પીઝામાં તપાસ દરમ્યાન હાઈઝેનીક કંડીશન જાળવવા તથા લાયસન્સ બાબતે નોટીસ આપવામાં આવેલ હતી.

# ટેક્સ શાખાનું સર્વર ડાઉન થતાં સીવીક સેન્ટરમાં કરદાતાઓનો ધસારો





હાલમાં રાજકોટ મહાનગરપાલિકાની મીલ્કત વેરા વળતર યોજના ચાલી રહી છે. ત્યારે રાજકોટ શહેરના અસંખ્ય કરદાતાઓ યોજનાનો લાભ લેવા માટે ખાસ કરીને ઓનલાઈન વેરો મોટી સંખ્યામાં ભરપાઈ કરી રહ્યા છે. ત્યારે આજરોજ સવારમાં જ મહાનગરપાલિકાની ટેક્ષ શાખાનું સર્વર ઓવરલોડના કારણે ડાઉન થઈ ગયું હતું આથી મોબાઈલ દ્વારા આજરોડ વેરો ભરપાઈ થઈ શક્યો ન હતો. જેના કારણે કરદાતાઓને ભારે હેરાનગતિ ભોગવવી પડી હતી. ઓનલાઈન વેરો ભરપાઈ થઈ ન શકતા આજરોજ સવારથી રાજકોટ મ.ન.પા.ના સીવીક સેન્ટર ખાતે કરદાતાઓનો ભારે ધસારો થયો હતો અને સીવીક સેન્ટર ખાતે વેરો ભરપાઈ માટે લાંબી કતારો લાગી છે. (તસ્વીરઃ પંકજ શીશાંગીયા)

# જુના માર્કેટીંગ યાર્ડ, નાનામવા મેઈન રોડ ઉપરની મસાલા માર્કેટમાં ફૂડ શાખાની ડ્રાઈવ

## જુદી-જુદી બ્રાન્ડના મરચુ પાવડર, હળદર પાવડર, ધાણા જીરૂ પાવડર, આખી હળદર, આખા ધાણા સહિતના ૧૦ નમુના લેવામાં આવ્યાઃ તમામ નમુના લેબોરેટરી પરિક્ષણ માટે રવાના કરાયા

રાજકોટ, તા.૧૬

હાલમાં મસાલાની સિઝન ચાલી રહી છે ત્યારે રાજકોટ મહાનગર પાલિકાની ફૂડ શાખાએ રાજકોટ શહેરના જુના માર્કેટીંગ યાર્ડ, નાનામવા મેઈન રોડ, સંત દેવીદાસ, અમર દેવીદાસ (મંડપ મસાલા માર્કેટ) તથા નાનામવા મેઈન રોડ પર આવેલ મસાલા માર્કેટમાં જુદા-જુદા વેપારીઓને ત્યાં ચેકીંગ હાથ ધરવામાં આવેલ હતું. હાલ મરચુ પાવડર, ધાણાજીરુ પાવડર, હળદર પાવડર, હળદર આખી, ધાણા આખા વગેરેના ૧૦ નમુના લેવામાં આવેલ હતા અને આ તમામ નમુનાને ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાર્ન્ડટ એક્ટ ૨૦૦૬ હેઠળ લેબોરેટરી પરિક્ષણ માટે મોકલી દેવામાં આવેલ હતા.

આ અંગેની મળતી વધુ વિગતો મુજબ ફૂડ શાખાએ જુના માર્કેટ યાર્ડમાં આવેલ માધવ ટ્રેડીંગમાં ચેકીંગ હાથ ધર્યું. તુલસી બ્રાન્ડ મરચુ પાવડર (૨૦૦ ગ્રામ પેક), તુલસી હળદર પાવડર-૨૦૦ ગ્રામ પેક, તુલસી ધાણા-જીરૂ પાવડર-૨૦૦ ગ્રામ પેક, હળદર આખી (લુઝ), જલારામ મસાલા ભંડાર નાનામવા મેઈન રોડ પરથી નમુના લેવામાં આવેલ હતાં. આ ઉપરાંત નાનામવા મેઈન રોડ પર આવેલ જલારામ મસાલા ભંડારમાંથી ધાણા આખા લુસ તથા કિચન કવીન હીંગ પાવડર-૫૦૦ ગ્રામ પેક, જ્યારે નાનામવા મેઈન રોડ પર આવેલ ઉમીયા મસાલા માર્કેટમાં સંત દેવીદાસ, અમર દેવીદાસ નામના વેપારીને ત્યાંથી હળદર આખી (લુઝ), જીરૂ આખુ-લુઝ, મરચા પાવડર લુઝ તથા હળદર આખી લુઝના સેમ્પલો લેવામાં આવેલ હતાં.

# મહાપાલિકા દ્વારા ચોમાસા પુર્વેની કવાયત

## પ્રિ-મોન્સૂન કામગીરી અંતર્ગત પાંચ વોર્ડનાં ૧૫- વોંકળાઓની સફાઈ કરવામાં આવી

રાજકોટ,તા.૧૬

રાજકોટ મહાનગરપાલિકા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા હેઠળ વોંકળા વિભાગ દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ - ૨૦૨૪ અને નિર્મળ ગુજરાત ૨.૦ અભિયાન હેઠળ પ્રિ-મોન્સૂન વોકળા સફાઈ ગઈકાલે વોર્ડ નં.૪, ૫, ૧૫, ૨, ૭ અને ૧૦માં આવેલ વોંકળાની સફાઈ કરવામાં આવી હતી.

પૂર્વ ઝોનના વોર્ડ નં.૪માં વોર્ડ નં.૪ 'અ'ની વોર્ડ ઓફીસની બાજુમાં, જે.સી.બી. અને ડમ્પરથી વોકળા સફાઈની કામગીરી, વોર્ડ નં. ૫ વાસંગી દાદાના મંદિર પાસે માલધારી સોસા. વોકળામાં સફાઈની કામગીરી, વોર્ડ નં.૧૫ રામનગર શેરી નં.૫ ખોડિયાર ડેરી સામે



વોકળામાં માણસોથી સફાઈની કામગીરી, વોર્ડ નં.૧૫ જિલ્લાના નાલે વોકળામાં સફાઈની કામગીરી કરવામાં આવેલ હતી.

મધ્ય ઝોનના વોર્ડ નં.૨ કોલ સેન્ટર ફરીયાદમાં સદર બજાર ભારત ફ્રુટ સામે વોકળા સફાઈ, વોર્ડ નં.૭ સદર બજાર તાલુકા શાળા પાસે નાળા વોકળાનો ગાળ કચરો સફાઈ તથા વોકળા સફાઈ કરવામાં આવેલ હતી. પશ્ચિમ ઝોનના વોર્ડ નં.૧૦ સદગુરુ નગર વોકળા મેન્યુલ સફાઈ તથા એ. જી. કવાર્ટર દીવાલ પાસે જેસીબી ડમ્પર દ્વારા વોકળા સફાઈકરવામાં આવેલ હતી.

મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલ તથા નાયબ કમિશનર સ્વપિનલ ખરેની સુચના અનુસાર રાજકોટ શહેરમાં આવેલ તમામ હયાત વોકળાઓની સફાઈ કામગીરી કરવામાં આવેલ છે.

જે અંતર્ગત પર્યાવરણ ઈજનેર અને લગત ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેર અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાની ટીમ દ્વારા કામગીરી કરવામાં આવેલ હતી.

# રાજકોટનાં કન્સ્ટ્રકશન ધંધાર્થીને હનીટ્રેપમાં ફસાવી નગ્ન ફોટા પાડી માર મારી રૂા. ૨૫ લાખની માંગણી

## જુનાગઢમાં મળવા બોલાવી રૂમમાં પૂરી બેટથી ફટકાર્યો : સોનાની વીંટી કાઢી લઈ ૭ લાખ માંગી લખાણ કરાવી લીધાની ફરિયાદ

જુનાગઢ, તા. ૧૬

રાજકોટના યુવાનને જુનાગઢ ફોન કરી બોલાવી રૂમમાં લઈ ગઈ ત્યાં યુવતીના માતા-ભાઈ અને તેના મિત્રએ આવી નગ્ન ફોટા પાડી બેટ વડે માર માર્યાની અને દુષ્કર્મ કેસમાં ફસાવી દેવાની ધમકી આપી વીંટી સોનાની કાઢી બાદ રૂા. ૭ લાખ સમાધાનનાં માંગ્યા હતા. બાદ યુવતીની માતા હોવાનો દાવો કરનાર મહિલા આવી રૂ. ૨૫ લાખ માંગ્યા હતા. આધાર કાર્ડ ડ્રાઈવીંગ લાયસન્સ બળજબરીપૂર્વક કઢાવી લીધુ હતું. બાદ યુવકને મુકત કરતા એક મહિલા સહિત ૫ સામે બી ડીવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

રાજકોટ જાગનાથ પ્લોટમાં રહેતા અને કન્ટ્રકશનનું કામ કરતા ધર્મેશ પ્રવીણભાઈ પંડયા (ઉ.વ.૩૮) તા.૮-૪ના ગુંદાવાડી સાઈટ પર હતો ત્યારે ફોન આવેલ જે અજાણ્યો નંબર ઉપાડયો ન હતો. બાદ ધર્મેશ આ નંબર ઉપર ફોન કરેલ સામે મહિલા બોલતી હતી. ભુલથી ફોન લાગી ગયાનું કહેલ તમે કોણ બોલો છો, કયાંથી બોલો છો નામ અને કામ શું કરો છો વિગેરે પુછપરછ કરી યુવતીએ પોતાનું નામ રૂહી પટેલ હોવાનું તેમજ જુનાગઢ એક બાઈકના શો રૂમમાં નોકરી કરતી હોય મારી સાથે ફ્રેન્ડશીપ કરો તેવી વાત કરી સાંજે રૂહીએ વોટસઅપ મેસેજ કર્યા હતા. તા.૧૦-૪ની રૂહીને ધર્મેશ ફોન કરેલ કે તેને જુનાગઢ મળવા આવવાની વાત કરેલ શુક્રવારના તેનો પરિવાર લગ્નમાં જવાના છે તેથી તમે જુનાગઢ આવજો ધર્મેશે ના પાડી બાદ રૂહીનો ફરી ફોન આવતા હા પાડી હતી તા. ૧૧-૪ના રૂહીએ મળવા બોલાવેલ ધર્મેશ રાજકોટથી જુનાગઢ બસમાં આવેલ મજેવડી દરવાજાએ ઉતરેલ ત્યારે રૂહી તેને કારમાં લેવા આવી હતી જોષીપરાના સુભાષનગરમાં લઈ ગઈ હતી. જયાં ધર્મેશનો શર્ટ ઉતારી તેના કપડા કાઢયા હતા ત્યારે બે અજાણ્યા શખ્સો આવી ગયેલ એક શખ્સે કહેલ કે રૂહી મારા મિત્રની બહેન છે. મારૂ નામ રવિ છે. બીજાએ જયસુખ રબારી હોવાનું કહેલ. આ દરમ્યાન એક ભાઈ સાગર રૂહીનો ભાઈ હોવાનું કહેનાર બેટ લઈને આવ્યો અને કહેલ કે મારી બહેન સાથે શું અજુગતું કર્યુ છે તારી સામે દુષ્કર્મનો કેસ થશે, સમાધાન કરવું હોય તો રૂા. ૧૦ હજાર આપવાની વાત કરી હતી. રવિએ રૂા. ૭ લાખની માંગણી કરી બધુ પુરૂ કરાવી દઈશ. મોટી ઉંમરની મહિલા આવેલ તેનું નામ મંજુલાબેન હીરપરા હોવાનું અને ૭ લાખમાં સમાધાન ન થાય રૂા. ૨૫ લાખ આપવા પડશે. તેમ લખાણ કરાવી લીધુ હતું. ૭ લાખ સોમવારે બાકીના ૩ માસ પછી આપવાના રહેશે. રૂહી સાથે સંબંધ હતો તેમાં કોઈ ધાકધમકી વિના ૨૫ લાખ આપવું આ લખાણનું રવિ રબારીએ રેકોર્ડીંગ કરી લીધુ હતું બાદ યુવકને મુકત કર્યો. રાજકોટ જઈ ઘરે અને મિત્રને વાત કરી હતી. યુવતી રૂહી પટેલ, રવિ સાગર, જયસુખ રબારી, મંજુલા હીરપરા સામે ફરિયાદ નોંધાવતા બી ડીવીઝન પોલીસે તપાસ હાથ ધરી છે.

# મહાપાલિકાએ વધુ ૬૩ વેપારીઓ પાસેથી ૩.૩૫ કિલો પ્રતિબંધીત પ્લાસ્ટિક જપ્ત કર્યુ

## જાહેરમાં ગંદકી કરતા આસામીઓ પાસેથી પણ રૂા.૧૫૩૦૦નો વહિવટી ચાર્જ વસુલાયો

રાજકોટ,તા.૧૬

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે તારીખ ૧૫/૦૪/૨૦૨૪ના રોજ ત્રણેય ઝોન વિસ્તાર અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં તા.૧૫/૦૪/૨૦૨૪ ના રોજ ત્રણેય ઝોનમાંથી કુલ ૬૩ આસામીઓ પાસેથી ૩.૩૫ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂા.૧૫૩૦૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૫ આસામીઓ પાસેથી ૧.૨૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી




રૂા.૫૫૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૪ આસામીઓ પાસેથી ૧.૪૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂા.૫૬૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઈસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૪ આસામીઓ પાસેથી ૬.૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂા.૪૧૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

# ૧.૫૧ લાખના ચેક રીટર્ન કેસમાં પારસ કીરીટભાઈ માંડલીયાને એક વર્ષની સજા

રાજકોટ : રાજકોટના પારસ કિરીટભાઈ માંડલીયા કે જે શ્રી રામ સીટી યુનિયન ફાયનાન્સ લી.ના ગ્રાહક છે તેમણે કંપની પાસેથી લોન મેળવી હતી અને બાદમાં કંપનીના લોનની લેણી નીકળતી રકમ પેટે આપેલો જે ચેક 'એકાઉન્ટ કલોઝડ'ના શેરા સાથે પરત ફરતા શ્રી રામ સીટી યુનીયન ફાયનાન્સ લી.ના અધિકૃત અધિકારી દ્વારા જાણીતા એડવોકેટ મોહિત લીંબાસીયા મારફત આરોપીને લીગલ નોટીસ પાઠવી હતી તે બાદ પણ રકમ ન આપતા કોર્ટમાં ફરિયાદ દાખલ કરાઈ હતી. કેસ ચાલવા ઉપર આવતા ફરિયાદીને પુરાવો લેવામાં આવેલ અને આરોપીએ રજુ કરેલું સોગંદનામુ ધ્યાને લઈ દલીલો કરાઈ હતી અને તેને લગત જજમેન્ટસ રજુ કરવામાં આવ્યા હતા. જેની વિરૂધ્ધ રાજકોટના એડી. ચીફ જયુડી. મેજી.એ ફરીયાદીના એડવોકેટ મોહિત લીંબાસીયાની તમામ દલીલોને ધ્યાનમાં લઈ તા. ૩૦/૦૩/૨૦૨૪ના રોજ આખરી હુકમમાં ઠરાવ્યું હતું કે, ફરિયાદીના એડવોકેટ દ્વારા રજુ રાખવામાં આવેલા તમામ પુરાવાઓ તથા તમામ દલીલો તથા રજુઆતો ધ્યાને લેતા આરોપી પારસ કિરીટભાઈ માંડલીયાને આ કેસમાં તકસીરવાન ઠરાવી એક વર્ષની કેદની સજા કરવા હુકમ કર્યો હતો. ઉપરાંત ફરીયાદીને વળતર પેટે રૂા. ૧,૫૧,૧૨૯ની લેણી રકમ હુકમની તારીખથી દિન ૬૦માં ચુકવી આપવા ફરમાવેલ. જો આરોપી વળતરની રકમ દિન-૬૦માં ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ ત્રણ માસની કેદની સજાનો નામ. કોર્ટ દ્વારા હુકમ ફરમાવેલ છે.

આ કેસમાં ફરીયાદી શ્રી રામ સીટી યુનીયન ફાયનાન્સ લી. વતી રાજકોટના જાણીતા એડવોકેટ મોહિત લીંબાસીયા, ચિરાગ પરમાર, હિમાંશુ પરમાર, કિશન પીઠવા અને મીન્ટ લો એટોર્નીસ પ્રા.લી.ની ટીમ રોકાયેલી હતી.

# ૧૫૦ ફુટ રીંગ રોડ બીઆરટીએસ રૂટ પર બેફામ દોડતી વધુ એક કારનો વિડીયો વાયરલ થયો

રાજકોટ, તા. ૧૬

સોશ્યલ મીડિયામાં સક્રિય રહેવા અને ફોલોઅર્સ વધારવા માટે યુવાનો કાયદાનો ભંગ કરીને પણ વાહનો પ્રતિબંધિત બીઆરટીએસ રૂટ પર ચલાવી વિડીયો ઉતારી રીલ્સ સોશ્યલ મીડિયામાં અપલોડ કરતા હોય છે. ત્યારે વધુ એક કાર ચાલકે ૧૫૦ ફુટ રીંગ, બીઆરટીએસ રૂટ પર પુરપાટ કાર ચલાવી વિડીયો ઉતારી ઈન્સ્ટાગ્રામમાં મુકતા માલવીયાનગર પોલીસે તાત્કાલીક કાર્યવાહી કરી કાર ચાલક હર્ષ વાઘેલાની ધરપકડ કરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ માલવીયાનગર પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ એ.વી.ચાવડા તેમજ કોન્સ્ટેબલ સંજયભાઈને સોશ્યલ મીડિયામાં ૧૫૦ ફુટ રીંગ રોડ, બીગ બાઝાર અને નાના મવા સર્કલની વચ્ચે પ્રતિબંધીત બીઆરટીએસ કોરીડોર પર એક વ્યકિત કાર ચલાવતો હોવાનો વિડીયો વાયરલ થયો હોવાનું સામે આવતા તાત્કાલીક વિડીયોમાં દેખાતા વ્યકિતને શોધવા સાયબર ક્રાઈમની મદદ લઈ તપાસ કરતા તે વિડીયોમાં દેખાતો કાર ચાલક હર્ષ ભાવેશ વાઘેલા (ઉ.વ.૨૧, રહે. પ્રજાપતિ સોસાયટી, શેરી નં.૨) હોવાનું સામે આવ્યું હતું. જે બાદ તાત્કાલીક સ્ટાફે આરોપી સામે ગુનો નોંધી યુવાનની ધરપકડ કરી પુછપરછ કરતા પોતે વિડીયો પોતાના આઈફોનમાં ઉતારી વાયરલ કરવા માટે ઈન્સ્ટાગ્રામ એપ્લીકેશનમાં અપલોડ કર્યા હોવાની કબુલાત આપી હતી.

# શાંતિનગરનો યુવક સવારે ઉઠ્યો જ નહિ, હાર્ટએટેકથી મોત

## એકના એક દીકરાને હાર્ટ એટેક આવતાં પરિવારમાં કલ્પાંત છવાયો

રાજકોટ તા.૧૬

શહેરમાં રૈયાધાર પાણીનાં ટાંકા પાસે શાંતિનગરમાં રહેતો યુવક સવારે ન ઉઠતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. એકના એક દીકરાનું હાર્ટ એટેકથી મોત નીપજતાં પરિવારમાં કલ્પાંત છવાયો છે.

બનાવની વિગત મુજબ દર્પણભાઈ મોતીલાલ તન્ના (ઉ.વ.૩૨ રહે-શાંતિનગર સન સિટી એન્કલવ રૈયા ધાર પાણીનાં ટાંકા પાસે) ને હાર્ટ એટેક આવતાં મોત નિપજ્યું હતું. યુવક પોતાનાં ઘરે સવારે ન ઉઠતા પરિવારજનોએ જગાડવાનો પ્રયાસ કર્યો છતાં પણ ઉઠતાં યુવકને બેભાન હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતો. મૃતકને ડાયાબીટીસની બીમારી હતી. તેઓ એક બહેનમાં નાના હતા. બનાવ અંગે મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૫૧૦-૨૫૬૦ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૪૬૦-૨૫૧૦ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૧૭૧૫-૧૭૫૫ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૧૬૬૫-૧૬૯૫ |
| પામોલીયન તેલ | ૧૫૮૦-૧૫૮૫ |
| મસ્ટર્ડ તેલ | ૧૬૧૦-૧૬૪૦ |
| સનફ્લાવર તેલ | ૧૫૫૦-૧૫૭૦ |
| મકાઈ તેલ | ૧૫૬૦-૧૫૭૫ |
| વનસ્પતિ ઘી | ૧૬૬૦-૧૭૦૦ |
| કોપરેલ | ૨૨૩૦-૨૨૫૦ |
| દિવેલ | ૨૦૪૦-૨૦૬૦ |



### સોનુ-ચાંદી

| સોનુ (૧૦ ગ્રામ) | ચાંદી |
|---|---|
| ૭૫૫૫૦(+૮૫૦) | ૮૫૯૫૦(+૨૫૦) |

# સુરત વેડરોડ સ્વામિનારાયણ ગુરૂકુલ દ્વારા પ્રભુ પ્રાગટ્ય પૂર્વેના નવ દિવસ આરાધના અર્થે બ્રહ્મ મહોત્સવનું આયોજન

સુરત, તા.૧૬

તપ, વ્રત, સેવા, સાધના અને આરાધના માટે ચૈત્રમાસને શાસ્ત્રકારોએ અધિક પ્રાધાન્ય આપ્યું છે. આ મહિનામાં ભગવાન શ્રી રામચંદ્રજી તથા ભગવાન શ્રીસ્વામિનારાયણનું પ્રાગટ્ય થયેલું છે.





સુરતના વેડરોડ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્વારા પ્રભુ પ્રાગટય પૂર્વેના નવ દિવસ અધિક આરાધના અર્થે બ્રહ્મ મહોત્સવનું આયોજન કરાયું છે. ચૈત્ર સુદ એકમથી નોમ આ નવ દિવસને સાધકો ચૈત્રી નવરાત્રા તરીકે મનાવે છે. આ સમયમાં કરેલી સાધના તપ વ્રત અનુષ્ઠાન વગેરે વિશેષ આધ્યાત્મિક બળ આપે છે.

ગુરૂવર્ય શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી તથા મહંત સ્વામીશ્રી દેવપ્રસાદદાસજી સ્વામીના આશીવાદ તથા સુરત ગુરુકુલના મહંત સદગુરુ સ્વામી શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામીના માર્ગદર્શન અનુસાર બ્રહ્મ મહોત્સવ સુરત ઉપરાંત રાજકોટ, જૂનાગઢ, જસદણ, તરવડા, ઉના, પાટડી, પોઈચા - નીલકંઠધામ, વડોદરા, વિદ્યાનગર, અમદાવાદ, નવસારી, નવી મુંબઈ, હૈદરાબાદ, બેંગલોર, ડલાસ, ન્યૂજર્સી, શિકાગ્રો, લોસ એન્જલસ વગેરે દેશ વિદેશના ગુરૂકુલોમાં સંતો ભકતો તથા વિદ્યાર્થીઓ ભકિતભાવ પૂર્વક ઉજવી રહ્યા છે. પ્રભુસ્વામીના જણાવ્યાનુસાર સુરતમાં નવ દિવસ સુધી સંતો, હરિભકતો, મહિલાઓ મળી કુલ ૭૨૦૦ ભકતો એકટાણા, ૪૫૦૦ ભકતો ફરાળ, ૧૨૦૦ ભક્તો ઉપવાસ , ૨૦૦ ભકતો રોજના ૩ ત્રણ કોળીયા અનાજ જમી 'હરિ ચાંદ્રાયણ' વ્રત કરી રહ્યા છે. જેમાં સુરત ગુરૂકુલમાં ભણતા ધો ૧૦ તથા ૧૨ના ૯૪ વિદ્યાર્થીઓ ઉપવાસ કરે છે, ૮૮ વિદ્યાર્થીઓ એક ટાઈમ ફરાળ લે છે.જ્યારે ૪૪ વિદ્યાર્થીઓ ચાંદ્રાયણ વ્રત કરી ભગવાનને રાજી કરી રહ્યા છે. આ ઉપરાંત દેશ વિદેશમાં ૧૬૦૦૦ ઘરે પરિવાર સાથે પારણીયામાં ભગવાનને ઝૂલાવવા સાથે અડધો કલાક પૂજન અર્ચન કરી રહ્યા છે.

ગુરુકુલમાં તા.૯ થી ૧૭ દરમ્યાન રોજ સવારે ભગવાનની અભિષેક, શ્રી મહાવિષ્ણુયાગ યજ્ઞ, ૫૧ જળાભિષેક યાગ, ૫૧ પારણીયા-ઝૂલા, બીજમંત્રયાગ, જનમંગલયાગ, મહામંત્ર બ્રહ્મજ્યોત - મશાલ સાથે પ્રદક્ષિણા, પુષ્પ પાંખડી તથા ફળો દ્વારા ભગવાનનું પૂજન, ધર્મનંદન સંકીર્તન, નગરયાત્રા, રાત્રે વિશેષ પ્રભુ આરાધના ભક્તિ નૃત્ય, તથા સત્સંગ કથાવાર્તાનો લાભ મહિલા પુરૂષો સવારના ૬:૦૦ થી રાત્રીના ૧૦:૧૫ દરમ્યાન લઈ રહ્યા છે. આજે રાતે સુરત શ્રી સ્વામિનારાયણ ગુરુકુલમાં ૧૫થી ૪૦ વરસના ૪૦૦૦ ઉપરાંત યુવાનો તથા મહિલા સાધકો તેમજ મહંત સ્વામી શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામી, શ્રીપ્રભુ સ્વામી તથા રાજકોટથી પધારેલા શ્રી સંત વલ્લભદાસજી સ્વામી, શ્રી શ્રીવલ્લભદાસજી સ્વામી, શ્રી પૂર્ણ પ્રકાશદાસજી સ્વામી, શ્રી ન્યાલકરણદાસજી સ્વામી વગેરે સંતો આરાધનામાં જોડાયેલા.

# ગળાના ભાગમાં થયેલ ગાંઠનું જટીલ ઓપરેશન સફળતાપૂર્વક પૂર્ણ કરતાં ડો. ડેનિશ આરદેશણા



રાજકોટ, તા.૧૬

મુળ અમદાવાદના હાલ આફ્રિકામાં નિવાસ કરતાં ૩૧ વર્ષિય બંસીબેન જેઠવાને બીપી અને ગેસની તકલીફ રહેવા લાગતા ભારત આવી અમદાવાદમાં ચોક્કસ રીપોર્ટ કરવામાં આવ્યા હતા. જેમાં ગળાના ભાગમાં થાઈરોઈડની ગ્રંથી પાસે ગાંઠ હોવાનું જાણવા મળેલ. અમદાવાદના નિષ્ણાંત ડોકટરો પાસે નિદાન કરાવવા છતાં ચોક્કસ નિદાન ન મળતા રાજકોટના નિષ્ણાંત ડો. ડેનીસ આરદેશણાની સલાહ લેવામાં આવી હતી.

ત્યારે ડો. ડેનીશ આરદેશણાએ ખૂબ જ જટીલ ગળાની સર્જરી કરી ગાંઠનું નિદાન કર્યું હતું. આ જટીલ ગાંઠનું નિદાન કર્યું હતું. આ જટીલ ગાંઠનું ઓપરેશન કરવા કોઈ ડોકટર તૈયાર ન હતા ત્યારે ડો. ડેનીશએ ઓપરેશનની જવાબદારી લઈ સફળતાપૂર્વક ૬ કલાકના ઓપરેશન બાદ બંશીબેનને સ્વસ્થ કર્યા હતા. આ ખુબ જ જટીલ ઓપરેશન હતું કારણ કે છાતીના ભાગમાં ગાંઠ હોવાનું જાણવા મળ્યું હતું જે ગળાની એક નળીથી જોડાયેલ હતી. આથી ડો. ડેનીશે ધ્યાનપૂર્વક ઓપરેશન હાથ ધર્યું હતું. દર્દીને નવજીવન આપવા બદલ પરિવારજનોએ ડો. ડેનિશ આરદેશણાનો આભાર વ્યકત કર્યો હતો.

અમારા કલાયન્ટની પ્રગતિ એજ અમારૂં કાર્યક્ષેત્ર

૪૫ વર્ષોથી પાયોનિયર, અડગ, અટલ અને વિશ્વસનીય ગિરધરભાઈ ઘાડીયાની 'દ્દષ્ટિ' એડ. એજન્સી ૪૬માં વર્ષમાં પ્રવેશ

ગિરધરભાઈ ઘાડીયા (ફાઉન્ડર-ચેરમેન)

વર્તમાન સમયમાં વ્યવસાયમાં સ્પર્ધા, મંદી, પરિવર્તન, સંઘર્ષ અને માર્કેટના બદલાતા પ્રવાહો જેવા અનેક પડકારો મોં ફાડીને ઊભા છે ત્યારે માર્કેટમાં અસ્તિત્વ ટકાવી રાખવું તે વિકટ પ્રશ્ન છે. આવી પરિસ્થિતિમાં કોઇ પણ લોકલ કે નેશનલ બ્રાન્ડને ડેવલપ કરવા અને માર્કેટ, બ્રાન્ડ અને ઉપભોક્તાની સતત બદલાતી માંગ સાથે એકરૂપતા જાળવવા દરેક વ્યવસાયીઓએ તમામ તબક્કે એક કદમ આગળ રહેવું પડે છે, અને આ માટે 'દ્દષ્ટિ' એડ. એજન્સી હંમેશા વ્યવસાયના તમામ તબક્કે એક કદમ આગળ રહી છે અને પોતાના કલાયન્ટસને પણ એક કદમ આગળ રાખવા ૧૯૮૯થી કાર્યરત છે. અનેકવિધ સોપાનો અને સિદ્ધિઓ સર કરી 'દ્દષ્ટિ'એ આજે સૌરાષ્ટ્ર સ્થિત ૩૦૦ થી વધુ લોકલ, નેશનલ લેવલની બ્રાન્ડને ડેવલપ કરવાથી લઇને ભારતભરના તેમજ વિદેશના ન્યૂઝપેપર્સ-મેગેઝિન, રેડિઓ, ટીવીમાં એડવર્ટાઇઝમેન્ટ રીલિઝ તેમજ કોઇ પણ પ્રકારની ગ્રાફિક ડિઝાઇન-પ્રિન્ટિંગ ઉપરાંત સોશિયલ મીડિઆની સર્વિસના પરિવર્તનોથી વાકેફ રહીને પોતાની લીડરશિપ જાળવી રાખી છે અને ઉત્તરોત્તર સતત નવીનતા આપવા માટે પ્રતિબદ્ધ છે. 'દ્દષ્ટિ'ના આ તમામ સબળ પાસાઓને કારણે જ આજના સ્પર્ધાત્મક યુગમાં પણ પોતાનું મોખરાનું સ્થાન છેલ્લા ૪૫ વર્ષોથી અડગ, અટલ અને વિશ્વસનીયતા સહ જાળવી રાખ્યું છે અને ૪૬માં વર્ષમાં યશસ્વી પ્રવેશ કરે છે. આ અવસરે 'દ્દષ્ટિ'ની સફળતાની યાત્રામાં સહભાગી અમારા વર્તમાન તથા ભુતપૂર્વ કર્મચારીગણ, કલાયન્ટસ તેમજ પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક મીડિઆ તથા સ્નેહીઓ અને મિત્રોના ઉષ્માભર્યા સહકાર બદલ આ તકે અમો ગિરધરભાઇ ઘાડીયા હાલ (USA) તથા ગિરીશભાઇ ત્રિવેદી સૌના અંતઃકરણપૂર્વક આભારી છીએ.

INS (Indian Newspaper Society)- New Delhi દ્વારા પ્રમાણિત એડ એજન્સી

ગિરીશભાઇ ત્રિવેદી (એમ. ડી.)

WE SELL IDEAS Drishty COMMUNICATIONS PVT LTD

drishtyrajkot@gmail.com www.drishtyindia.com Mob. : 98250 74392


# બજરંગ ગ્રુપ દ્વારા નિઃશલ્ક કબુતર, ચકલીના માળા અને ચણનું વિતરણ



રાજકોટ,તા.૧૬

તાજેતરમાં બજરંગ ગ્રુપ રાજકોટ સિટી અને દિલીપભાઈ સોમૈયાના આર્થિક સૌજન્યથી કબુતર-ચકલીના સંરક્ષણ, જીવદયા, આદ્યસ્થાપક, સ્વ.ધનજીભાઈ કેશવજીભાઈ કારીઆની જન્મજયંતિના અનુલક્ષીને સંસ્થાના મધ્યસ્થ કાર્યાલય ખાતે ગત રવિવારે નિઃશુલ્ક કબુતર, ચકલીના લાકડાના, માટીના માળા, ચણ, ફીડર તેમજ જાસુદ-તુલસીના રોપાનું વિતરણ કિશોરભાઈ ધનજીભાઈ કારીઆ, હસુભાઈ ગણાત્રા, પંકજભાઈ ડી. કારીઆ, જતિનભાઈ ભીંડોરા, બી.કે. જાડેજા, ભગીરથસિંહ જાડેજા, હર્ષદસિંહ જાડેજા, મનુભાઈ ભગત, બટુકભાઈ રાચ્છ, વિજયભાઈ કે. ભટ્ટ, જયોતિબેન કે. ભટ્ટના હસ્તે કરવામાં આવ્યું હતું.

# ચૈત્ર નવરાત્રીનો આજે આઠમો દિવસઃ માતા મહાગૌરીની પૂજા



આજે મંગળવારે વાસંતીક નવરાત્રીનો આઠમો દિવસ છે. આ દિવસે આદ્યશકિત નવદુર્ગાના આઠમાં સ્વરૂપ માં મહાગૌરીની પૂજા કરવામાં આવશે. જે લોકો કેટલાક કારણોસર નવ દિવસ ઉપવાસ રાખી શકતા નથી તેમના માટે નવરાત્રિ દરમિયાન પ્રતિપદા અને અષ્ટમી તિથિએ ઉપવાસ રાખવાનો નિયમ છે. આનાથી રોજના ઉપવાસ કરવા જેવું જ પરિણામ મળે છે. તેથી જે ભકતો અષ્ટમી તિથિનું વ્રત રાખવા માગતા હોય તેમણે મંગળવારનું જ વ્રત રાખવું જોઈએ. મહાગૌરી આઠ વર્ષની ઉંમરે તેમના પૂર્વ જન્મની ઘટનાઓથી વાકેફ થઈ ગઈ હતી. આ ઉંમરથી જ તેણે ભગવાન શિવને પતિના રૂપમાં મેળવવા માટે તપસ્યા શરૂ કરી, જેના કારણે તેના શરીરનો રંગ કાળો થઈ ગયો. માતાની તપસ્યાથી પ્રસન્ન થઈને ભગવાન શિવે તેનું શરીર ગંગા નદીમાં ફેંકી દીધું. પવિત્ર પાણીથી ધોવાઈ. આ કારણે માતાનું વર્ણ ગૌર બન્યું. આથી તેનું નામ મહાગૌરી પડયું. અષ્ટમીના દિવસે મહાગૌરીની પૂજા કરવાની પરંપરા છે.

એવી માન્યતા છે કે મહાગૌરીની પૂજા કરવાથરી તમામ પાપોનો નાશ થાય છે.

**આવું છે દેવીનું સ્વરૂપઃ**

માતા મહાગૌરીના એક હાથમાં ત્રિશૂળ છે, જે દુર્ગાશકિતનું પ્રતીક છે અને બીજા હાથમાં ભગવાન શિવનું પ્રતિક ડમરૂ છે. ડમરૂ ધારણ કરવાને કારણે તેને શિવ પણ કહેવામાં આવે છે. તેમના ત્રીજા હાથ વરમુદ્રામાં છે અને ચોથો હાથ એક ગૃહિણીની શકિત દર્શાવે છે.

લૌકિક સ્વરૂપમાં ભગવાન તેજસ્વી, કોમળ, સફેદ રંગના સફેદ વસ્ત્રો ધારણ કરેલા અને ચાર ભુજાઓ વાળા છે. તે સફેદ વૃષભ (બળદ) પર સવારી કરે છે.

**દેવીને આ અર્પણ કરો**

માં શકિતના આ સ્વરૂપને નોરિયેળ, હલવો, પુરી અને શાકભાજી અર્પણ કરવામાં આવે છે. આ દિવસે ખાસ કરીને કાળા ચણાનો પ્રસાદ બનાવવામાં આવે છે. પૂજા પછી કુંવારી કન્યાઓને ભોજન કરાવી તેમની પૂજા કરવાથી માતાની વિશેષ કૃપા પ્રાપ્ત થાય છે. કન્યાઓને ખવડાવવા અને પૂજા કરવાથી ધન, વૈભવ અને પ્રાપ્તી થાય છે.

# મોટા દડવાના ધિંગેશ્વર મહાદેવ મંદિરના સાંનિધ્યમાં શિવ મહાપુરાણ કથાનું સમાપન

## નવ દિવસની કથા દરમિયાન ભક્તો શિવમાં થયા લિન




રાજકોટ, તા.૧૬

શિવ હી જીવ, જીવ હી શિવ, શિવ મહાપુરાણ કથાનું ગોંડલ, મોટા દડવાના ધીંગેશ્વર મહાદેવ મંદિરના સાનિધ્યમાં ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. પ.પૂ સંત શ્રી આનંદદાસજી બાપુની પ્રેરણાથી આ શિવ મહાપુરાણ કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ભવ્ય શિવ મહાપુરાણ કથાના વક્તા પૂજ્ય શ્રી ગિરિબાપૂના મુખે ભક્તોએ શિવ મહિમા કથા સાંભળી હતી.

આ તકે કેન્દ્રીય મંત્રી પરષોત્તમભાઈ રૂપાલા, કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, ગોંડલના ધારાસભ્ય ગીતાબા જાડેજા સહીતના મહાનુભાવો કથા દરમિયાન દર્શનનો લાભ લીધો હતો. આ કાર્યક્રમમાં નવે નવ દિવસ છાસ, દૂધ અને ઘોરવાના દાતા ગોપાલભાઈ ભીખાભાઈ ડાંગર અને જયદીપભાઈ લાભભાઈ ડાંગરની સેવા દ્વારા કરવામાં આવ્યું હતું. આ કથાને પૂજ્ય મોરારી બાપુ અને ગુજરાત રાજ્યના મહા મહિમા રાજ્યપાલ દેવવ્રતજીએ શુભેચ્છા સંદેશ પણ આપ્યો હતો. કથા દરમિયાન રોજ રાત્રે સંતવાણી અને લોક ડાયરોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતુ. નવ દિવસની કથા દરમિયાન લાખો શિવભક્તો શિવ ભક્તમાં લિન થયા હતા.

# વાત્સલ્ય જ્ઞાનવર્ધક સંઘ-પ્રતિષ્ઠાન-રાજકોટ ટ્રસ્ટ દ્વારા ૧૦૦ જરૂરિયાતમંદ પરિવારોને સીઝન મસાલા કીટનું નિઃશુલ્ક વિતરણ કરાયું

## મરચું, ધાણાજીરૂ, તથા હળદર સહિતના મસાલા અપાયા



રાજકોટ, તા.૧૬

પૂ. મૂળવંતભાઈ દોમડીયા દ્વારા સ્થાપિત વાત્સલ્ય જ્ઞાન વર્ધક સંઘ-પ્રતિષ્ઠાન-રાજકોટ ટ્રસ્ટ દ્વારા ગત તા.૧૩ને શનિવારના રોજ મૂળવંત દોમડિયા સ્મૃતિ સદન, ૭ કોટક શેરી, રાજકોટ ખાતેથી સમાજના જરૂરતમંદ ૧૦૦ પરિવારોને ગુણવત્તા પૂર્ણ સીઝન મસાલા કીટનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું છે. જેમાં મરચું, ધાણાજીરું તથા હળદરની કુલ ૫ કિ.ગ્રામ મસાલા કીટનું વિનામૂલ્યે વિતરણ કરવા માટેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનને સફળ બનાવવા માટે વાત્સલ્ય જ્ઞાન વર્ધક સંઘ-પ્રતિષ્ઠાનના ટ્રસ્ટી કિશોરભાઈ દોમડીયા, વિજયભાઈ વોરા, હિમાંશુભાઈ પારેખ, પ્રદીપભાઈ શાહ, નિલેશભાઈ શાહ, રમેશભાઈ ખૂંટ, નિતેષભાઈ વાઘેલા, નિશાંત દોમડીયાએ જહેમત ઉઠાવી હતી. આ આયોજનમાં અદાણી ફૂડ પ્રોડક્ટર્સનો સહયોગ મળ્યો હતો.

# બજરંગ ગ્રુપ દ્વારા આયોજીત રઘુવંશી પ્રથમ પરિચય સમારોહના ફોર્મ વિતરણ શરૂ

રાજકોટ,તા.૧૬

બજરંગ ગ્રુપ ઓફ રાજકોટ સિટી દ્વારા લોહાણા સમાજના યુવક-યુવતીના વૈવિશાળના પ્રશ્નના નિરાકરણ માટે રાજકોટના આંગણે સૌપ્રથમ વખત નિઃશુલ્ક રઘુવંશી પ્રથમ પરિચય સમારોહનું આયોજન આગામી તા.૧૨ મે ને રવિવારના રોજ બપોરના ૨ થી ૭ દરમ્યાન હેમગઢવી હોલ, ટાગોર માર્ગ, રાજકોટ ખાતે કરવામાં આવેલ છે. જોડાવા ઈચ્છુક ગ્રેજયુએટ યુવકો તેમજ કોઈપણ કેટેગરીમાં યુવતીઓ નિઃશુલ્ક જોડાઈ શકે છે. આગામી તા.૨૫ એપ્રિલના રોજ ફોર્મ ભરવાના રહેશે. વધુ માહિતી માટે હેમેનભાઈ કિશોરભાઈ, ગીરનાર સિનેમા સામે, રેસકોર્ષ પાસે, રાજકોટ ખાતે સંપર્ક કરવાનો રહેશે.

# મારવાડી યુનિવર્સીટી દ્વારા વાર્ષિકોત્સવ MU FEST 2024 ની ઉજવણી

## કેન્દ્રીય કેબીનેટ મંત્રી પરસોતમ રૂપાલા દ્વારા ઉદઘાટનઃ ત્રણ દિવસના આયોજનમાં કુલ ૮૫ થી વધારે ટેકિનકલ તથા નોન-ટેકિનકલ સ્પર્ધાઓમાં ૮૬૮૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો

રાજકોટઃતા ૧૬

તાજેતરમાં ગુજરાતની ખ્યાતનામ મારવાડી યુનિવર્સીટી દ્વારા વાર્ષિકોત્સવ ''MU FEST 2024''નું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું. મારવાડી યુનિવર્સીટી પોતાના તમામ વિદ્યાર્થીઓને સર્વાંગી વિકાસ સાધવામાં સતત પ્રયત્નશીલ રહેતી આવી છે, તેના જ ભાગરૂપે વિદ્યાર્થીઓની શૈક્ષણિક તથા રચનાત્મક ક્ષમતાને ઉજાગર કરવા માટે આ વાર્ષિકોત્સવ યોજાયો હતો. ઉદઘાટન પ્રસંગે કેન્દ્રીય કેબિનેટ મંત્રી પરસોતમ રૂપાલા તથા અનેક ગણમાન્ય આમંત્રિત મહાનુભાવ ઉપસ્થિત રહેલા જેથી વિદ્યાર્થીઓના ઉત્સાહમાં અનેરો આનંદ ઉમેરાયો હતો.




વાર્ષિકોત્સવ ત્રણ દિવસ માટે યોજાયો હતો, જેમાં અનેકવિધ કાર્યક્રમોનું આયોજન થયું હતું. ગુજરાતના ગૌરવ, ભારતની ભવ્યતા અને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના કૌશલ્યને દર્શાવતી ''સાંસ્કૃતિક ઝાંખી'' એક વિશાળ રેલીના રૂપમાં પ્રદર્શિત થઇ હતી. ત્રણ દિવસના આ આયોજનમાં કુલ ૮૫ થી વધારે ટેક્નિકલ તથા નોન-ટેક્નિકલ સ્પર્ધાઓના માધ્યમથી કુલ ૮૬૮૮ થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિજેતાઓને રૂ.૪ લાખથી વધુના રોકડ પુરસ્કારો તથા રૂ.૩૨ લાખથી વધુના ગિફ્ટ કુપનો એનાયત થયા હતા.

વાર્ષિકોત્સવ દરમિયાન સાંસ્કૃતિક ઝાંખી, ફેશન શો, ગૌરવ કપૂરની સ્ટેન્ડ-અપ કોમેડી, આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓનો ટેલેન્ટ શો તથા પ્રસિધ્ધ ગાયક અમિત ત્રિવેદીના લાઈવ કોન્સર્ટના આયોજને વિશેષ આકર્ષણ જમાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, મારવાડી યુનિવર્સીટી તેના તમામ વિદ્યાર્થીઓ માટે એક સમાન તકો પુરી પાડવા કટિબધ્ધ રહેતી હોઈ, આ કાર્યક્રમ યુવાનોના બૌધ્ધિક, રચનાત્મક તથા કલાત્મક કૌશલ્યને કેન્દ્રમાં રાખીને યોજવામાં આવેલ હતો.

મારવાડી યુનિવર્સીટીના આ ભવ્ય વાર્ષિકોત્સવને અદ્વિતીય, અદ્ભૂત અને અવિસ્મરણીય બનાવવામાં સામેલ તમામ વિદ્યાર્થી તથા શિક્ષકોને યુનિવર્સીટીના પ્રેસિડેન્ટ કેતનભાઈ મારવાડી, વાઇસ પ્રેસિડેન્ટ જીતુભાઈ ચંદારાણા, ટ્રસ્ટી ધ્રુવભાઈ મારવાડી, પ્રો.વી.સી. પ્રો. રાજેન્દ્રસિંહ જાડેજા, રજિસ્ટ્રાર નરેશ જાડેજા તથા ફેકલ્ટી ડીન તથા પરીક્ષા નિયામક પ્રો. આર. એલ. ઝાલા સહીત સૌકોઇએ અભિનંદન આપેલ હતા. કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રો. આર. એલ. ઝાલા, પ્રો. સી.ડી.પરમાર, પ્રો. આર.એમ.પટેલ તથા પ્રો. અંકુર ભોગાયતા સહીત ફેકલ્ટી ઓફ ટેક્નોલોજીના તમામ સ્ટાફ દ્વારા મહત્વની ભૂમિકા નિભાવવામાં આવી હતી

# પતાણી રોડવેઝવાળા જમાલભાઇ તરફથી શબવાહિની અર્પણ



રાજકોટ, તા.૧૫

રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં આમ સુન્ની એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના સોકતબાપુ કાદરીને પતાણી રોડવેઝવાળા જમાલભાઈ પતાણી તરફથી શબવાહિની રાજકોટના પૂર્વ કોર્પોરેટર તથા કોંગ્રેસ મહામંત્રી રહિમભાઈ સોરા હસ્તક અંકુર સોસાયટીમાં આવેલ મસ્જીદે નસીમ પાસે નિઃશુલ્ક આપેલ શબવાહિનીની ચાવી સોંપેલ. આ તકે મસ્જીદે નસીમના ઈમામ સૈયદ વઝીરઅલીબાપુ, રહિમભાઈ સોરા, સૌકતબાપુ કાદરી, બાબુભાઈ વિશળ, જમાલભાઈ પતાણી, અમીનભાઈ સમા, હાજી રહિમભાઈ, હબીબ સોઢા, આમંદ નાઈ, અમીન કનસુમરા, મુસ્તાક કૈડા, ઈલ્યાસ પતાણી, હાસમ મેતાજી, ઈકબાલભાઈ પતાણી, ઈમરાન ડેલા, આરીફ પતાણી, જુબેર પતાણી, કાસમભાઈ ડેલા, રફિકભાઈ ધાળા, હનીફ નકાણી, અજીજ ડેલા વગેરે ઉપસ્થિત રહેલ. આ શબવાહિની નિઃશુલ્ક સેવા આપશે જેની નોંધ લેવા જણાવેલ તેમ હાસમભાઈએ જણાવ્યું હતું.

# કોઠારીયા કોલોનીના કોટેશ્વર મહાદેવ મંદિરે શ્રીરામ જન્મોત્સવ ધામધુમથી ઉજવાશે



રાજકોટ,તા.૧૬

કોઠારીયા કોલોનીના આસ્થાના પ્રતિક સમા કોટેશ્વર મહાદેવ મંદિરે તા.૧૭/૪ને બુધવારેના શુભદિને શ્રીરામજન્મોત્સવ ધામધુમથી ઉજવાશે સવારે મર્યાદા પુરૂષોત્તમ શ્રીરામને પૂજન-અર્ચન યોજાશે બપોરે ૧૨ કલાકે મહાઆરતી કરવામાં આવશે.સાથે સુમધુર પંજરીનો પ્રસાદ આપવામાં આવશે.સમગ્ર મોદર જય જય શ્રીરામના ગગન ચૂંબી નાદથી ગુંજી ઉઠશે. સાંજે ૭.૩૦ કલાકે ઓમકાર મહાઆરતી યોજાશે ધર્મપ્રેમીભાવિકોને દર્શન તેમજ મહાઆરતીનો લાભ લેવા કોટેશ્વર પરિવાર દ્વારા અનુરોધ કરાયો છે.

## ચૈત્ર માસમાં આંયબિલ ઓળીની આરાધનાનો અવસર

# આજના સમયમાં કોઈની આડે ન આવવું તે જ સૌથી મોટો ધર્મ છેઃ પૂ.પારસમુનિ મહારાજ

રાજકોટ, તા.૧૬

ગોંડલ સંપ્રદાયના મહામંત્ર પ્રભાવક ગુરુદેવ પૂજ્ય શ્રી જગદીશમુનિ મહારાજ સાહેબ નાં સુશિષ્ય સદગુરુદેવ પૂજ્ય શ્રી પારસમુનિ મહારાજ સાહેબે દિવ્ય સાધનાલય કાલાવડ શીતલામાં આગમિક રહસ્ય બતાવતા આયંબિલ ઓળી નાં દ્વિતીય દિવસે ફરમાવેલ કે સિદ્ધ પરમાત્મા બધાનું બધું જાણે છે, છતાં પણ કોઈને કાંઈ કહેતા નથી. આપણે પરમાત્માનાં આ ગુણને જીવનમાં ઉતારવાનો છે. આપણા જીવનમાં સદાય શાંતિ અને સમાધિ રહેશે. આ કાળમાં કોઈની આડે ન આવું તે જ સૌથી મોટો ધર્મ છે.

જીવન વહેવારમાં આપણે ભિન્ન ભિન્ન પ્રકૃતિનાં અનેક માણસોનાં પરિચયમાં આવીએ છીએ. દરેક માણસનો સ્વભાવ, ગમો અણગમો અને જીવન જીવવાની અને કાર્ય કરવાની રીત અલગ અલગ હોય છે. દરેક માણસમાં પોતાના ગુણો અને અવગુણો હોય છે. જે પ્રકારના તત્ત્વો તેનામાં ઊભરે છે તે પ્રમાણમાં તે સારો ખરાબ દેખાય છે. કોઈપણ માણસ સંપૂર્ણ નથી.



આવી જુદી જુદી પ્રકૃતિના માણસો સાથે રહેતા હોઈએ અથવા કામ કરતા હોઈએ ત્યારે કેટલીક વખત સંઘર્ષ અનિવાર્ય બની જાય છે. મતભેદો હોય ત્યાં સુધી વાંધો નથી, પરંતુ મનભેદ થઈ જાય તો મુશ્કેલી ઊભી થાય છે, કારણ કે પછી માણસ પૂર્વગ્રહથી જોતો થઈ જાય છે, પરંતુ સમજદાર માણસ આની મર્યાદા બાંધી લે છે.

કેટલાક આડા અળવીતરા માણસોને લોકો સહન કરી લેતા હોય છે. તેની સાથે વાદવિવાદમાં ઊતરવામાં કશો લાભ થતો નથી. નુકસાન થવાની ઘણી સંભાવના હોય છે. ડાહ્યો માણસ વિચારે છે પાણીમાં રહેવું અને મગર સાથે વેર બાંધવું એમાં સાર નથી. આવા માણસો સાથે બને ત્યાં સુધી સંઘર્ષમાં ઊતરવું નહીં. વિરોધ કરવો નહીં. આડા ઊતરવું નહીં. કારણ કે સરવાળે આપણને જ નુકસાન થાય. સમજદાર માણસ આવા સમયે સંયમ જાળવે છે.

'તુલસી ઈસ સંસારમેં ભાતભાત કે લોગ , સબ સે હિલમિલ રહીએ, નદી નાવ સંજોગ' સમાજમાં તરેહતરેહના માણસો છે. સ્વાર્થી, મતલબી, માખણીયા, ખુશામતખોરો અને ધૂર્ત લોકોનો તોટો નથી. માણસ પોતાનો જ ફાયદો વિચારે છે એમાં બીજાને કેટલું નુકસાન જશે તેનો વિચાર કરતો નથી. સ્વાર્થ આવે ત્યારે માણસ અંધ બની જાય છે. સંકુચિત વિચારો અને ટૂંકી દષ્ટિથી માણસ જોવા લાગે છે ત્યારે તેના વિકાસનું મેદાન પણ સાંકડું બની જાય છે.

આપણે કોઈ પણ ક્ષેત્રમાં કામ કરતાં હોઈએ ત્યાં થોડી ઘણી ટીકા અને વિરોધના ભોગ બનવું પડે છે. તમે ગમે તેટલું સારું કામ કરતા હો પરંતુ તે જોવાની દરેકની દષ્ટિ અલગ અલગ હોય છે. ગમા અણગમા પર આ બધી વસ્તુઓનો આધાર છે. સારું કામ કરવાવાળા માણસોએ ટીકાથી કે વિરોધથી ડરવાનું નથી, પરંતુ આવા સમયે સ્વસ્થતા ધારણ કરવાની જરૂર છે.

# યુનિસન ઈન્સ્યુરન્સ બ્રોકિંગ સર્વિસીસ રાજકોટ શાખાનું ગ્રાન્ડ ઓપનિંગ

રાજકોટ, તા. ૧૬

વીમા ઉધોગમાં એક વિશિષ્ટ નામ યુનિસન ઈન્શ્યોરન્સ બ્રોકિંગ સર્વિસીસ રાજકોટમાં તેની નવી શાખાના ઉદઘાટનની ગર્વભેર જાહેરાત કરે છે. અપ્રતિમ વીમા સોલ્યુશન્સના ૨૫ વર્ષના વારસા સાથે, યુનિસન ઈન્સ્યુરન્સ બ્રોકિંગ સર્વિસીસે વીમા ઉધોગમાં ઉત્કૃષ્ટતા માટેનું ધોરણ નક્કી કરવાનું ચાલુ રાખ્યું છે.

રાજકોટ શાખાનું ઉદઘાટન યુનિસનની વૃદ્ધિની યાત્રામાં વધુ એક સીમાચિહ્નરૂપ છે અને અત્યંત સમર્પણ સાથે ગ્રાહકોની સેવા કરવાની પ્રતિબદ્ધતા. રાજકોટ અને સૌરાષ્ટ્ર કચ્છ માં વિશ્વસનીય વીમા સોલ્યુશન્સ મેળવવા ઈચ્છતા વ્યકિતઓ અને વ્યવસાયો માટે યુનિસન નિર્ધારિત લક્ષ્યાંકો હાંસલ કરવા તૈયાર છે.યુનિસન ઈન્સ્યોરન્સ બ્રોકિંગ સર્વિસીસ વતી બીઝનેસ હેડ, રાજકોટ સમીર પંડયા જણાવે છે કે''અમારી સાથે વ્યાપક અનુભવ અને અમારા ગ્રાહકો પ્રત્યેની અવિરત પ્રતિબદ્ધતા, અમે ઉચ્ચતમ પ્રદાન કરવાનું લક્ષ્ય રાખીએ છીએ.તેમની વિકસતી વીમા જરૂરિયાતોને પહોંચી વળવા માટે સેવા અને સહાયનું સ્તર.''

**શ્રીરામચંદ્રકૃપાલુ ભજમનહરન ભવ ભય દારૂણં નવ કંજ લોચન, કંજમુખ, કર કંજ પદ કંજારૂણં**



# કાલે રામલલ્લાના જન્મ વધામણાના દિવ્ય અવસરને વધાવવાનો ભાવિકોમાં થનગનાટ

## આવતીકાલે સંકિર્તન મંદિરેથી સવારે પ્રભાત ફેરીઃ પુનિત સદ્ગુરૂ ભજન મંડળ દ્વારા ભજન સહિતના આયોજનોઃ જીવનનગરમાં રામનવમી ભવ્ય રીતે ઉજવાશેઃ શહેર ભાજપ દ્વારા રામનવમી રથયાત્રાનું રૈયાચોકડી ખાતે સ્વાગત કરાશે

રાજકોટ,તા.૧૬

શ્રી રામચંદ્ર કૃપાલુ ભજમનહરન ભવભય દારૂણ નવકુંજ લોચન, કંજમુખ, કરકંજ પદ કંજારૂણ ભગવાન શ્રીરામ વિષ્ણુનો સાતમો અવતાર છે આવતીકાલે રામનવમી છે.કાલે શહેરના ભગવાન રામચંદ્રનો જન્મોત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવનાર છે. અયોધ્યામાં રામમંદિરની ૫૦૦ વર્ષ બાદ પ્રતિષ્ઠા થઈ હોવાથી લોકોમાં રામજન્મોત્સવ ઉજવવાનો અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે.રાજકોટમાં વિહિપ તથા રાધેશ્યામ ગૌશાળા દ્વારા કાલે ભવ્ય રથયાત્રાનું આયોજન કરેલ છે. પોપટપરામાં આવેલ રામજી મંદિર, કાલાવડ રોડ પર આવેલ સંકીર્તન મંદિર સદ્ગુરૂ આશ્રમ ગીતા વિદ્યાલય પેલેસ રોડ ઉપર આવેલ રામ ઝરૂખો તથા ન્યાયભગત અન્નક્ષેત્ર રામજીમંદિર સહિત અનેક મંદિરોમાં આવતી કાલે રામનવમી નિમિતે વિવિધ ધાર્મિક કાર્યક્રમોના આયોજનો થયા છે.

**કાલે સંકિર્તન મંદિરે ''શ્રી રામનવમી જન્મોત્સવ''ની ભવ્ય ઉજવણી**

પ્રેમભિક્ષુજી મહારાજ પ્રેરિત શ્રી હરિનામ સંકિર્તન મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ આવતીકાલ તા. ૧૭ ને બુધવારબા રોજ ''શ્રી રામનવમી જન્મોત્સવ''ની ભવ્ય રીતે ઊજવવામાં આવશે. જેમાં સવારે ૫:૩૦ કલાકે સંકિર્તન મંદિરેથી પ્રભાત ફેરી, બપોરે ૧૨:૦૦ કલાકે શ્રી રામ નવમી જન્મોત્સવ ઉત્સવ આરતી સાથે ધામ ધૂમથી ઉજવવામાં આવશે.

**કાલે પુનિત સદગુરૂ ભજન મંડળ દ્વારા રામેશ્વર મહાદેવ મંદિરે ધાર્મિક કાર્યક્રમોની વણઝાર**

શ્રી પુનિત સદગુરૂ ભજન મંડળ દ્વારા આવતીકાલ તા.૧૭ ને બુધવારના રોજ શ્રી રામ જન્મોત્સવની ઉજવણી નિમિતે સવારે ૧૦ થી ૧૨ વાગ્યા દરમ્યાન શ્રી રામ ભગવાનના તથા સંત પુનિતના ભજનો, બપોરે ૧૨ કલાકે શ્રી રામ જન્મઉત્સવ, બપોરે ૧૨ થી ૧ શ્રી રામ ધૂન, તથા થાળ - આરતી અને બપોરે ૧ કલાકે મહાપ્રસાદનું શ્રી રામેશ્વર મહાદેવ મંદિર, સિવિલ હોસ્પિટલ, ઇમરજન્સી વિભાગ પાસે, રાજકોટ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

**કાલે જીવનનગરના મહાદેવધામમાં રામનવમી જન્મોત્સવની ધામધૂમથી ઉજવણી**

**પ્રભાત ફેરી, સુંદર કાંડના પાઠ, મહાઆરતી સહિતના અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોની વણઝાર**

જીવનનગર વિકાસ સમિતિ સંચાલિત રામેશ્વર મહાદેવ મંદિર, મહાદેવધામ મહોત્સવ સમિતિ, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ, મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે આવતીકાલ તા.૧૭ મી રામનવમી જન્મોત્સવ ઉજવણી ધામધૂમથી કરવામાં આવશે.

મંદિરના વ્યવસ્થાપક સુનિતાબેન વ્યાસ અને વિનોદરાય ભટ્ટએ જણાવ્યું છે કે, દેશભરમાં રામનવમીની સૂર્ય તિલક સાથે ધામધૂમથી ઉજવણી થવાની છે. મંદિરમાં સવારના પ્રભાત ફેરી, સુંદર કાંડના પાઠ, મહાઆરતી, દિપમાલા, સત્સંગ સહિતના અનેક ધાર્મિક કાર્યક્રમો યોજાવાના છે. બપોરે ૧૨ કલાકે મહાઆરતી સાથે પ્રસાદનું વિતરણ થશે.

મહાઆરતીમાં વોર્ડ નં. ૧૦ ના નગરસેવકો ચેતનભાઈ સુરેજા, નિરૂભા વાઘેલા, જયોત્સનાબેન ટીલાળા, રાજેશ્રીબેન ડોડીયા, પૂર્વ કોર્પોરેટર પરેશભાઈ હુંબલ, અશ્વિનભાઈ ભોરણીયા, વોર્ડ પ્રભારી રઘુભાઈ ધોળકીયા, પ્રમુખ રજનીભાઈ ગોલ, શહેર ભાજપ મંત્રી હરેશભાઈ કાનાણી, સહિતના ઉપસ્થિત રહેશે. મહોત્સવની તૈયારી મહિલા મંડળના સુનિતાબેન વ્યાસ, અલ્કાબેન પંડયા, શોભનાબેન ભાણવડિયા, યોગીતાબેન જોબનપુત્રા, ભારતીબેન ગંગદેવ, હર્ષાબેન પંડયા, જયોતિબેન પુજારા, આશાબેન મજેઠીયા સહિતના દ્વારા કરવામાં આવી રહી છે.

## શહેર ભાજપ દ્વારા રામનવમીની રથયાત્રાનું રૈયા ચોકડી ખાતે સ્વાગત કરાશે



રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા જણાવે છે કે આવતીકાલે હિન્દુઓ માટે રામ ભકિત કરવાનો દિવસ એટલે રામ જન્મ દિવસ-રામનવમી આ દિવસે સમગ્ર દેશમાં રામ મંદિરોમાં સવારથી વિવિધ કાર્યક્રમો કરી ધજા-પતાકા લહેરાવી ઉજવણી કરવામાં આવશે. શ્રી રામ ભગવાનના જન્મ દિવસની ઉજવણી બાદ બપોરે ૧૨.૦૦ કલાકે મંદિરમાં પ્રસાદીરૂપે પંજરીનો પ્રસાદ વહેંચવામાં આવશે.

આવતીકાલે હિન્દુ રાજકોટ શહેરમાં રામનવમીની રથયાત્રા કાઢ વામાં આવનાર છે આ રથયાત્રાનું સ્વાગત રૈયા ચોકડી ખાતે ૯.૩૦ કલાકે શહેર ભાજપ દ્વારા આ રથયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે. તો આ કાર્યક્રમમાં શહેર ભાજપના તમામ શ્રેણીના કાર્યકર્તાઓને સમયસર ઉપસ્થિત રહેવા રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા એ જણાવાયું છે.

## કાલે સદ્ગુરૂ આશ્રમમાં રામનવમીની ભવ્ય ઉજવણી કરાશેઃ મહાપ્રસાદ

રાજકોટ તા.૧૬

સદ્ગુરૂ આશ્રમમાં આવતીકાલે ભગવાન શ્રી રામચંદ્રજીના જન્મ વધામણાની ઉજવણી ભવ્ય રીતે કરવામાં આવશે. અહીં શ્રી રણછોડદાસજી બાપુ સદૈવ બિરાજમાન છે.



આવતીકાલે રામ જન્મોત્સવમાં સંતોનો ભંડારો તથા ફરાળ રૂપી મહાપ્રસાદમાં કેરીનો રસ સાથે આયોજન કરવામાં આવેલ છે. કેરીના રસના દાતા પરસોતમભાઈ રાબડીયા તથા સપનાબેન હાર્દિકભાઈ પરસાણા છે.

આવતીકાલે બપોરે ૧૨ વાગે નિજ મંદિર હોલમાં રામ જન્મોત્સવ ભવ્ય રીતે ઉજવાશે તથા બપોરના ૧૨થી ૨ વાગ્યા સુધી પૂ. રણછોડદાસજી બાપુ આશ્રમની સામેના ગ્રાઉન્ડમાં સદ્ગુરૂ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે તેમ ટ્રસ્ટી પ્રવીણભાઈ વસાણીએ જણાવેલ છે.




## ઈસ્કોન મંદિરે કાલે ૨૧૦૦ કિલો વિવિધ રંગીન ફુલોથી ભગવાન શ્રી રામચંદ્રજીનો પુષ્પ અભિષેક કરાશે

### દર્શનાર્થીઓ માટે ભંડારા પ્રસાદનું આયોજન

રાજકોટ, તા. ૧૬

આવતીકાલ તા. ૧૭ના બુધવારે રામનવમીનો તહેવાર છે. શહેરના કાલાવડ રોડ પર સ્થિત ઇસ્કોન મંદિર રાજકોટનો રામનવમીના દિવસે ૨૧મોં બ્રહ્મોત્સવ ઉજવવા જઈ રહ્યો છે. આ અંગે માહિતી આપતા ઇસ્કોન મંદિર રાજકોટના પ્રમુખ વૈષ્ણવસેવા પ્રભુજી જણાવે છે કે આ વર્ષે રામનવમી એ એક વિશેષ ખુશીનું કારણ છે કારણ કે આ વર્ષે આશરે ૫૦૦ વર્ષ પછી ભગવાન શ્રી રામની અયોધ્યામાં પોતાની જન્મભૂમિ ખાતે મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા થઈ ચૂકી છે એટલે દેશભરમાં એક અનેરો ઉત્સાહ રામનવમી લઈને જોવા મળી રહ્યો છે. આ વર્ષે રામનવમીના દિવસે ઇસ્કોન મંદિર રાજકોટ, દ્વારા ભગવાન શ્રી રામચંદ્રના અવિર્ભાવ તેમજ મંદિર ના ૨૧માં બ્રહ્મોત્સવની એમ બેવડી ખુશી મનાવવા જઈ રહ્યું છે.

ઇસ્કોન મંદિર રાજકોટ ખાતે ભગવાન શ્રી સીતારામ લક્ષ્મણ હનુમાનજી નો રામ દરબાર પણ આવેલ છે માટે ઇસ્કોન મંદિર દ્વારા આ વર્ષે રામનવમીના પર્વની ખૂબ જ ઉલ્લાસ પૂર્વક ઉજવણી કરવામાં આવશે. આ માટે રાજકોટની જનતા માટે અનેક સુંદર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. સાંજે ૪ થી ૬ ભક્તિમય અને સુમધુર કીર્તન, ૫૬ ભોગ દર્શન સાંજે ૪થી ૭:૩૦ વિશેષ ભગવાન શ્રીરામની આરતી અને સાંજે ૮:૦૦ વાગે ૨૧૦૦ સલ વિવિધ પ્રકારના સુગંધિત ફૂલોથી ભગવાન શ્રી રામચંદ્રનો પુષ્પ અભિષેક નું આયોજન કરવામાં આવેલ છે. સાંજે ૫ વાગ્યાં થી સર્વ દર્શનાર્થીઓ માટે ફરાળી મહાપ્રસાદ નું આયોજન કરવામાં આવેલ છે. રામનવમીના દિવસે જે લોકો કાર, બાઈક અને વાહન લઇને આવે એના માટે મંદિરની બાજુના મેદાનમાં કાર, બાઈકના વિશેષ પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવેલ છે રાજકોટની ધર્મપ્રેમી અને ઉત્સવપ્રેમી જનતાને મંદિરે પધારવા ભાવતરક કૃષ્ણ દાસ (ભાવિક પંડ્યા) જણાવેલ છે.

## કાલે રામનવમી : ભગવાન શ્રીરામની ભકિત કરવાનો દિવ્ય અવસર

**-શાસ્ત્રી રાજદીપ જોષી(વેદાંત રત્ન)**

રાજકોટ, તા. ૧૬

ચૈત્ર શુદ નોમને બુધવાર તા ૧૭.૪.૨૪ના દિવસે રામ નવમી અને સહજાનંદસ્વામી જયંતિ પણ છે. બુધવાર વિષ્ણુ ભગવાનનો વાર છે આથી બુધવારે આવતી રામનવમી ઉત્તમ ગણવામાં આવે છે બુધવારે રામનવમીના સાથે ચૈત્ર નવરાત્રી પૂર્ણ થશે.

શ્રી રામ નામ નુ મહત્વ : શ્રી રામ શબ્દમાં ત્રણ અક્ષર છે. ર અમ..ર' એટલે અગ્નિ નું બીજ જે અશુભ કર્મને બાળે છે. 'અ' એટલે સુર્યનું બીજ તે અહંકાર નાશ કરે છે અને જ્ઞાન ની પ્રાપ્તિ કરાવે છે મ એટલે ચંદ્ર નુ બીજ આધી વ્યાધી અને ઉપાધી હરી લે છે. રામ નામ ઉઁ કાર સમાન છે. બીજા બધા મંત્ર જાપ બોલવામાં નીતિ નિયમ છે. ફક્ત રામ નામના મંત્ર જ એવો છે કે જે કોઈપણ જગ્યા એ કોઈપણ સમયે બોલી શકાય છે. ઘરપૂજા મંદિર અને સ્મશાનમાં પણ બોલી શકાય છે. રામનવમી ના દિવસે ઉપવાસ અથવા એકટાણું-કરવું. રામ નામનું લેખન કરવું. શ્રીરામના ૭ સૌથી સરળ મંત્રોમાં છે. દરેક મુશ્કેલી દૂર કરે છે રામનવમી પર શ્રી રામના ૭ મંત્ર તમારી મુસિબતો દૂર કરશે. રામ નવમી ના દિવસે આ મંત્રના જપ પણ કરવા પણ ઉત્તમ છે.

(૧) 'રામ' આ મંત્ર કોઈપણ જગ્યાએ બોલી શકાય છે કોઈપણ સમયે બોલી શકાય છે મહામંત્ર છે જીવનની મુસીબત દૂર કરે છે અને શાંતિ આપે છે.

(૨) 'રાં રામાય નમઃ આ મંત્રના જપ કરવાથી આર્થિક સંકટ દૂર થાય છે.

(૩) રામચંદ્રાય નમઃ આ મંત્રના જપથી જીવનના કલેશ દૂર થાય છે.

(૪) ઉઁ રામભદ્રાય નમઃ' કાર્યની સિધ્ધિ માટે પ્રભાવી મંત્ર છે.

(૫) 'ઉઁ નમો ભગવતે રામચંદ્રાય' આ મંત્ર આપત્તિના નિવારણ છે.

(૬) 'શ્રી રામ જય રામ જપ- જય રામ આ મંત્ર શુભ મનોકામના માટે

(૭) ' શ્રીરામ ગાયત્રી મંત્ર'- 'ઉઁ દશરથાય વિદમહે સીતા વલ્લભાય ધીમહિ તન્નો રામ પ્રચોદયાત... સર્વ કાર્ય સિદ્ધ આપે છે.

કોઈપણ વ્યક્તિ બધા જ આ મંત્ર જપી શકે છે. રામનવમીના દિવસે રામચંદ્ર ભગવાનનું સ્થાપન કરી પૂજન કરી અને આ મંત્ર જપનું અનુષ્ઠાન કરવું ઉત્તમ ફળદાય છે. તે ઉપરાંત દરરોજ પણ આ મંત્ર જપનુ અનુષ્ઠાન કરી શકાય છે સાથે રામનવમીના દિવસે રામરક્ષા સ્તોત્રનો પાઠ કરવો પણ ઉત્તમ છે.

**શ્રી રામ ભગવાનનું પૂજનઃ-** રામ નવમીના દિવસે બપોરે ૧૨ વાગ્યે શ્રીરામચંદ્ર ભગવાનનું પુજન કરવું ઉત્તમ છે. એક બાજોઠ કે પાટલા ઉપર સફેદ વસ્ત્ર પાથરી તેના પર રામચંદ્ર ભગવાનની છબી પધરાવી. છબીની બાજુમાં દિવો કરવો. ભગવાનને ચંદનનું તિલક, ચોખા કરી પોતે પણ ચાંદલો કરવો. ભગવાનને ફૂલ અર્પણ કરવું, ચોખા, અબીલ, ગુલાલ કંકુ અર્પણ કરવા. નૈવેદમાં પંજરી ધરાવવી, ફળ ધરાવવા. આ બધી પુજા કરતા કરતા શ્રીરામ નામ ઘરના બધા જ સભ્યો એ લેતા રહેવું, ત્યારબાદ રામ ભગવાનની આરતી ઉતારી અને ક્ષમાયાચના માંગવી. આ દિવસે સાથે લક્ષ્મણજી અને સિતાજીનું પણ પુજન કરવું ઉત્તમ છે. રામ નવમીના દિવસે બપોરે અભિજીત મુર્હુત ૧૨.૨૧થી ૧.૧૨ સુધી છે. તેમાં પણ શ્રીરામ ચંદ્ર ભગવાનનું પુજન કરવું ઉત્તમ છે.

**શ્રી રામચંદ્ર ભગવાનને પંજરી પ્રસાદનું મહત્વ**

ભગવાન શ્રીરામનો જન્મ હોય કે કૃષ્ણ જન્મ હોય. જન્મ ઉત્સવમાં પંજરી ધરાવવાનું મહત્વ વધારે છે. પંજરીમાં ઘાણાં સાકર અને નાળિયેર આવે છે.જે શુભ છે. એક માન્યતા પ્રમાણે ભગવાનને પંજરી બહુ પ્રિય હતી. આથી પણ પંજરી ધરાવવાનું મહત્વ છે. સાથે પંજરીમાં ઠંડકના ગુણ વધારે છે. સાથે પાચન માટે પણ ઉત્તમ છે. આરોગ્યની દ્રષ્ટિએ પણ સારી છે આમ ભગવાનને પંજરી ધરાવવાનું મહત્વ વધારે છે.



**આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ પ્રેરિત તથા સનાતન હિન્દુ સંગઠન દ્વારા**

## કાલે રામ જન્મોત્સવ યાત્રા

રાજકોટ, તા. ૧૬

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ પ્રેરિત અને સનાતન હિંદુ સંગઠન દ્વારા આવતીકાલ તા.૧૭ ને બુધવારે સવારે ૯ કલાકે શ્રી રામજી મંદિર,જૂના ગણેશનગર કોઠારીયા રોડ થી નીકળશે અને બપોરે ૧ વાગ્યે રણુજા મંદિરે પહોંચશે, ત્યાં આરતી કરીને ભકતો ફરાળ કરશે.

આ યાત્રાને સફળ બનાવવા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સૌરાષ્ટ્ર પ્રાંત મંત્રી જેન્તીભાઇ પટેલ, રાષ્ટ્રીય બજરંગ દળના દિલિપ સોલંકી, સનાતન હિન્દુ સંગઠનના દાનાભાઈ આહીર, જયવિરસિંહ જાડેજા, પ્રભાતભાઈ જડું, કિસન ફાગલિયા, ધવલ કિહોર, લાલાભાઈ ડાંગર, રમેશભાઈ બાંભવા, રાજાભાઈ ગોહેલ, જીવાભાઈ આહીર, યુવરાજ ડાંગર, મેહુલ કુવાડિયા, અશ્વિનભાઈ આહીર, દેવાભાઈ આહીર વગેરે કાર્યકર્તા જહેમત ઉઠાવી રહ્યા છે.

## કાલે સોખડા હરિધામ મંદિરે હરિ જયંતી ભવ્ય રીતે ઉજવાશે



રાજકોટ તા.૧૬

આવતીકાલે મર્યાદા પુરૂષોતમ ભગવાન શ્રી રામચંદ્રજી તથા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનો પ્રાદુર્ભાવ દિવસ છે. બ્રહ્મ સ્વરૂપ શાસ્ત્રી મહારાજના સંકલ્પ તથા બ્રહ્મસ્વરૂપ શ્રી યોગીજી મહારાજની કૃપાથી ગુરૂ હરિ બ્રહ્મસ્વરૂપ હરિપ્રસાદજી મહારાજ દ્વારા સાકાર શ્રી હરિધામ મંદિર (સોખડા)માં બિરાજમાન શ્રી ઠાકોરજીનો ૪૩મો પ્રાણ પ્રતિષ્ઠા દિન પૂ. પ્રગટ ગુરૂશ્રી પ્રેમ સ્વરૂપ સ્વામીજી મહારાજના સાંનિધ્યમાં આવતીકાલ તા.૧૭મીના બુધવારે સાંજે ૫-૩૦થી ૭ સુધી મહાપ્રસાદ તથા રાહતના ૯-૩૦થી ૧૦ સુધી ઉત્સવ સમારોહ યોજાશે. જયારે રાત્રે ૧૦-૧૦ વાગ્યે પ્રાગટયોત્સવ મહાઆરતી યોજાશે તેમ યોગીધામના સંત શ્રી ત્યાગવલ્લભ સ્વામીએ જણાવેલ છે.

**પદ્મભૂષણ પૂ.ગો.શ્રી ગોકુલોત્સવજી મહારાજ વગેરેના સાંનિધ્યમાં**

## અમદાવાદમાં સૌ પ્રથમવાર તા.૧૯થી ૨૪ સુધી વિરાટ સોમયજ્ઞનું ભવ્યાતિત આયોજનઃ તૈયારીઓ

રાજકોટ તા.૧૬

અમદાવાદના આંગણે સૌ પ્રથમવાર શ્રી વિરાટ વાજપેય બૃહસ્પતિસવ મહા સોમયાગ મહોત્સવનું આગામી તા.૧૯થી ૨૪ સુધી પદ્મભૂષણ પૂ.ગો. ડો. શ્રી ગોકુલોત્સવજી મહારાજ (ઈંદોર), સોમયજ્ઞ સમ્રાટ પૂ.ગો. ડો. શ્રી વ્રજોત્સવજી મ. તથા પૂ.ગો.શ્રી ઉમંગરાયજી બાવાના સાંનિધ્યમાં કરવામાં આવેલ છે.

તા.૧૮ના સાંજે ૫ વાગે વિશાળ કળશ શોભાયાત્રા યોજાશે. વિરાટ સોમયજ્ઞના પાવન પ્રસંગો અંતર્ગત તા.૧૯ના તુલસીવિવાહ, તા.૨૦ના છાક મનોરથ, તા.૨૧ના નંદ મહોત્સવ, તા.૨૨ના યમુનાજી ચુંદડી મનોરથ, તા.૨૩ના રથયાત્રા-ધવજારોહણ બ્રહ્મચક્ર, તા.૨૪મીના બુધવારે વિરાટ સોમયજ્ઞનું સમાપન થશે. દરરોજ બપોરે ૧ વાગે મહાપ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

ઉપરોકત મહોત્સવ દરમ્યાન જગન્નાથ મંદિરના મહામંડલેશ્વર દિલીપદાસજી મહારાજ, લીંબડી નિમ્બાર્ક પીઠના મહંત મહા મંડલેશ્વર લલિતકિશોરદાસજી મહારાજ, મહામંડલેશ્વર શ્રી જાનકીદાસજી મહારાજ, મહંત શ્રી વિજયદાસજી મહારાજ આદિ પધારશે.

રાજયપાલ આચાર્ય દેવવ્રતજી, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સહિત રાજયના મંત્રીઓ, ધારાસભ્યો વગેરે અનુકુળતા અનુસાર વિરાટ સોમયજ્ઞ મહોત્સવમાં પધારશે તેમ વિરાટ સોમયજ્ઞ સમિતિ (અમદાવાદ)એ જણાવેલ છે.

## વોર્ડના સફાઈ કામદાર માટે હેલ્થ ચેકઅપ અને PMJAY કાર્ડના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું

રાજકોટ,તા.૧૬

રાજકોટ મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના જુદા જુદા વોર્ડમાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા સફાઈ કામદારનાં હેલ્થ ચેકઅપ તથા PMJAY કાર્ડ કાઢવા અંગે વોર્ડ કક્ષાએ તા.૧૬-૦૪-૨૦૨૪ના રોજ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. આજ રોજ તા.૧૬/૪ના દિવસે વોર્ડ ૨ક, ૩ક, ૭ક, ૧૩ક, ૧૪ક, ૧૭ક, ૮ક, ૯ક, ૫ક, ૬ક, ૧૬ક, ૧૮કના વોર્ડ ખાતે આ કેમ્પનં આયોજન કરવામાં આવેલ, જેમાં વોર્ડનાં એસ.એસ.આઈ, એસ.આઈ, મેડીકલ ઓફીસર અને આરોગ્યનો સ્ટાફ હાજર



રહી હેલ્થ ચેકઅપ અને PMJAY કાર્ડ કામગીરી કરવામાં આવી હતી.

## મીન રાશિમાં મંગળનો ગોચર પ્રવેશ

જયોતિષ શાસ્ત્રમાં મંગળને અગ્નિ તત્વનો ગ્રહ ગણાવ્યો છે. મંગળ ઉર્જાનો કારક ગ્રહણ છે. મંગળ ૨૩ એપ્રિલે કુંભ રાશિમાંથી મીન રાશિમાં જશે. જયારે મંગળ મીન રાશિમાં પ્રવેશ કરે છે. ત્યારે ૬ રાશિના લોકો પર મંગળની નકારાત્મક અસર જોવા મળી શકે છે. ચાલો જાણીએ કે કઇ ૬ રાશિના લોકોએ મંગળના સંક્રમણ દરમિયાન સાવધાન રહેવું પડશે.

**વૃષભ**

વૃષભ રાશિના લોકો માટે મંગળનો ગોચર પારિવારિક બાબતોમાં મુશ્કેલી ઉભી કરી શકે છે. આ સમયગાળા દરમિયાન પ્રિયજનો વચ્ચે સમજૂતી કરીને તમારી ઉર્જા સાથેના સંબંધોને સુમેળ સાધવાનો પ્રયાસ કરવો પડશે. આ ગોચર દરમિયાન શાંતિપૂર્ણ અને આરામદાયક વાતાવરણ મેળવવા ઇચ્છો છો જોકે આ રાશિના લોકોમાં કોઇ આંતરરાષ્ટ્રીય કંપનીમાં કામ કરી રહ્યા છે, તેમને વ્યવહારમાં વધુ લાભ મળશે.

**સિંહ**

સિંહ રાશિના લોકો માટે મંગળ સ્વાસ્થ્યની દ્રષ્ટિએ તે થોડુ પડકારજનક રહેશે. આ સમય દરમિયાન શારીરિક સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે. ખુબ થાક અનુભવી શકાય એવું પણ બની શકે છે કે સ્વાસ્થ્ય સંબંધીત સમસ્યાઓને કારણે કામમાં ૧૦૦ ટકા ધ્યાન ન આપી શકો. આ કારણે તમને પ્રોફેશનલ મોરચે ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડશે. અધિકારીઓ પણ તમારાથી નારાજ થઇ શકે છે.

**કન્યા**

મંગળના આ ગોચર દરમિયાન કન્યા રાશિના લોકો થોડી મુંઝવણમાં રહી શકે છે. આ સમય દરમિયાન નકારાત્મક વિચારો તમારા પર હાવી થઇ શકે છે. તેથી તમારે ધ્યાનની મદદ લેવી જોએ. આનાથી તમને ઘણો ફાયદો થશે. આ સિવાય વૈવાહિક જીવનમાં પણ ઘણી સમસ્યાનો સામનો કરવો પડી શકે છે. વાસ્તવમાં કોઇ ત્રીજી વ્યકિતની દખલગીરીને કારણે તમારા પારિવારિક જીવનમાં અનેક પ્રકારની સમસ્યાઓ ઉભી થઇ શકે છે. જીવનસાથી સાથે તમારો કોઇ વિવાદ થઇ શકે છે.

**તુલા**

મંગળનું સંક્રમણ તમારા સ્વાસ્થ્યને અસલર કરી શકે છે. આ દરમિયાન તમારે કમરની સમસ્યાનો સામનો કરવો પડશે. તમને પીઠનો દુઃખાવો, અલ્સર વગેરે જેવી સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે. જોકે આ સમય દરમિયાન, અન્ય લોકો તમારા નિર્ણય લેવાની ક્ષમતાની પ્રોત્સાહિત થઇ શકે છે. તમારા આગળના ઉદ્દેશ્યો પૂરા કરવા માટે તમે નાના જોખમો લઇ શકો છો. તમને આ સમયગાળા દરમિયાન તમારા સ્વાસ્થ્ય પ્રત્યે બેદરકાર ન રહેવાની સલાહ આપવામાં આવે છે.

**મકર**

મંગળનું આ ગોચર મકર રાશિના લોકોને ભાવનાત્મક રીતે થોડા નબળા બનાવી શકે છે. આ સમય દરમિયાન કેટલાક સંબંધોને લઇને વિવાદ વધી શકે છે, પરંતુ તમારે આ સમયગાળા દરમિયાન થોડી સાવધાની સાથે કામ કરવાની જરૂર છે. તમારે તમારા જીવનસાથી સાથે પણ ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે. તમારી ઇચ્છાઓ અને તમારા જીવનસાથીની જરૂરીયાતો વચ્ચે સંતુલન જાળવો. જે લોકો પોતાની રૂચિને પ્રોફેશનલ બનાવવા માંગે છે તેઓ આ સમયગાળા દરમિયાન સફળતા મેળવી શકે છે.

**કુંભ**

કુંભ રાશિના જાતકોએ મંગળ સંક્રમણ દરમિયાન તેમના વ્યાવસાયિક અને પારિવારિક જીવનમાં સંતુલન જાળવવું જરૂરી છે. ઉપરાંત આ રાશિના વિદ્યાર્થીઓએ આ સમયગાળા દરમિયાન થોડી સાવચેતી રાખવાની જરૂર છે.મંગળ શિક્ષણમાં થોડી અડચણો આપી શકે છે. તમારા ખરાબ સ્વાસ્થ્યને કારણે અભ્યાસમાં સારૂ પ્રદર્શન કરી શકશો નહીં. ઉપરાંત આ ગોચર તમને આંખ સંબંધિત કોઇપણ સમસ્યા આપી શકે છે.

## કુલપતિ ડો.જોષીપુરા નિવૃત થયાનાં ત્રણ વર્ષ બાદ હજુ કાયદા ભવનમાં ચેમ્બર યથાવત

### ચેમ્બર ખાલી કરાવવા કોંગ્રેસ નેતા રોહિત રાજપૂતનો આક્ષેપ

રાજકોટ,તા.૧૬

સૌરાષ્ટ્ર યુનિ.ના કુલપતિ ડો.જોષીપુરા નિવૃત્ત થયાના ત્રણ વર્ષ બાદ પણ કાયદા ભવનમાં ભવ્ય ચેમ્બર, એસી યથાવત છે ત્યારે કાયદાની ભાષામા જોશીપુરા પર ઓફીસ ગ્રેબિંગ દાખલ કરવા કોંગ્રેસ વિદ્યાર્થી નેતા રોહિત રાજપૂતે માંગ કરી છે.

યુનિવર્સિટીમાં ૧૦ કરોડનો ખર્ચ ગેરકાયદે મંજૂર કર્યાનો ઓડિટ પેરામાં ઘટસ્ફોટ થયો અને તત્કાલીન કુલપતિ ડો. જોષીપુરાના કાર્યકાળમાં અનેક ગેરરીતિ થયાના આક્ષેપ અગાઉ કરાયા હતા, પરંતુ હવે યુનિવર્સિટીના જ કાયદા ભવનમાં નિવૃત્તિ પછી ત્રણ વર્ષે પણ ડો.કમલેશ જોષીપુરાની ચેમ્બર હજુ ચાલુ રાખવામાં આવી છે. તેમના નામની નેમપ્લેટ, ખુરશી, એસી સહિતના ઉપકરણો પણ હોવાના ફોટા અને વીડિયો સાથે કોંગ્રેસના વિદ્યાર્થીનેતા રોહિતસિંહ રાજપૂતે આક્ષેપ કર્યા છે તેમણે વધુમાં જણાવ્યું હતું કે, નિવૃત્ત થયો છું નકામો નહીં તેવું માનતા જોષીપુરા નિવૃત્તિ પછી ત્રણ વર્ષે પણ યુનિ.ના કાયદા ભવનમાં તેઓની ચેમ્બરને તાળું મારી રાખી મુકવામાં આવી છે.આ ચેમ્બર તેઓ જ્યારે યુનિવર્સિટી ચક્કર મારવા આવે ત્યારે ખોલવામાં આવે છે અને પોતાના મળતિયાવની મિટિંગો યોજે છે. આજે પણ આ બંધ ચેમ્બરમાં ૨ એરકન્ડિશનર અને રાચરચીલું ફર્નિચર જોષીપુરા માટે નિવૃત્તિના ત્રણ વર્ષે અનિયમિત રીતે યથાવત રાખવામાં આવ્યું છે. કાયદાની ભાષામાં આ ઘટનાને લેન્ડ ગ્રેબિંગની જેમ ઓફિસ ગ્રેબિંગ જેવી ગણી શકાય. પૂર્વ કુલપતિ ગિરીશ ભીમાણીએ આ ઓફિસ ખાલી કરાવવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. વર્તમાન કાર્યકારી કુલપતિ આ લાલિયાવાડી ચલાવી રહ્યા છે ત્યારે વિદ્યાર્થીનેતાએ જણાવ્યું હતુ કે અન્ય કોઇ પ્રોફેસર કે અધિકારી જો નિવૃત્ત થયા હોય તો પછી તેઓ સામે કોઈ જોતુ પણ નથી અને આવી આ કિસ્સામાં આ રીતે અનઅધિકૃત રીતે સરકારી સંસ્થામા ભવ્ય ચેમ્બર કોના કહેવાથી આપવામા આવી છે ? સતાધિસો દ્વારા આ ચેમ્બર ખાલી કેમ કરાવામાં નથી આવતી ? કેમ્પસમાં આવેલી એક સામાન્ય અપંગ વ્યક્તિની કેન્ટિન અને સ્ટેશનરી જે રીતે ઉભાઊભ ખાલી થઈ હતી તો એ જ રીતે આ ચેમ્બર ખાલી થશે કે ? એન્ટી ચેમ્બર ધરાવતી આ ઓફીસમા દરરોજ સાફસફાઈ કરવામાં આવે છે તેમજ જ્યારે પણ ડો.જોશીપુરા યુની. પર આવે ત્યારે ડબલ એરકન્ડિશનર અને અન્ય ઉપકરણો ચાલુ રાખે એ લાઇટ બિલ ચડે છે આ તમામ ખર્ચ વિદ્યાર્થીઓના હક્કના પૈસામાથી વ્યય થતો હોય ત્યારે આજ દિન સુધીનો ઉપરોક્ત તમામ ખર્ચ ડો.જોશીપુરા પાસેથી વસૂલ કરવામા અને તત્કાલ અનધિકૃત ચેમ્બર ખાલી કરવામાં આવે તેવી માંગ વિદ્યાર્થી નેતા રોહિત રાજપૂતે કરી છે.

## સ્વ. પ્રવિણચંદ્ર ભાડલિયાનું ચક્ષુદાન

મૂળ જસદણના રાજકોટનિવાસી મોઢવણિક સમાજના સ્વ. પ્રવિણચંદ્ર કરસનજીભાઈ ભાડલિયા (બટુકભાઈ) નું દુઃખદ અવસાન થતા કિશોરભાઈ ભાડલીયાની પ્રેરણાથી તેઓના પુત્રો જતીનભાઈ તેમજ આશિષભાઈ અને પરિવારજનોએ પિતાશ્રીના ચક્ષુદાનનો પ્રેરણાદાયી નિર્ણય લઈને બે દ્રષ્ટિહીન બાંધવોને દ્રષ્ટિ આપવાનું પુણ્યનું કાર્ય કરીને સમાજને નવો રાહ ચીંધેલ છે. સ્વ. પ્રવિણચંદ્ર ભાડલિયા (બટુકભાઈ) નાં ચક્ષુદાન કરાવવામાં આવેલ છે.

## મોદી સ્કૂલના વિદ્યાર્થી દેવ રાઠોડ રાજયકક્ષાએ આયોજિત કુસ્તી સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે

તાજેતરમાં અમદાવાદ ખાતે ગુજરાત યુવક સેવા તથા સાસ્કૃતિક વિભાગ ગાંધીનગર તેમજ રમતગમત અધિકારીશ્રી કચેરી પોરબંદર દ્વારા આયોજિત અ-૧૯ કુસ્તી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજયના અલગ અલગ જિલ્લાઓમાંથી ઘણી સ્કૂલોના વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. તેમાં શહેરની પી.વી.મોદી હાયર સેકન્ડરી ગુજરાતી મિડીયમ સ્કૂલ ના ધો.૧૨ ના વિદ્યાર્થી રાઠોડ દેવ તરૂણભાઈએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી નેશનલ કક્ષાએ પસંદગી પામી સ્કૂલ તથા પરિવારનું નામ રોશન કરેલ છે.

### વિશ્વ હિંદુ પરિષદ તથા રાધેશ્યામ ગૌશાળાના સંયુકત ઉપક્રમે

# કાલે શોભાયાત્રામાં અયોધ્યા ખાતે બિરાજમાન શ્યામવર્ણી રામલલ્લાની પ્રતિકૃતિ સમાન નવ ફૂટ ઉંચી મૂર્તિ શ્રધ્ધાનું કેન્દ્ર બનશે



## કાલે નાણાવટી ચોકથી સવારે ૮ વાગે શોભાયાત્રાનો પ્રારંભઃ રામ દરબાર, ભગવાન રામના જીવન પ્રસંગોને આવરી લેતો ફલોટ: ઠેર-ઠેર પાણી, સરબત તથા ફરાળની વ્યવસ્થાઃ રામભકતોમાં અનેરો ઉમંગ-ઉત્સાહ

રાજકોટ તા.૧૬

આવતીકાલે રામનવમીના પાવન પર્વે વિશ્વ હિંદુ પરિષદ તથા રાધેશ્યામ ગૌશાળાના ઉપક્રમે ભવ્યાતિભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે.

આવતીકાલે નાણાવટી ચોક ખાતે સવારે ૮ કલાકે ધર્મસભરા બાદ શોભાયાત્રાનો પ્રારંભ થશે. રાજકોટના વિવિધ રાજમાર્ગો પરથી પસાર થઈને સતયુગ રામજી ભગવાન મંદિર, ન્યાલ ભગત અન્નક્ષેત્ર, ગોંડલ રોડ ખાતે મહાઆરતી સાથે સંપન્ન થશે.

અયોધ્યામાં બિરાજમાન સ્વરૂપ એવા શ્યામવર્ણી રામલલ્લાની ૯ ફૂટ ઉંચી મૂર્તિ આ શોભાયાત્રાના મુખ્ય રથમાં બિરાજમાન કરવામાં આવશે. આ મૂર્તિને શોભાયાત્રાના રૂટમાં અનેક સામાજિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ, સેવાકીય સંસ્થાઓ, એનજીઓ મંડળો, ગ્રુપ રાજકીય પક્ષો દ્વારા ઠેર ઠેર વધામણા કરવામાં આવશે. આ ઉપરાંત આ ભવ્ય શોભાયાત્રામાં જીવંત પાત્રો સાથેના લાઈવ ફલોટ કે જેમાં ભગવાન શ્રીરામના જીવન પ્રસંગોને આવરીને સંદેશો પાઠવવામાં આવશે તેવા લાઈવ ફલોટ ઉપરાંત શ્રીરામ દરબાર, હનુમાનજી મહારાજ, ભારત માતા, ગૌમાતા, મહાદેવ સહિતની દર્શનીય મૂર્તિઓ સાથે ૩૦થી પણ વધુ ફલોટ્સ જોડાવાના છે. રથયાત્રા શરૂ થતા ૧૧૦૦ કિલો મીઠાઈ તતા ૧૧૦૦ કિલો ફરાળનો પ્રસાદ રામ ભકતોને વહેંચવામાં આવશે.

આ ભવ્ય શોભાયાત્રામાં બજરંગ દળના કેસરી ખેસધારી યુવાનો તેમજ એક સરખા વસ્ત્રમાં સજજ માથે કેસરી સાફા પહેરીને દુર્ગા વાહિનીની બહેનો જોડાવાના છે. ૨૧ બહેનોની એક ટીમ ફરસી રાસ પણ પ્રસ્તુત કરશે જેને માણવો પણ એક લહાવો છે. શોભાયાત્રાના રૂટ પર અલગ અલગ સંસ્થા, ગ્રુપ, મંડળો દ્વારા ઠેર ઠેર પાણી, શરબત, છાશ, ફરાળ સહિતની વ્યવસ્થા કરવામાં આવી છે.

આ શોભાયાત્રામાં જયાં પૂર્ણ થવાની છે તેવા સ્થળની પણ એક આગવી વિશેષતા છે. પૂર્ણાહુતિ સ્થળ એવા સત્યુગ રામજી મંદિર કે જે ન્યાલ ભગત અન્નક્ષેત્રના નામથી પણ ઓળખાય છે. જે સ્થળે પરમાત્મા શ્રી સતચિત આત્મન ભગવાને પ્રાણ પ્રતિષ્ઠા કરેલી છે. આ મંદિરમાં ભગવાન શ્રીરામ ચત્રભુજ સ્વરૂપે બિરાજમાન છે. ૧૯૯૧થી એટલે કે છેલ્લા ૩૩ વર્ષથી બૃહદ બ્રહ્મ મંત્ર ''ૐ હિં રામ જય રામ જય જય રામ'ની અખંડ રામધૂન આ મંદિરમાં ચાલી રહી છે. આ ધુનનો હેતુ વિશ્વ કલ્યાણ, પ્રલય નિવારણ અને ગૌરક્ષા હેતુ માટે છે. આ શોભાયાત્રા પૂર્ણ થયેલ મુખ્ય રથમાં બિરાજમાન રામલલ્લાની આરતી કરવામાં આવશે. જેમાં સત્યુગ રામજી મંદિરના સુરેશ મહારાજ અને રાહુલભાઈ જોશી જોડાવાના છે અને બપોરે ૧૨ કલાકે મંદિરમાં બિરાજમાન પ્રભુ શ્રીરામની મહાઆરતી કરવામાં આવશે.

રામનવમીની શોભાયાત્રાને બજરંગ દળના યુવાનોની એક ટીમ સુરક્ષા પૂરી પાડશે સમગ્ર શોભાયાત્રા જયારે રાજકોટના રાજમાર્ગો પર ફરશે ત્યારે રામ ભકતો મુખ્ય રથમાં બિરાજમાન અયોધ્યાની મૂર્તિની પ્રતિકૃતિ સમાન શ્યામવર્ણી રામલલ્લાના દર્શનનો અને અનેકવિધ ફલોટ નિહાળવાનો લ્હાવો થશે. આ તકે તમામ હિન્દુ સમાજને આ ધર્મસભા અને શોભાયાત્રામાં જોડાવવા વિશ્વ હિન્દુ પરિષદ અને રાધેશ્યામ ગૌશાળા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

ધર્મસભા અને શોભાયાત્રાની માહિતી આપવા 'સાંજ સમાચાર' કાર્યાલય પર સમિતિના મહામંત્રીઓ હર્ષિતભાઈ ભાડજા, સુશીલભાઈ પાભર, દીપકભાઈ ગમઢા, હર્ષભાઈ વ્યાસ, વિહિપ-બજરંગ દળના હર્ષ મૂથરેજા, ધ્વનિત સરવૈયા, મયુર મકવાણા, ગૌરાંગ ડાભી, વિમલ લીંબાસીયા, ભાર્ગવ નીમ્બાર્ક, રાજુ સાવલીયા, હિનેશ મકવાણા, ધનરાજ રાધાણી, દુર્ગાવાહિની-માતૃ શકિતના હિરલબેન જાની, શિતલબેન ધામેલીયા, સોનલબેન જોષી, સાક્ષીબેન ધામેલીયા, અંજુબેન પટેલ, વૈશાલીબેન ડોબરીયા, ભાર્ગવીબેન ભટ્ટ ઉપાધ્યાય, વિધિબેન જોષી, ઉર્મિલાબેન શુકલ, ભુમીબેન મહેતા, રૂચા નિમ્બાર્ક, જયોતિબેન પંડયા વગેરે આવેલા હતા.



### શોભાયાત્રામાં જોવાલાયક આકર્ષણો

આવતીકાલની શોભાયાત્રામાં જોવાલાયક આકર્ષણોમાં રામલલ્લાની અયોધ્યામાં બિરાજમાન મૂર્તિ જેવી આબેહુબ ટ્રસ્ટની શ્યામવર્ણી મૂર્તિ, નવદુર્ગાના સ્વરૂપ ને તાદ્રશ્ય કરતી દુર્ગાવાહિની બહેનો દ્વારા વેશભૂષામાં સજજ જીવંત પાત્રોનો ફલોટ, શ્રી દરબારનો ફલોટ તથા હનુમાનદાદાનું બાહુબલી સ્વરૂપ ઉજાગર કરતી વિશાળ મૂર્તિ, ભારતમાતાની સુંદર પ્રતિમા, નાના બાળકો દ્વારા અવનવી વેશભૂષા ધારણ કરી શ્રી રામ ભગવાનનું બાળ સ્વરૂપ રજુ કરતી જીવંત કૃતિ, રોકડીયા મિત્ર મંડળ દ્વારા પુષ્પની વર્ષા કરતી તોપ, શોભાયાત્રામાં સૌથી મોખરે વિશાળ ધર્મધ્વજ લહેરાવતા યુવાનો જોવા મળશે તથા નેપાળી જનજાગૃતિ મંડળ દ્વારા જીવંત પાત્રો સાથેનો ફલોટ સામેલ છે.

### રામનવમી શોભાયાત્રાનો રૂટ

વિહિપ તથા રાધેશ્યામ ગૌશાળાના ઉપક્રમે આવતીકાલે નાણાવટી ચોક ૧૫૦ ફુટ રીંગરોડ ખાતે સવારે ૮ વાગ્યે ધર્મસભા બાદ શોભાયાત્રાનો પ્રારંભ થશે જે રૈયાચોકડી, કનૈયા ચોક, હનુમાન મઢી, કિસાનપરા ચોક, જીલ્લા પંચાયત ચોક, પારસી અગિયારી થઈને રોકડીયા હનુમાન મંદિર ચોક, મોટી ટાંકી, લીમડા ચોક, ત્રિકોણબાગ, લાખાજીરાજ રોડ, કરણસિંહજી બાલાજી મંદિર રોડ, સ્વામીનારાયણ મંદિર (મુખ્ય મંદિર), આશાપુરા મંદિર, કેનાલ રોડ, ભુતખાના ચોક, લોધાવડ ચોક, ગોંડલ રોડ, બોમ્બે ગેરેજ થઈને સતયુગ રામજી ભગવાન મંદિર- ન્યાય ભગત અન્નક્ષેત્ર ખાતે મહાઆરતી સામે સંપન્ન થશે.

### આવતીકાલે રામનવમી નિમિર્તે

# 'રામવન'માં ૧૨ વર્ષથી નાની ઉંમરનાં બાળકો અને સિનીયર સિટીઝનોને ફ્રી પ્રવેશ

રાજકોટ,તા.૧૬

વોર્ડ નં.૧૫માં આજી ડેમ પાસે, કિશાન ગૌ શાળા રોડ પર મર્યાદાપુરુષોત્તમ ભગવાન શ્રીરામના જીવનપ્રસંગોને આવરી લેતું સંપૂર્ણ કુદરતી વાતાવરણ ધરાવતું અર્બન ફોરેસ્ટ રામવન આજી ડેમ પાસે વિકસિત કરી, જાહેર જનતા માટે ખુલ્લું મુકવામાં આવેલ છે. રાજકોટ મહાનગરપાલિકાના બજેટ વર્ષ ૨૦૨૩-'૨૪માં કરેલ નિર્ણયને અનુસંધાને આગામી તા.૧૭-૪ના રોજ રામનવમી નિમિતે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સંચાલિત અર્બન ફોરેસ્ટ (રામવન)માં ૧૨ વર્ષથી નાની ઉંમરના બાળકો અને સીનીયર સીટીઝન માટે નિઃશુલ્કની પ્રવેશ આપવામાં આવશે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મર્યાદાપુરુષોત્તમ ભગવાન શ્રી રામના જીવનચરિત્રના પ્રસંગોને આલેખતી વિશાળ પ્રતિમાઓ સહીત રામવનનું નિર્માણ કરવામાં આવેલ છે. વધુમાં વધુ બાળકો અને સિનીયર સીટીઝનો ભગવાનશ્રી રામના જીવનચરિત્રના પ્રસંગોમાંથી પ્રેરણા મેળવે તેમજ બાળકોને તેમના દાદા-દાદી તથા નાના-નાનીના ભગવાનશ્રી રામ પ્રત્યેના ભક્તિભાવથી અવગત કરવાના ઉમદા હેતુથી દર વર્ષે રામનવમીના દિવસે રામવનમાં ૧૨ વર્ષ કે તેથી નાની ઉંમરના બાળકો તેમજ સિનીયર સીટીઝનને નિઃશુલ્ક પ્રવેશ આપવાનું બજેટ વર્ષ ૨૦૨૩-'૨૪માં નિર્ણય કરવામાં આવેલ છે. નાગરિકો રામવનની મુલાકાત લઇને મર્યાદાપુરુષોત્તમ ભગવાન શ્રીરામના જીવનચરિત્ર પોતાના જીવનમાં અમલમાં મુકે તે હેતુસર રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સંચાલિત અર્બન ફોરેસ્ટ (રામવન)ની તા.૧૭-૦૪-૨૦૨૪ના રોજ રામનવમીના પવિત્ર દિવસે મુલાકાતે આવતા ૧૨ વર્ષ કે તેથી નાની ઉંમરના બાળકો અને સિનીયર સીટીઝનો માટે નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે.

### કાલે રામનવમી નિમિત્તે

# હિનાબેન આર. મહેતા નોટરી એન્ડ એડવોકેટની નવી ઓફિસનો શુભારંભ



રાજકોટ, તા.૧૬

હિનાબેન આર. મહેતા એડવોકેટ એન્ડ નોટરીની નવી ઓફિસનો આવતીકાલ તા.૧૭ને બુધવારે રામનવમીના તહેવાર નિમિત્તે ઓફિસ નં. ૧૨૫, પહેલો માળ, આર.કે. વર્લ્ડ ટાવર, ૧૫૦ ફૂટ રીંગ રોડ ખાતે પ્રારંભ થશે.

જેમાં ઉદ્દઘાટન સવારે ૧૦ કલાકે કરવામાં આવશે. આ તકે સર્વે વકીલ મિત્રો બાર એસો. દ્વારા શુભેચ્છા મો.નં. ૯૮૯૮૩ ૨૧૦૩૬ પાઠવી રહ્યા છે. હિનાબેન આર. મહેતા રેલવેમાં સર્વિસ કરતા આર.વી. મહેતા યુનિયનના સેવાભાવી સદસ્યના ધર્મપત્ની છે. આ તકે વે.રે.એ. યુનિયન દ્વારા હિનાબેન આર. મહેતાને શુભકામનાઓ આપવામાં આવી રહી છે.

# કોઠારીયા હુડકો (સ્વ.રોજગાર તાલિમ કેન્દ્ર) ખાતે બહેનોને સુકા-ભીના કચરાનાં વર્ગીકરણની તાલીમ અપાઈ

### કિચન વેસ્ટનાં હોય કોમ્પોસ્ટીંગ અંગે પણ માહિતી અપાઈ



રાજકોટ,તા.૧૬

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૪ અંતર્ગત સ્વચ્છતામાં મહિલાઓની સહભાગીતા અને નેતૃત્વને મજબુત કરવા માટે રાજકોટ મહાનગરપાલિકાની પ્રોજેક્ટ શાખા દ્વારા વોર્ડ નં.૧૬ ખાતે શ્રીનટરાજ સોશ્યલ ગ્રુપ સંચાલિત હુડકો સ્વરોજગાર તાલીમ કેન્દ્ર ખાતે ચાલતા સીવણ વર્ગ, બ્યુટી પાર્લર વર્ગની બહેનો માટે સાથોસાથ સ્વચ્છતા અંગે માહિતી માર્ગદર્શન મળી રહે તે હેતુથી વિસ્તારનાં તાલીમાર્થી બહેનોને સ્વચ્છતા બાબતે તેમના સમુદાય, મહોલ્લા કે શેરી ફળીયાના લોકો સ્વચ્છતા પ્રત્યે સભાન બને તે માટે માર્ગદર્શન આપવામાં આવેલ હતુ. જેમાં બહેનોને સૂકા અને ભીના કચરાના વર્ગીકરણ ૩છ(રીડ્યુઝ, રીયુઝ અને રીસાઈકલ) તથા કીચન વેસ્ટના હોમ કોમ્પોસ્ટીંગ અંગેની માહિતી આપવામાં આવેલ હતી સાથોસાથ NULM યોજના અંતર્ગત સ્વ-સહાય જૂથની રચના થકી સ્વચ્છ સર્વેક્ષણમાં જૂથની ભૂમિકાથી માહિતગાર કરવામાં આવેલ હતા. સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૪માં રાજકોટ સર્વશ્રેષ્ઠશહેર બને તે માટે તે માટે તમામ બહેનોએ લોક જાગૃતી માટે મહતમ પ્રયત્નો કરવા માટે જણાવેલ હતું. સાથોસાથ બહેનો દ્વારા વેસ્ટ ચીજ વસ્તુઓનો સદઉપયોગ કરી વિવિધ બિનઉપયોગી વસ્તુઓ માંથી વેસ્ટ માંથી બેસ્ટ કૃતિઓ બનાવવામાં આવેલ હતી જેનું નિર્દર્શન પણ કરવામાં આવેલ હતુ.





# વિશ્વ ધરતી દિવસ ઉજવણી અંતર્ગત લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે પર્યાવરણ પ્રેમીઓનો પરિસંવાદ યોજાશે

રાજકોટ:તા ૧૬

ઓ. વે. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર - રાજકોટ અને નવરંગ નેચર કલબના સંયુક્ત ઉપક્રમે વિશ્વ ધરતી દિવસની ઉજવણી અન્વયે આગામી ૨૧ એપ્રિલ ૨૦૨૪ ને રવિવારે સાંજે ૪ થી ૭ દરમ્યાન પર્યાવરણ પ્રેમીઓ માટેનો એક પરિસંવાદ યોજવામાં આવ્યો છે. ધરતી માતાના જતન - સંરક્ષણ અને સંવર્ધન માટે કોઈ વ્યક્તિ કે સંસ્થાના પ્રતિનિધિઓ પોતાના ઘર, વિસ્તાર, ગામ, શહેરના પર્યાવરણ માટે જે કંઈ પણ કાર્ય કરતા હોય અથવા તો કરવા માંગતા હોય એ તમામ વ્યક્તિઓ સાથે મળીને સાથે ભળીવે સંવાદ કરે અને સંકલિત પ્રયાસ દ્વારા વધુ સઘન રીતે કાર્ય કરતા થાય અને અન્ય લોકોને પણ આ અભિયાનમાં જોડતા થાય એ હેતુથી આ પરિસંવાદ યોજવામાં આવ્યો છે. વર્ષ ૧૯૭૦ થી ૨૨ એપ્રીલ ''વિશ્વ ધરતી દિવસ'' તરીકે સમગ્ર વિશ્વમાં ઉજવાય છે.

# વૈષ્ણવાચાર્ય શ્રી વ્રજરાજકુમારજી મ.એ ઓસ્ટ્રેલીયામાં હવેલી નિર્માણની જાહેરાત કરતાં દાનની સરિતા વહી

### નરેશભાઈ કવિતાબેન દ્વારા એક મિલિયન ડોલર હવેલી માટે જાહેર કર્યા



રાજકોટ, તા. ૧૬

ઓસ્ટ્રેલિયા સ્થિત વૈષ્ણવોની લાગણીને માન આપીને VYO ઓસ્ટ્રેલિયાના તત્વાવધાનમાં Adelaide ખાતે ભવ્ય દિવ્ય શ્રીનાથ ધામ હવેલીનું નિર્માણ થશે અને પૂજયશ્રી દ્વારા હવેલી સંકુલના કાર્યનું પણ નિરીક્ષણ કરવામાં આવશે અને આ કાર્યમાં જોડાયેલા સૌ ભાવિક કાર્યકરોને પ્રેરિત કરવામાં આવશે.

પૂજયશ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રી એ હવેલીની જાહેરાત કરતાજ નરેશભાઈ કવિતાબેન દ્વારા એક મિલિયન ડોલર હવેલી માટે જાહેર કર્યા.

અત્રે ઉલ્લેખનીય છે કે પૂજ્ય શ્રી વ્રજરાજકુમારજી દ્વારા છેલ્લા ૨૦ વર્ષથી પણ વધુ સમય દરમ્યાન દેશ વિદેશમાં અથાગ પરિભ્રમણ કરીને સેવા, સ્નેહ અને સમર્પણનનો દિવ્ય સંદેશ વિશ્વના અલગ અલગ દેશમાં પ્રસારિત કર્યો અને ત્યાં વસતા વૈષ્ણવ ભાવિકજનો તેમજ સનાતન ધર્મપ્રેમીજનોને સંગઠિત કરવામાં સતત આપશ્રીનું યોગદાન રહ્યું છે. અને આ જ દિવ્ય ભાવોને આજે VYO વિશ્વના ૧૫ થી પણ વધુ દેશોમાં ધર્મ સેવા, માનવ સેવા, સમાજ સેવા, રાષ્ટ્ર સેવા, પ્રકૃતિ સંરક્ષણના કાર્યો, સંસ્કૃતિ સંરક્ષણ ના કાર્યો સાથે જ બાળકો તેમજ યુવાનોને લાભાન્વિત કરતા વિવિધ રચનાત્મક કાર્યો થકી સમાજને સતત લાભાન્વિત કરી રહ્યું છે. ત્યારે પૂજયશ્રીના ઓસ્ટ્રેલિયા પ્રયાસ દરમ્યાન VYO ઓસ્ટ્રેલિયા We Serve Happinessના સૂત્ર સાથે આ નૂતન હવેલીમાં વૈષ્ણવ સમાજ તેમજ સમસ્ત ભારતીય સમુદાયને લાભાન્વિત કરતાં આયોજનો સાકાર થશે.





# લોકસભાના ઉમેદવાર પરસોત્તમ રૂપાલા એ બહોળી સંખ્યામા ઉપસ્થીત સંતો- મહંતોના આશીર્વાદ મેળવી ઉમેદવારી નોંધાવી

રાજકોટ:તા ૧૬

આજ રોજ સવારે લોકસભાના ઉમેદવાર પરસોતમભાઈ રૂપાલા એ ઉમેદવારી ફોર્મ ભરવા માટે જાગનાથ મહાદેવ ના મઁદિરેથી જંગી મેદની સાથે ગાડી બાઇકની રેલી યોજી બહુમાળી ભવન રેસકોર્સ ખાતે સભા સ્થળે જવા પ્રસથાન કર્યું.

ત્યારે ગુજરાત પ્રદેશ ભાજપ અગ્રણી ચેતનભાઈ રામાણીની આગેવાનીમા સ્વામીનારાયણ મંદિર રિબડા એસજીવીપીના ધર્મવત્સલ સ્વામી, ગુરુકુલના પૂર્ણપ્રકાશ સ્વામી, ઉદયનગરના વ્રજવલ્લભ સ્વામી, નિર્લભ સ્વામી ભૂપેન્દ્ર રોડ, બાલાજી મંદિર, માધાપર ચોકડી, મહાપુજા ધામ મંદિર વિગેરે બહોળી સંખ્યામા સંતો-મહંતો ફૂલહાર, ખેસ પહેરાવી પરસોતમભાઈ રૂપાલા ને આશીર્વાદ આપવા માટે સ્થળ પર પહોંચ્યા હતા. પરસોત્તમ રૂપાલા એ બહોળી સંખ્યામા ઉપસ્થીત સંતો-મહંતોના આશીર્વાદ મેળવી ઉમેદવારી નોંધાવી હતી.

આ તકે પૂર્વ મંત્રી આર.સી. ફળદુ, ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાંણી, વિશ્વ ઉમીયાધામના ડિ.એન. ગોલ તેમજ ટ્રસ્ટીઓ, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, પ્રવકતા રાજૂભાઈ ધ્રુવ, પૂર્વ ગૌ-સેવા આયોગ ચેરમેન ડો. વલ્લભભાઇ કથિરીયા, જીલ્લાના ખ્યાતનામ એડવોકેટ અનીલભાઇ દેસાઇ, મયુરભાઇ શાહ, પૂર્વ જીલ્લા મહામંત્રી નાગદાનભાઇ ચાવડા, અમર ડેરીના ચેરમેન અશ્વીનભાઇ સાવલીયા, પ્રદેશ યુવા મોરચાના ઉપપ્રમુખ મનીશભાઇ સંઘાણી વિગેરે આગેવાનો પણ ઉપસ્થીત રહ્યા હતા.



# બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સમૂહ રાંદલમાંના ૧૦૮ લોટા ઉત્સવ યોજાયોઃ રામ મોકરીયા, મોહન કુંડારીયા સહિતના ઉપસ્થિત

રાજકોટ,તા.૧૬

બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ, લોકમાન્ય તિલક અને સુભાષચંદ્ર બોઝ ટાઉનશીપ દ્વારા આયોજીત સમૂહ રાંદલમાંના ૧૦૮ લોટા ઉત્સવનું ધાર્મિક કાર્યક્રમનુ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. રવિવારે વહેલી સવારથી મોડી રાત્રી સુધી માતાજીના દર્શન, પૂજન, અર્ચન, મહિલા ધુન મંડળની બહેનો દ્વારા ધુન-કિર્તન તેમજ રાસ-ગરબાની રમઝટ બોલાવવામાં આવી હતી. આ તકે સાંસદ રામભાઈ મોકરીયા, સાંસદ મોહનભાઈ કુંડારીયા, મેયર નયનાબેન, ડે.મે.નરેન્દ્રસિંહ (ટીકુભા), શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ઉદયભાઈ કાનગડ, સહિતના ઉપસ્થિતિ રહ્યા હતા. આ અવસરે ૧૫૦૦ કરતા વધુ ગોરણીઓના પગ ધોવાનો, ભાવિકો, યજમાન પરીવાર તેમજ ૨૦૦ કાર્યકર્તા વગેરે માટે પૂજન, ભોજન-પ્રસાદ તેમજ ગોરણીઓને આકર્ષક ગીફ્ટ વગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.





# બ્લૂ સ્ટારે ૬૦થી ૬૦૦ લિટર્સ સુધીના ઊર્જા-કાર્યક્ષમ ડીપ ફ્રીઝર્સની નવી રેન્જ લોન્ચ કરી

### નવી રેન્જ માં ડીપ ફ્રીઝર્સમાં વધુ સ્ટોરેજ, વધુ કૂલિંગ ક્ષમતા અને ઉચ્ચ ટેક્નોલોજીનો સમાવેશ

રાજકોટ:તા,૧૬

બ્લૂ સ્ટાર લિમિટેડે વિવિધ એપ્લીકિશન્સ માટે વિવિધ સેગમેન્ટના ગ્રાહકો માટે ૬૦થી ૬૦૦ લિટર્સ સુધીની ક્ષમતામાં ઊર્જા સક્ષમ અને ઇકો-ફ્રેન્ડલી ડીપ ફ્રીઝર્સની વ્યાપક નવી રેન્જ લોન્ચ કર્યાની જાહેરાત કરી છે.નવી રેન્જના ડીપ ફ્રીઝર્સ વધુ સ્ટોરેજ, વધુ કૂલિંગ ક્ષમતા અને ઉચ્ચ ટેકનોલોજી ધરાવે છે જે વધુ સક્ષમ કૂલિંગ માટે મોટાપાયે હીટ ટ્રાન્સફર સુનિશ્ચિત કરે છે. આ ઉપરાંત તે સુપર ટ્રોપિકલાઇઝ્ડ છે અને ૪૭ ડિગ્રી સેલ્સિયસના આકરા તાપમાનમાં પણ કામ કરવા માટે ડિઝાઇન કરવામાં આવ્યા છે.

અન્ય કેટલાક ફીચર્સમાં સ્માર્ટ આઈ સાથે વિશાળ રેન્જની એલીગન્ટ કંટ્રોલ પેનલ્સ અને એલઈડી લાઇટ સાથે સ્કવેર ડિઝાઇન, ચારેય બાજુએથી યુનિફોર્મ અને ઓપ્ટિમમ કૂલિંગ સુનિશ્ચિત કરે તેવી ક્વોડ્રાફૂલ ટેક્નોલોજી અને ૧૬૦વોટથી ૨૭૦વોટ સુધીની વિશાળ ઓપરેટિંગ વોલ્ટેજ રેન્જનો સમાવેશ થાય છે. સ્ટોરેજ ક્ષમતાની વ્યાપક રેન્જ સાથે કંપની ડેરી અને આઈસક્રીમ, ફ્રોઝન ફૂડ, રેસ્ટોરાં, કન્વીનિયન્સ સ્ટોર્સ, હોસ્પિટાલિટી અને સુપરમાર્કેટ્સ જેવી એપ્લિકેશન્સ માટે બહોળા ગ્રાહક સેગમેન્ટને સેવાઓ પૂરી પાડવાની સ્થિતિમાં છે. આ ડીપ ફ્રીઝર્સ રૂ. ૧૬,૦૦૦ અને તેથી વધુની આકર્ષક કિંમતથી શરૂ થાય છે.

## રાજકોટ તાલુકા પેન્શનર સમાજના સભ્ય જોગ

રાજકોટ તાલુકા પેન્શનર સમાજના નોંધાયેલા સભ્યોની પોતાના રહેઠાણના સરનામા સંપર્ક નંબર મોબાઈલ નંબર વગેરે બાબત અંગે અધતન માહિતી તૈયાર કરવાની હોય આ સમાજના નોંધાયેલ સભ્યોએ પોતાના સભ્ય નંબરની જરૂરી વિગતો અત્રેની કાર્યાલય રાજકોટ તાલુકા પેન્શનર સમાજ બહુમાળી ભવન સરકારી કર્મચારી કેન્ટીન પાસે રાજકોટ ખાતે સમાજના કાર્યાલયે કામકાજના દિવસો દરમ્યાન સવારે ૧૧થી ૧ દરમ્યાન પહોંચાડવાની રહેશે.

# પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન દ્વારા બાબા સાહેબ આંબેડકરની ૧૩૩મી જન્મજયંતિની ઉજવણી

રાજકોટ,તા.૧૬

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન દ્વારા ભારત રત્ન ડો. બી. આર. આંબેડકરની ૧૩૩મી જન્મજયંતિની ઉજવણી રાજકોટ ખાતે ઓફિસર્સ કલબમાં કરવામાં આવી હતી. આ કાર્યક્રમની અધ્યક્ષતા રાજકોટ ડિવિઝનના એડિશનલ ડિવિઝનલ રેલવે મેનેજર ચૌબેએ ડો. આંબેડકરની પ્રતિમાને પુષ્પહાર કરીને અને દીપ પ્રગટાવીને તેમના ગુણોને યાદ કર્યા હતા અને શ્રદ્ધાંજલિ આપી હતી. આ પ્રસંગે સિનિયર ડીસીએમ સુનિલ કુમાર મીના, વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી મનીષ મહેતા સહિત વિવિધ વિભાગોના વરિષ્ઠ રેલવે અધિકારીઓ, ટ્રેડ યૂનિયન, એસસી/એસટી અને ઓબીસી એસોસિએશનના પદાધિકારી તેમજ મોટી સંખ્યામાં રેલવે કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ફીઝીયોથેરાપીસ્ટની રાહતદરે સેવા

રાજકોટ,તા.૧૬

લોહાણા સેવા મંડળ ટ્રસ્ટ સંચાલિત શ્રી કૃષ્ણ ચિકિત્સાલય કનક રોડ ખાતે હાડકાના દર્દો જેવા કે સાંધાના દુઃખાવા સ્નાયુના દુઃખાવા સહિતની રાહતદરે ફીઝીયોથેરાપી સારવાર મળશે જેમાં ડો.અમન વર્મા સવારે ૯.૩૦ થી ૧ અને ડો.પ્રયોશા ચોટલીયા સાંજે ૪ થી ૬.૩૦ સુધી સેવા આપશે.

## રાજકોટ જીલ્લાના ગઢકા તાલુકામાં 'મોદી પરિવાર' સભા યોજાઈ

પ્રદેશ ભાજપની યોજનાનુસાર ગુજરાતમાં ભાજપ દ્વારા ચાર હજારથી વધુ મોદી પરિવાર સભાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૦ થી ૧૨ બુથદીઠ એક સભા યોજવામાં આવશે. રાજયના ૫૦ હજારથી વધુ બુથમાં મોદી પરિવાર સભા યોજાશે. ત્યારે રાજકોટ જિલ્લાના કસ્તુરબાધામ જીલ્લા સીટ હેઠળના ગઢકા તાલુકા પંચાયત સીટ વિસ્તારના, રફાળા, ફાડદંગ,ગઢકા, ડેરોઇ, હડમતીયા ગોલીડા, ત્રંબા અને કાળીપાટ તાલુકા પંચાયત સીટ વિસ્તારના - ત્રંબા, વડાલી, મહિકા, કાળીપાટ, લાપસરી, ખોખડદડ, લોઠડા, ભાયાસર, અને લોધીડા તાલુકા પંચાયત સીટ વિસ્તાર માં ગ્રામજનોની વિશાળ ઉપસ્થિતિમાં 'મોદી પરિવાર' સભા યોજાયેલ હતી.

### સીએસડીએસનાં વિકલ્પ વગરના સર્વેક્ષણમાં લોકોએ સ્વયંભુ ભાવિ પીએમ તરીકે નામ આપ્યા

# પીએમ પદ માટે લોકોની પહેલી પસંદ મોદી, બીજા ક્રમે રાહુલ



**આ સર્વેમાં રાહુલ બાદ આમ આદમી પાર્ટીનાં નેતા અને દિલ્હીનાં હાલમાં જેલમાં બંધ સીએમ અરવિંદ કેજરીવાલ, બંગાળના ફાયર બ્રાન્ડ સીએમ મમતા બેનર્જી અને સપાના અધ્યક્ષ અખિલેશ યાદવના પણ નામ પીએમ પદ માટે બહાર આવ્યાઃ લોકોમાં રાજકીય પક્ષોની ગેરંટીને લઈને ખાસ ઉત્સાહ નહીં; ગ્રામીણ વિસ્તારનાં ગરીબોની તુલનામાં સંપન્ન લોકોની પસંદ મોદીઃ લોકોએ માન્યું, રામ મંદિરને લઈને મોદી સરકારે કામ કર્યું, મોંઘવારી, બેરોજગારી, ગરીબીમાં અપેક્ષા મુજબ કામ નથી થયુ.**

નવી દિલ્હી તા.૧૬

હાલ દેશમાં લોકસભાની ચૂંટણીનો માહોલ બરાબર છવાયો છે. દરમ્યાન સેન્ટર ફોર ધી સ્ટડી ઓફ ડેવલપીંગ સોસાયટીઝ (સીએસડીએસ)ના સર્વેક્ષણમાં વડાપ્રધાન પદ માટે લોકોની પહેલી પસંદ મોદી છે.જયારે બીજા નંબરે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીનું નામ આવે છે. જયારે મોદી અને રાહુલની ગેરેંટીને લઈને મતદારોમાં મિશ્ર પ્રત્યાઘાતો છે.

આવો જાણીએ મતદારોનાં મનમાં શું છે.

સૌથી મહત્વની વાત એ છે કે આ સર્વેમાં લોકોને કોઈ નેતાના નામનો વિકલ્પ નથી અપાયો.બધાએ પોતાનાં મનથી સૌથી પહેલા મોદીનું નામ બતાવ્યું છે અને બીજા ક્રમે મોદીનું. અન્ય ત્રણ નેતાઓમાં નામ અપાયા છે.તેમાં દિલ્હીનાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને સમાજવાદી પાર્ટીનાં અધ્યક્ષ અખિલેશ યાદવનુ નામ સામેલ છે.

## ભાજપ-કોંગ્રેસની ગેરેંટીમાં રૂચી લગભગ બરાબર

સર્વે અનુસાર મોદી ગેરંટી અને રાહુલ ગેરંટીને લઈને મતદારોમાં બહુ ઉત્સાહ નથી. બહુ ઓછા મતદારો છે. જે પક્ષોની ગેરંટીને લઈને ઉત્સાહીત છે. સર્વેમાં સામેલ ૨૩ ટકા લોકોએ મોદી ગેરંટી અને ૧૭ ટકા લોકોએ રાહુલ ગાંધીની ગેરંટીમાં વિશ્વાસ દર્શાવ્યો છે. આંકડા અનુસાર મોદી અને રાહુલની ગેરંટીમાં લોકોના રસને લઈને ખાસ અંતર નથી કોંગ્રેસની તુલનામાં ભાજપની ગેરંટીને પસંદ કરનારા માત્ર ૭ ટકા વધુ છે.

**ચૂંટણી વાયદાની જગ્યાએ ગેરંટીઃ** ચૂંટણીમાં વાયદા જુની પરંપરા છે આ વખતની સામાન્ય ચૂંટણીમાં વાયદાની જગ્યા ગેરંટીએ લીધી છે આથી ચૂંટણી જંગ રોચક બન્યો છે.પાર્ટીઓ અલગ અલગ ગેરંટી આપી રહી છે.દરમ્યાન મતદાતાઓ સામે અલગ અલગ પક્ષની ગેરંટી અને વાયદાઓ પર વિશ્વાસનો પડકાર છે.

**કોને લોભાવી રહી છે કોની ગેરંટીઃ** યુવા મતદાતાઓની તુલનામાં વરિષ્ઠ મતદારો દ્વારા ગેરંટી પર ભરોસાની સંભાવના ઓછી છે. રાહુલની તુલનામાં તેઓ મોદીની ગેરંટી પર વિશ્વાસ રાખે છે. મોદી અને રાહુલની ગેરંટી પર વરિષ્ઠ મતદારોનાં મત વચ્ચે ૧૧ ટકાનું અંતર છે.

જયારે યુવા મતદારો મોદી ગેરંટી પર વધુ વિશ્વાસ રાખે છે.

## મોદી ગેરેંટી માટે મતદાન

એ સ્પષ્ટ થઈ ગયુ છે કે પી.એમ મોદી ભાજપનુ કેન્દ્ર છે. ચૂંટણી પ્રચાર દરમ્યાન તેમણે મતદાતાઓ સાથે વાતચીતમાં એ પણ સ્પષ્ટ કર્યું હતું કે ભાજપને વોટ કરનાર મતદાર આ વખતે 'મોદી ગેરેંટી' માટે મતદાન કરશે.

## દરેક વર્ગનાં દિલમાં પીએમ મોદી માટે જગ્યા

ચૂંટણી બાદ મોદીને વડાપ્રધાન તરીકે જોવા માટે ક્ષેત્રવાર અલગ અલગ મંતવ્ય છે. ગ્રામીણ વિસ્તારનાં ગરીબોની તુલનામાં આર્થિક રીતે સંપન્ન લોકો મોદીને વડાપ્રધાન તરીકે જોવા માંગે છે.

દલિત અને આદિવાસીની તુલનામાં ઉચ્ચ જાતિ અને અન્ય પછાત વર્ગ મોદીને પીએમ તરીકે ત્રીજાવાર જોવા માંગે છે.જયારે મુસ્લીમ વર્ગનાં ૧૪ ટકા લોકો પદ પર મોદીને બહેતર માને છે. જયારે લઘુમતી જાતિઓમાં આવા વિચાર રાખનારાઓની સંખ્યા લગભગ ૨૮ ટકા છે. ટુંકમાં મોદીને જનતાનો સાથ મળવાની આશા છે.

જયારે એક ચર્તુમાંશ લોકોએ બેરોજગારી મોંઘવારી, ગરીબીની વાત કરી છે.

## મોદીનું નેતૃત્વ પાર્ટી માટે ટ્રમ્પ કાર્ડઃ

આ વખતે પણ સામાન્ય ચૂંટણીમાં લીડરશીપ ફેકટર ટ્રમ્પ કાર્ડ જેવુ છે. મોદીની લોકપ્રિયતાનાં સહારે પાર્ટીનાં લોકોના મનમાં અર્થ વ્યવસ્થાને લઈને જે નકારાત્મક ભાવ છે તેને દુર કરી લેશે.ચૂંટણી પ્રચારમાં મોદીની લોકપ્રિયતા અને તેની એક ઝલક મેળવવા ઉમટતી ભીડ આનો સંકેત છે.

**આ સરકારે કામ કર્યુ :** ૨૩ ટકા લોકોએ રામમંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમનું નામ લઈને કહ્યુ કે મોદી સરકારે કામ કર્યું છે. જયારે ૧૦ માંથી માત્ર ૧ સિવાય ૯ ટકાએ માન્યુ કે એ પણ માન્યુ કે સરકારે રોજગાર વધારવાનું કામ કર્યુ.જયારે એક ચર્તુર્થાંશ લોકોએ બેરોજગારી, મોંઘવારી, ગરીબીની વાત કરી છે.

### શેરબજાર સહિતના વિકલ્પો મોંઘા-જોખમી બનવા લાગ્યા છે

# બેન્કોમાં સિનિયર સીટીઝનની થાપણોનું પ્રમાણ ડબલ થયુ

### ૭.૪ કરોડ સિનીયર સીટીઝનોએ રૂા.૩૪ લાખ કરોડ રોકયા છેઃ ચાર વર્ષમાં પ્રમાણ વધ્યુઃ રીઝર્વ બેન્કે ફુગાવાની ચિંતાથી વ્યાજદર વધારતા તે પણ એક ફેકટર

નવી દિલ્હીઃ દેશમાં એક તરફ ઘરેલું બચત ઘટી રહી છે તેની સામે રોકાણના વિકલ્પો મોંઘા અને જોખમી બની ગયા છે તેથી જે લોકો પોતાના નાણાને સલામત તથા નિયમીત આવક આપનારા વિકલ્પ શોધે છે તેના માટે બેન્કોની થાપણો હજુ શ્રેષ્ઠ વિકલ્પ બની ગયો છે. સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાના એક રિપોર્ટ મુજબ બેન્કોની થાપણોમાં સિનીયર સીટીઝનની એફડીનું પ્રમાણ ડબલ થઈને ૩૦% જેટલું થઈ ગયું છે. બેન્કો તથા પોષ્ટઓફિસ રોકાણમાં સીનીયર સીટીઝનને ૫૦ બેઝીક પોઈન્ટ (અડધો ટકો) વધુ વ્યાજ આપવામાં આવે છે અને જે સીનીયર સીટીઝન કરદાતાની વ્યાખ્યામાં આવતા હોય તેઓને આ




વ્યાજમાં ચોકકસ મર્યાદા સુધીની રકમ કરમુક્ત રહે છે.

આ વ્યવસ્થા એ સીનીયર સીટીઝનને નાણાકીય રીતે સલામત રાખવાનો છે. આ સ્થિતિ વચ્ચે બેન્કોનું ધિરાણ ૨૦૨૪ના નાણાકીય વર્ષમાં ૨૦.૨% વધ્યુ છે તો થાપણો ૧૩.૫% વધી છે. એક તરફ રિઝર્વ બેન્કે ફુગાવા સામેની ચિંતા છે. વ્યાજદર સતત ઉંચા રાખ્યા છે અને ધિરાણ માંગ પણ વધી રહી છે તેથી બેન્કો પોતાની નાણાકીય પ્રવાહિતા જાળવી રાખવા માટે થાપણદારોને આકર્ષવા ફિકસ ડિપોઝીટ પર વધુ વ્યાજ ઓફર કરે છે. સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાના ચીફ ઈકોનોમીસ્ટ સૌમ્યા કાંતિ ઘોષના જણાવ્યા મુજબ બેન્કો પાસેની થાપણમાં ૭.૪ કરોડ સીનીયર સીટીઝનોની છે અને તે રકમ રૂા.૩૪ લાખ કરોડની થાય છે. ૨૦૧૯માં સીનીયર સીટીઝન થાપણદારોનું પ્રમાણ ૪.૧ કરોડ હતું. અને થાપણો રૂા.૧૪ લાખ કરોડ હતી જે ૧૫૦%નો વધારો દર્શાવે છે. સરકારે કરકપાત માટે આ પ્રકારની થાપણો પરના વ્યાજની મર્યાદા રૂા.૫૦૦૦૦ કરી છે અને થાપણો પર જો વ્યાજદર ઉંચા જ રહે તો વધુ સીનીયર સીટીઝન બેન્કો ભણી જશે.

# રિઝર્વ બેંકે બે મહિનામાં ૧૩.૩૦ ટન સોનુ ખરીદ કર્યું

સોનાના ભાવ રોજેરોજ નવો રેકોર્ડ બનાવી રહ્યા છે ત્યારે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા સોનામાં મોટા પ્રમાણમાં ખરીદી જારી છે. જાન્યુઆરીથી ફેબ્રુઆરીના બે મહિના દરમિયાન આરબીઆઈએ આંતરરાષ્ટ્રીય બજારમાંથી ૧૩.૩૦ ટન સોનાની ખરીદી કરી છે. આરબીઆઈએ પોતાના રિઝર્વને ડાઈવર્સીફાઈ કરવા માટે સોનાની ખરીદી કરી છે. ગોલ્ડના કારણે ફોરેક્સ રિઝર્વ ત્રણ અબજ ડોલર વધીને ૬૪૮.૫ અબજ ડોલર થયું છે. ફુગાવા સામે રક્ષણ માટે આરબીઆઈએ આટલા મોટા પ્રમાણમાં સોનું ખરીદ્યું છે.

સોનું ખરીદવાના કારણે ભારતને ફાયદો પણ થયો છે. ભારતના વિદેશી મૂડીના હુંડિયાણમાં ૩ અબજ ડોલરનો જે વધારો થયો તેમાં એકલા ગોલ્ડનો ૮૦ ટકા કરતા વધુ હિસ્સો હતો. પાંચમી એપ્રિલે ભારતનું ફોરેક્સ રિઝર્વ ૬૪૮.૫ અબજ ડોલરની વિક્રમ સપાટી પર હતું.

ચાલુ વર્ષમાં જાન્યુઆરીથી ફેબ્રુઆરીના ગાળામાં આરબીઆઈએ ૦.૪૩ મિલિયન ટ્રોય ઔંસ સોનાના ખરીદી કરી હતી. એટલે કે ભારતે લગભગ ૧૩.૩૦ ટન સોનું બજારમાંથી ખરીદ્યું છે. ૨૦૨૩માં સેન્ટ્રલ બેન્ક દ્વારા સોનાની જે ખરીદી કરવામાં આવી તેમાં લગભગ ૮૦ ટકા ખરીદી જાન્યુઆરીથી એપ્રિલના ગાળામાં થઈ હતી.




ભારતીય રિઝર્વ બેન્ક દ્વારા ડિસેમ્બર ૨૦૧૭થી જ માર્કેટમાંથી સોનાની ખરીદી સતત ચાલુ છે. આરબીઆઈ ફુગાવા અને ફોરેન કરન્સીને લગતા જોખમને પહોંચી વળવા માટે આ ખરીદી કરે છે. ફેબ્રુઆરી ૨૦૨૪ના આંકડા પ્રમાણે ભારતીય રિઝર્વ બેન્ક પાસે ૨૬.૨૬ મિલિયન ટ્રોય ઔંસ સોનું હતું જે ડિસેમ્બર ૨૦૧૭માં ૧૭.૯૪ મિલિયન ટ્રોય ઔંસ હતું.

વિદેશમાં કોઈ પણ યુદ્ધ કે બીજા કારણોથી ઉથલપાથલ આવે ત્યારે કોમોડિટીના ભાવ વધી જાય છે અને તેની સામે રક્ષણ આપવા માટે સોનાની ખરીદી કરવી જરૂરી છે. બેન્ક ઓફ બરોડાના ચીફ ઈકોનોમિસ્ટ મદન સબનવીસે જણાવ્યું કે ભારતીય રિઝર્વ બેન્ક રાજકીય અને આર્થિક બંને કારણોથી સોનું ખરીદી રહી છે. અમેરિકન ડોલર હંમેશાથી એક સ્થિર કરન્સી છે ત્યારે યુક્રેન યુદ્ધના કારણે તેની વિશ્વસનીયતા ઘટી ગઈ છે. હાલમાં યુએસ બોન્ડમાં યીલ્ડ સૌથી વધારે છે. એટલે કે ડોલર નબળો પડ્યો છે.


આ દરમિયાન સોનાના ભાવમાં પણ વધારો જારી છે. ફેબ્રુઆરીથી અત્યાર સુધીમાં સોનું લગભગ ૭ ટકા કરતા વધારે વધ્યું છે. ગોલ્ડ રિઝર્વનો ભાવ લંડન બુલિયન એકસચેન્જ સાથે લિંક થયેલો છે અને હાલમાં સોનાનો ભાવ ૨૩૦૦ ડોલર પ્રતિ ટ્રોય ઔંસની સપાટીને પાર કરી ગયો છે.

# ફાયરિંગની ઘટના છતાં સલમાન ખાન ફિલ્મોના નિર્ધારિત શૂટિંગ ચાલુ રાખશે

### પ્રશંસકો અને સેલિબ્રિટી મિત્રોને ઘરે મુલાકાતે ન આવવા વિનંતી કરી

મુંબઈ તા.૧૬

પોતાનાં નિવાસસ્થાને હુમલાખોરોએ ગોળીબાર કર્યો હોવા છતાં સલમાનખાને પોતાનું કામ ચાલુ રાખવાનો અને ફિલ્મોનું શુટીંગ પુર્ણ કરવાનો નિર્ણય લીધો છે. સૂત્રોનાં જણાવ્યા પ્રમાણે સલમાન આ હુમલા પાછળ રહેલાં લોકો પર વધુ ધ્યાન આપવા માંગતો નથી અને હુમલા પછી પણ તે પોતાનું કામ ચાલુ રાખશે. સલમાન પહેલાથી નિર્ધારિત થયેલા શુટીંગ પૂર્ણ કરશે. તે આ ગોળીબારની ઘટના પાછળના લોકો પર ધ્યાન કેન્દ્રીત કરવા માંગતો નથી કારણ કે તેને લાગે છે કે તેઓ પણ આ જ ઈચ્છે છે.



સલમાન અને તેના પરિવારે આ ઘટનાને મહત્વ આપવાનું ટાળ્યું છે. ઉલ્ટાનું તેમણે ફેન્સ અને બોલીવુડ કલાકારોને ચિંતા ન કરવા જણાવ્યું છે. સલમાને ઈન્ડસ્ટ્રીના મિત્રો અને ચાહકોને ચિંતા ન કરવા વિનંતી કરી છે. આ ઉપરાંત, તેણે તેમને ગેલેકસી એપાર્ટમેન્ટમાં ન જવા પણ જણાવ્યું છે. સલમાનના પિતા અને પ્રસિદ્ધ લેખક સલીમખાને એક મીડીયાને ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, સલમાન તેનાં નામ પર બહુ ફોકસ કરે છે. આ અંગે કશું કહેવાનું રહેતુ નથી. હુમલાખોરોને માત્ર પબ્લીસીટી જોઈએ છે. બહુ ચિંતા કરવાની જરૂર નથી. દરમિયાન, સલમાને સોમવારે દુબઈમાં પોતાની ફિટનેસ બ્રાન્ડ લોન્ચ કરવાની જાહેરાત કરી હતી. હુમલાની ઘટના બાદ સોશિયલ મીડીયા પર સલમાનની આ પહેલી પોસ્ટ છે. તેણે પોતાનાં ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક વિડીયો શેર કર્યો હતો, જેમાં તે તેની બ્રાન્ડને પ્રમોટ કરતો જોઈ શકાય છે. વિડીયો સામે આવતાની સાથે જ ચાહકોએ કોમેન્ટ બોકસ તેમના ફેવરીટ એકટર પ્રત્યેની લાગણી અને પ્રેમ અભિવ્યકત કર્યો હતો. એક પ્રશંસકે લખ્યું, કરોડો લોકોની પ્રાર્થના તમારી સાથે છે તો અન્ય એક પ્રશંસકે કહ્યું. મારા 'ભાઈ'નો એક વાળ પણ કોઈ વાંકો કરી શકે તેમ નથી.

રવિવારે સાંજે મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા રાજ ઠાકરે અને રાજકારણી બાબા સિદ્દીકીના પુત્ર ઝીશાન સિદ્દીકીએ સલમાનની તેનાં ઘરે મુલાકાત લીધી હતી. આ ઉપરાંત, સલમાનના ભાઈઓ અરબાઝ અને સોહેલ ખાને પણ તેની મુલાકાત લીધી હતી.



# બે કાર રિસેલર્સ વચ્ચેનાં વિવાદમાં રૂા.૩ કરોડની લેમ્બોર્ગિની સળગાવી

### વિવાદનો અંત લાવવા મળેલી બેઠકમાં મામલો ઉગ્ર બન્યો


હૈદરાબાદ,તા.૧૬

હૈદરાબાદમાં બનેલી એક ઘટનામાં એક કાર રિસેલરે અન્ય કાર રિસેલરની રૂા.૩ કરોડની કિંમતની લેમ્બોર્ગિનીને આગ લગાડી દેતાં ગણતરીની મિનિટોમાં જ કરોડોની કાર બળીને ખાખ થઈ ગઈ હતી.આ અંગે મળતાં અહેવાલો અનુસાર અહીંનાં પહાડી શરીફ વિસ્તાર પાસે બે ધંધાર્થીઓ પોતાની વચ્ચેની જૂની તકરારને ઉકેલવા માટે ભેગા થયા હતાં. પરંતુ તેમની વચ્ચે કોઈ મુદ્દે વિવાદ એટલો બધો વધી ગયો કે એકે બીજાની લેમ્બોર્ગિનીને આગ ચાંપી દીધી હતી.નીરજ નામના વ્યકિતએ આ મામલે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.નીરજે આ લકઝરી કાર સેકન્ડ હેન્ડ ખરીદી હતી. આ બંને ધંધાર્થી જુની કારોની લે વેચનો ધંધો કરે છે. બંને વચ્ચે અગાઉ પણ અનેકવાર ધંધાકીય વ્યવહારો થયાં હતાં. શનિવારે બંને ધંધાર્થીઓ કમિશન અંગેના વિવાદને ઉકેલવા માટે મળ્યા હતા.આ દરમિયાન બંને વચ્ચે બોલાચાલી શરૂ થઈ ગઈ હતી. તકરાર એટલી બધી વધી ગઈ કે એક રિસેલરે ઉશ્કેરાઈને બીજાની લકઝરી કારમાં આગ લગડી દીધી હતી.। ઘટનાનો વિડીયો પણ સામે આવ્યો છે. આગ ઓલવવા માટે ફાયર બ્રિગેડ પહોંચ્યુ ત્યાં સુધીમાં તો કાર સંપૂર્ણ બળીને ખાખ થઈ ગઈ હતી.ઘટના બાદ આરોપી ફરાર છે અને પોલીસ તેને શોધી રહી છે. પહાડી શરીફના ઈન્સ્પેકટર ગુરુવા રેડ્ડીએ જણાવ્યું છે કે, પીડિત અને આરોપી બંને જુની કારોની લે-વેચનો ધંધો કરે છે. કારના કમિશનને લઈને બંને વચ્ચે ઝઘડો થયો હતો.

# ક્યાં કેટલા મતદારો સાંસદોને ચૂંટે છે?

**જમ્મુ અને કાશ્મીર સિવાય** ઉત્તર-પૂર્વના મોટાભાગના રાજ્યોમાં પ્રતિ બેઠક સરેરાશ ૮ લાખથી ઓછા મતદારો છે.

નવી દિલ્હી, તા.૧૬ : ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં ૯૬ કરોડ ૮૦ લાખ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરશે. આ રીતે દરેક સીટ માટે સરેરાશ ૧૭.૯૦ લાખ મતદારો બને છે. પરંતુ દરેક લોકસભા મતવિસ્તારમાં મતદારોની સંખ્યા સરખી નથી જેના કારણે અમુક જગ્યાએ ૨૦ લાખથી વધુ મતદારોના મતથી સાંસદ ચૂંટાય છે. ચાલો જોઈએ, શું છે આખી તસ્વીર?




### લોકસભા ચૂંટણીના પરિણામો બાદ ફરી સતાનો વિશ્વાસ દર્શાવતી મોદી સરકાર

# મોબાઈલ ફ્રોડ રોકવા નવી સરકાર ૧૦૦ દિવસમાં લાવશે એકશન પ્લાન

### દરેક ઈનકમીંગ કોલમાં કોલર-આઈડી ફરજીયાતઃ સરકાર જ મિકેનીઝમ લાવશેઃ વ્યક્તિગત-નાના વેપારીઓ સાથે થતા મોબાઈલ સાયબર ફ્રોડ માટે ખાસ નેશનલ સાયબર સિકયોરીટી એજન્સી



નવી દિલ્હીઃ દેશમાં આવી રહેલી લોકસભા ચૂંટણીમાં 'અબ કી બાર ૪૦૦ કે પાર'ના નારા સાથે ભાજપ અને કેન્દ્રની મોદી સરકાર ચુંટણી પરિણામો પછી ફરી સરકારની રચનાના ૧૦૦ દિવસનો જે એજન્ડા તૈયાર કરવાનો પ્રારંભ કર્યા છે તેમાં સરકાર મોબાઈલ ધારકો સાથે સાયબર ફ્રોડ સામે સુરક્ષાનો એકશન પ્લાન પણ અમલમાં મુકશે.

દેશમાં મોબાઈલ ધારકોની વધતી સંખ્યા તથા હવે ડીજીટલ બેન્કીંગ અને ઓનલાઈન પેમેન્ટ સહિતનું પ્રમાણ જે વધી રહ્યું છે તેના સાથે સાયબર ફ્રોડ પણ વધી રહ્યા છે અને લોકો ખૂબજ આસાનીથી તેનો શિકાર બને છે તથા નાણા ગુમાવે છે. આ પ્રકારના ફ્રોડ જે સામાન્ય વ્યક્તિઓને માટે જોખમ બની ગયા છે તેમ મોદી સરકારે હવે નવી સરકારના ૧૦૦ દિવસમાં સરકાર જ કોલર, આઈડી, દરેક ફોન કોલ પર મોબાઈલ સ્ક્રીન પર જોવા મળે તે નિશ્ચિત કરશે. હાલ કેટલાક પ્રાઈવેટ એપ. મારફત આ સેવા અપાય છે પણ ખુદ સરકાર જ કોલીંગ નેમ પ્રેઝન્ટેશન સર્વિસ લોન્ચ કરશે અને તેના અમલ તથા સમગ્ર રીતે આ પ્રકારના સાયબર ફ્રોડની સાથે કામ માટે નેશનલ સાયબર સિકયોરીટી એજન્સીની રચના કરશે.

આ એક સમગ્ર દેશની છત્ર ઓથોરિટી હશે જે ખાસ ડીજીટલ ફ્રોડ સામે જ કામ કરશે. ખાસ કરીને વ્યક્તિગત રીતે કે નાના વ્યાપારીઓ આ પ્રકારના ફ્રોડનો શિકાર બને છે તેને બચાવવા ખાસ પ્રોગ્રામ લોન્ચ કરાશે. ખાસ કરીને જેઓ આસાનીથી આ પ્રકારના ફ્રોડમાં ફસાય છે તેને સુરક્ષા સમયે મોબાઈલ સાયબર ફ્રોડ રોકવા કોલરના નંબર જ નહી તેનું નામ-ઓળખ નિશ્ચિત થશે જેથી કોલ લેનાર ને તેમાં સાવધાની રહેશે. બેન્કો- વિમા કંપનીઓ કે માટે આ પ્રકારે સતાવાર ઓથોરિટીના નામે કોલ કરીને કે પછી ગુગલ પરના નંબરોના આધારે જે રીતે ફ્રોડ થાય છે તેમાં બચવાની તક મળશે. દરેક સિમ કાર્ડ ખરીદનારની ઓળખ હવે પ્રસ્થાપિત કરવામાં જે રીતે ખાસ પદ્ધતિ અપનાવાઈ છે તેથી કોલર આઈડી સરળ બનશે. ટેલીકોમ સેવા આપનાર કંપનીઓની જવાબદારી વધશે. કોલ ખરેખર ક્યાંથી આવ્યા છે તે પણ નિશ્ચિત કરવું પડશે.

**આ વર્ષે લેવાયેલા પગલાઓ**

- ★ ૧.૩૦ કરોડ શંકાસ્પદ સીમકાર્ડ બ્લોક
- ★ ૭૦૦૦૦ પોઈન્ટ ઓફ સેલ મશીનના કનેકશન રદ
- ★ ૧૫૬૦૦ મોબાઈલ હેન્ડસેટ બ્લોક કરાયા
- ★ ૨૦૦૦૦ ફેક એસએમએસ હેન્ડલ રદ

## વધુ એક પત્ર અને વધુ એક વખત ન્યાયતંત્રને દબાણમાં લાવવાના પ્રયાસ સામે પ્રશ્ન

# કોણ ન્યાયતંત્રને દબાણમાં લાવી રહ્યું છે ?



**સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટમાં કામગીરી કરી ગયેલા ૨૧ પૂર્વ ન્યાયમુર્તિઓએ સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમુર્તિ ડી.વાય.ચંદ્રચુડને પત્ર લખીને ચોકકસ હિત ધરાવતાં વ્યકિત અને જુથ ન્યાયતંત્રને દબાણમાં લાવવાની કોશીશ કરી રહ્યા હોવાની ફરિયાદ કરી, પત્રનાં મુદ્દા ગંભીર છે પણ શા માટે આ હિટ એન્ડ રન જેવી પદ્ધતિ? જો તેઓ દેશના ન્યાયતંત્ર અંગે ચિંતા કરતા હોય તો શા માટે ખુલ્લામાં આવતા નથી.**

વધુ એક પત્ર....સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયમુર્તિ ડી.વાય.ચંદ્રચુડને ૨૧ નિવૃત ન્યાયમુર્તિઓ કે જે સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટમાં ફરજ બજાવી ગયા છે અને અનેક મહત્વના ચુકાદાઓ પણ આપી ચુકયા છે અને જેમની ગણના દેશના શ્રેષ્ઠ કાનુની નિષ્ણાંતોમાં પણ થાય છે તેઓએ ૪૮ કલાક પહેલા સર્વોચ્ચ અદાલતને પત્ર લખીને ન્યાયતંત્ર પર એક દબાણ સર્જવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાનું જણાવ્યુ છે અને તે માટે આ પ્રકારનાં દબાણથી સર્વોચ્ચ અદાલત અને દેશના ન્યાયતંત્રને બચાવવાની જરૂર હોવાનો પણ આ પત્રમાં દાવો કરવામાં આવ્યો છે અને તેમાં એ પણ જણાવાયું છે કે ન્યાયતંત્ર ઉપર ગણતરીપૂર્વકનું દબાણ લાવીને કે પછી ગેર માહિતીઓ ફેલાવીને કે પછી સુપ્રિમ કોર્ટનાં ચુકાદાઓ જયારે તરફેણમાં આવે ત્યારે તેની પ્રસંસા કરવી અને વિરૂદ્ધમાં હોય તો ટીકા કરવી તે એક પ્રણાલી બની ગઈ છે.આ પત્રમાં સુપ્રિમ કોર્ટનાં પૂર્વ મુખ્ય ન્યાયમુર્તિ દિપક વર્મા સહીતનાં તમામે સહી કરી છે જોકે તેમાં ન્યાયતંત્ર ઉપર આ પ્રકારનું દબાણ કોણ લાવી રહ્યું છે તે કોઈ વ્યકિત કે જુથનુ નામ આપવામાં આવ્યું નથી.

પરંતુ આ પ્રથમ પત્ર નથી અને આખરી પણ નહીં હોય હજુ માર્ચ માસમાં જ અંદાજે ૬૦૦ જેટલા ધારાશાસ્ત્રીઓએ પણ સુપ્રિમ કોર્ટનાં મુખ્ય ન્યાયમુર્તિને પત્ર લખીને આજ પ્રકારની ચિંતા વ્યકત કરી હતી અને તેમાં પણ જે મુદ્દાઓ ઉઠાવાયા હતા તે ફરી એક વખત આ ૨૧ પૂર્વ ન્યાયમુર્તિઓએ ઉઠાવ્યા છે અને તે ૬૦૦ ધારાશાસ્ત્રીઓમાં સિનિયર એડવોકેટ ગણાત્રા હરીશ સાલ્વે અને બાર કાઉન્સીલ ઓફ ઈન્ડીયાના ચેરમેન મનનકુમાર મિશ્રાનો પણ સમાવેશ થાય છે.

**૨૦૧૮ માં સુપ્રિમ કોર્ટનાં જ ચાર સિનિયર મોસ્ટ ન્યાયમુર્તિઓએ ચીફ જસ્ટીસની કાર્યપદ્ધતિ સામે સવાલ ઉઠાવતાં લોકશાહી ખતરામાં છે તેવા વિધાનો પણ કર્યા હતા. દેશના ન્યાયતંત્રના ઈતિહાસમાં સર્વોચ્ચ અદાલતના ન્યાયમુર્તિઓએ પત્રકાર પરિષદ ભરી ખુલ્લેઆમ આક્ષેપો કર્યા હોય તેવી પ્રથમ ઘટના હતી પણ પછી શું થયું.? શું તેઓએ જે ચિંતા દર્શાવી હતી તે એડ્રેસ થઈ છે? લોકો દરેક સમયે આ જ પ્રશ્ન ઉઠાવે છે કે ચિંતા કરનારાઓ શા માટે કોથળામાં પાનસેરી જેવો ઘા કરે છે.**

વાસ્તવમાં ભારતીય ન્યાયતંત્ર છેલ્લા કેટલાંક સમયથી ચર્ચામાં વધુ આવ્યું છે તેનું મુખ્ય કારણ સુપ્રિમ કોર્ટ અને, હાઈકોર્ટ સમક્ષ જે રીતે રાજકીય સંવેદનશીલ ગણી શકાય તેવા એક બાદ એક કેસો આવી રહ્યા છે અને, તેના ચુકાદાઓનું કે આ પ્રકારની કાર્યવાહીનું કાનુની કરતાં રાજકીય વિશ્લેષણ વધુ થઈ રહ્યું છે અને તેના આધારે જ આ પ્રકારના પત્રો લખીને વારંવાર સુપ્રિમ કોર્ટને આગાહ કરાય છે કે પછી સુપ્રિમ કોર્ટને કોઈ બિનજરૂરી દબાણ હેઠળ લાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે તે પણ પ્રશ્ન સર્જાવા લાગ્યો અને આ તમામ ન્યાયમુર્તિઓ અને કાનુન શાસ્ત્રીઓ દેશના માનનીય નિષ્ણાંતો છે અને તેઓ અદાલતોમાં અનેક કેસોમાં જે રીતે કાનુની દલીલ કરે છે તે ભવિષ્યમાં એક મોડેલ પણ બની શકે છે પરંતુ પ્રશ્ન એ છે કે આ પ્રકારના પત્ર લખીને તે શુ આશય સિધ્ધ કરવા માંગે છે.મહત્વની વાત એ છે કે દરેક સમયે તેઓ હીટ ધરાવતા ગ્રુપ અને તે પ્રકારે આક્ષેપબાજી કરે છે પરંતુ આ ગેરીલ્લા પદ્ધતિ ન્યાયતંત્ર પર અપનાવી તે કેટલી વ્યાજબી છે તે પણ પ્રશ્ન છે. અને જો ખરેખર તેઓને ન્યાયતંત્રની અત્યંત ચિંતા હોય તો તેઓએ દેશ માટે પણ ખુલ્લુ આવવુ જરૂરી છે. આ રીતે કુલડીમાં ગોળ ભાંગે તેમ અમે અમારી ફરજ બજાવી લીધી તેમ કહીને આ તમામ કાનુની નિષ્ણાંતો પોતાની જવાબદારી પુરી કરી શકે નહિં.

**સ્પોટ-લાઈટ**
**કે.આર.**
krisht555@gmail.com

હજુ આપણે એ ભુલ્યા નથી કે દેશના ન્યાયતંત્રના ઈતિહાસમા પ્રથમ વખત સુપ્રિમ કોર્ટનાં ૪ સિનિયર ન્યાયમુર્તિઓ એક પત્રકાર પરિષદ ૨૦૧૮ માં યોજી હતી અને તેમાં સર્વોચ્ચ અદાલતનાં મુખ્ય ન્યાયમુર્તિ દિપક મિશ્રાની કાર્યપદ્ધતિ સામે પ્રશ્ન ઉઠાવતા એવુ વિધાન પણ કરાયું કે લોકશાહી દાવ પર લાગી ગઈ છે.વાસ્તવમાં આ ચાર ન્યાયમુર્તિઓએ જે પ્રશ્ન ઉઠાવ્યો તેમાં તેઓએ અંતે તો રાષ્ટ્રને નિર્ણય કરવા દો તેવુ કહીને કોઈ સ્પષ્ટ અભિપ્રાય કે મુદ્દો રજુ કરવાનું ટાળ્યુ હતું અને આ ચાર ન્યાયમુર્તિઓએ જસ્ટીસ લોયાના અપમૃત્યુ અંગે જે સુપ્રિમ કોર્ટમાં રીટ થઈ હતી તેની ખંડપીઠ નિશ્ચિત કરવામાં ચાર સિનિયર ન્યાયમુર્તિઓને બાકાત રાખવામાં આવ્યા હતા અને જે રીતે સર્વોચ્ચ અદાલતની બેચને કાર્યવાહી સોંપાઈ તેની સામે પણ પ્રશ્ન ઉભા કરાયા હતા.

**હાલ દેશની સર્વોચ્ચ અદાલત અને હાઈકોર્ટો સતત સમાચારમાં છે.કારણ કે પોલીટીકલી સેન્સેટીવ ગણી શકાય તેવા કેસની કતાર લાગી છે અને તેમાં ચુકાદાઓ સમયે રાજકીય પ્રત્યાઘાતો પડે છે અને અદાલતોમાં થતી દલીલોમાં પણ પોલીટીકસ નજરે ચડે છે. તો શું આ કોઈ એક મોડેસ ઓપરેન્ડી બનાવાઈ રહી છે કે ન્યાયતંત્રને દબાણમાં લાવીને હિંમતભર્યા નિર્ણયોથી દુર રાખી શકાય. હવે કોઈએ ખુલ્લામાં આવવાની જરૂર છે.**

જસ્ટીસ લોયાના અપમૃત્યુમાં દેશના એક ટોચના રાજકીય નેતાનું નામ પણ ચમકયુ હતું પરંતુ આ પત્રકાર પરિષદ પણ એક ઈતિહાસનું પાનુ બની ગયુ અને જસ્ટીસ લોયાનું અપમૃત્યુ એ પણ કાયમ માટે એક રહસ્ય બની ગયુ અને કોઈપણ ઉકેલ વગર જ આ તમામ ચાર ન્યાયમુર્તિઓ નિવૃત પણ થઈ ગયા અને તેમાંથી કેટલાંક ફરી એક વખત કોઈને કોઈ સરકારી સ્થાન પર ગોઠવાયા છે.

પ્રશ્ન એ છે કે વારંવાર આ પ્રમાણે સર્વોચ્ચ અદાલતનાં મુખ્ય ન્યાયમુર્તિ ખાસ કરીને ડી.વાય.ચંદ્રચુડ જે રીતે સુપ્રિમ કોર્ટનું સંચાલન કરી રહ્યા છે તે પછી પત્રોની વધેલી સંખ્યા એ પણ આશ્ચર્ય છે.દેશના સૌથી વધુ સમય સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમુર્તિ તરીકે રહેવાનો રેકોર્ડ તેમનાં નામે છે અને અનેક મહત્વના ચુકાદાઓ પણ તેઓ આપી રહ્યા છે. જેમાં સરકાર અને વહીવટી તંત્ર અથવા તો શાસકો માટે પણ અનેક વખત મુશ્કેલ સ્થિતિ બને છે પરંતુ ડી વાય ચંદ્રચુડ સામે કોઈ પ્રશ્ન ઉઠાવી શકે તેવી સ્થિતિ નથી. તે સમયે કોથળામાં પાનસેરીની જેમ પત્ર લખીને પછી મૌન થઈ જવુ આ પ્રકારની હીટ એન્ડ રન સ્ટાઈલ દેશના ન્યાયતંત્ર સાથે અપનાવી તે કેટલી વ્યાજબી છે.

હાલમાં જ સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમુર્તિ ડી.વાય ચંદ્રચુડ સુપ્રિમ કોર્ટનાં શતાબ્દી સમારોહમાં બોલતા કહ્યું હતું કે એક તરફ અદાલતોમાં પેન્ડીંગ કેસ અંગે પ્રશ્ન ઉભા થાય છે પરંતુ જે રીતે સર્વોચ્ચ અદાલત અને હાઈકોર્ટમાં કેસ વધી રહ્યા છે તે આપણા ન્યાયતંત્ર પર લોકોનો વિશ્વાસ દર્શાવે છે અને આપણે તેમાં ખરૂ ઉતરવાનું છે. ન્યાયતંત્ર એ દેશના લોકોની આખરી આશા છે અને જો તેની સાથે આ પ્રકારે ગેરીલ્લા પધ્ધતિથી પત્ર વ્યવહાર થશે તો પત્ર લખનારના આશય સામે જ પ્રશ્ન ઉભા થશે અને તેઓ પણ કોણ હાથા બની રહ્યા છે તે પણ લોકોના મનમાં પ્રશ્ન થશે.


---

## હૈદરાબાદ-બેંગ્લુરૂમેચમાં રેકોર્ડનો વરસાદ

# એક દિવસમાં ૫૪૯ રન બન્યા, SRH ૨૫ રને જીત્યું, હેડની ૩૯ બોલમાં સદી









## RCB એ બીજી ઈનિંગ્સમાં સર્વોચ્ચ સ્કોર બનાવ્યો

બેંગલુરુ :

હૈદરાબાદે ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ના ઈતિહાસમાં સૌથી વધુ સ્કોર કરનારી મેચ ૨૫ રને જીતી લીધી હતી. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી હતી. SRHએ ૨૦ ઓવરમાં ૩ વિકેટ ગુમાવીને ૨૮૭ રન બનાવ્યા હતા. આરસીબીએ બીજા દાવમાં પણ ૭ વિકેટ ગુમાવીને ૨૬૨ રન બનાવ્યા હતા પરંતુ મેચ હારી ગઈ હતી.

મેચમાં કુલ ૫૪૯ રન બનાવ્યા હતા, જે T-20ના ઈતિહાસમાં સૌથી વધુ છે. આ પહેલા SRH અને MI વચ્ચેની મેચમાં ૫૨૩ રન બનાવ્યા હતા. SRH એ પણ IPLનો સર્વોચ્ચ સ્કોર બનાવ્યો, ટીમે પોતાનો જ ૧૯ દિવસ જૂનો રેકોર્ડ તોડ્યો. ૨૭ માર્ચે ટીમે MI સામે ૨૭૭ રન બનાવ્યા હતા.

SRH તરફથી ટ્રેવિસ હેડે ૩૯ બોલમાં સદી ફટકારી હતી, તેણે ૪૧ બોલમાં ૧૦૨ રન બનાવ્યા હતા. હેનરિક કલાસને ૬૭ રન અને અબ્દુલ સમદે ૩૭ રન બનાવ્યા હતા. લોકી ફર્ગ્યુસને ૨ વિકેટ લીધી હતી. આરસીબી તરફથી દિનેશ કાર્તિકે ૩૫ બોલમાં ૮૩ રન બનાવ્યા હતા. ફાફ ડુ પ્લેસિસે ૬૨ રન અને વિરાટ કોહલીએ ૪૨ રનનું યોગદાન આપ્યું હતું. SRH તરફથી કેપ્ટન પેટ કમિન્સે ૩ વિકેટ લીધી હતી.

**SRHના વિસ્ફોટક ટોપ-૩**

**બેટ્સમેન:** ટોસ હાર્યા બાદ પ્રથમ બેટિંગ કરવા આવેલા SRHના ટોપ-૩ બેટ્સમેનોએ વિસ્ફોટક ઈનિંગ રમી હતી. અભિષેક શર્માએ ૩૪, હેનરિક કલાસને ૬૭ અને ટ્રેવિસ હેડે ૧૦૨ રન બનાવ્યા હતા. અભિષેકનો સ્ટ્રાઈક રેટ ૧૫૦ હતો અને બાકીના બેનો ૨૦૦થી વધુ હતી.

### ૧૩ બોલમાં ૪ વિકેટ

RCBએ ૭.૫ ઓવરમાં ૧૦૦ રન પૂરા કર્યા. અહીંથી ટીમે ૧૩ બોલમાં ૪ વિકેટ ગુમાવી દીધી અને ટીમનો સ્કોર ૧૦ ઓવરમાં ૧૨૨/૫ થઈ ગયો.

### મેચમાં ૫૪૯ રનનો રેકોર્ડ

મેચમાં કુલ ૫૪૯ રન બનાવ્યા હતા, જે T-20ના ઈતિહાસમાં સૌથી વધુ છે. આ પહેલા SRH અને MI વચ્ચેની મેચમાં ૫૨૩ રન બનાવ્યા હતા. SRH એ પણ IPLનો સર્વોચ્ચ સ્કોર બનાવ્યો, ટીમે પોતાનો જ ૧૯ દિવસ જૂનો રેકોર્ડ તોડ્યો. ૨૭ માર્ચે ટીમે MI સામે ૨૭૭ રન બનાવ્યા હતા.

### SRH એ IPLની એક ઈનિંગમાં સૌથી વધુ સિક્સર

ફટકારવાનો રેકોર્ડ સનરાઇઝર્સ હૈદરાબાદે RCB સામે ૨૨ સિક્સ ફટકારીને બનાવ્યો ટીમે વર્ષ ૨૦૧૩માં પુણે વોરિયર્સ સામેની મેચમાં ૨૧ છગ્ગા ફટકાર્યા હતા. આ રેકોર્ડ પણ બેંગલુરુમાં જ બન્યો હતો.

### દિનેશ કાર્તિકે સીઝનની સૌથી લાંબી સિક્સ ફટકારી

આ સિઝનની સૌથી મોટી સીક્સ દિનેશ કાર્તિકે ફટકારી છે. આ પહેલા આ જ મેચમાં હેનરિક કલાસને સૌથી મોટી સિક્સ ફટકારી હતી. તેણે આ સિઝનમાં ૧૦૬ મીટરની છગ્ગા ફટકારી હતી. પુરને બેંગલુરુના મેદાન પર જ આરસીબી સામે આ સિક્સર ફટકારી હતી.

### IPL મેચમાં સૌથી વધુ બાઉન્ડ્રી

SRH અને RCB બેટ્સમેનોએ મળીને IPL મેચમાં સૌથી વધુ બાઉન્ડ્રીનો રેકોર્ડ બનાવ્યો છે. બંને ટીમોએ મળીને કુલ ૮૧ બાઉન્ડ્રી ફટકારી હતી, બાઉન્ડ્રી એટલે કે બંને ફોર અને સિક્સર. ટીમે CSK vs RR મેચનો રેકોર્ડ તોડ્યો. વર્ષ ૨૦૧૦માં CSK અને RR વચ્ચેની મેચમાં ચેપોક મેદાનમાં કુલ ૬૯ બાઉન્ડ્રી ફટકારવામાં આવી હતી. વર્ષ ૨૦૨૪માં SRH અને MI વચ્ચેની મેચમાં ૬૯ બાઉન્ડ્રીના રેકોર્ડની બરાબરી થઈ હતી.

### T-20 ક્રિકેટમાં બીજો સૌથી વધુ સ્કોર

SRH એ RCB સામે વ્યાવસાયિક T-20 ક્રિકેટમાં બીજો સૌથી વધુ સ્કોર બનાવ્યો. ટીમે અફઘાનિસ્તાનનો રેકોર્ડ તોડ્યો હતો. વર્ષ ૨૦૧૯માં અફઘાનિસ્તાને આયર્લેન્ડ સામે (૨૭૮/૩) બનાવ્યો હતો. આ મેચમાં હઝરતુલ્લા ઝાઝાઈએ ૧૬ છગ્ગાની મદદથી ૧૬૨★ રન બનાવ્યા હતા. T-20 ક્રિકેટમાં સૌથી વધુ સ્કોર બનાવવાનો રેકોર્ડ નેપાળના નામે છે. વર્ષ ૨૦૨૩માં જ નેપાળે એશિયન ગેમ્સમાં મંગોલિયા સામે ૩૧૪ રન બનાવ્યા હતા.

### RCBએ બીજી ઈનિંગમાં બનાવ્યો IPLનો સૌથી મોટો સ્કોરઃ

RCBના બેટ્સમેનો SRHના સ્કોરનો પીછો કરવામાં નિષ્ફળ રહ્યા છતાં તેમણે બીજી ઈનિંગમાં એટલે કે ચેઝ કરીને IPLનો સૌથી મોટો સ્કોર બનાવ્યો. ટીમે ૭ વિકેટના નુકસાન પર ૨૬૨ રન બનાવ્યા હતા. ટીમે આ વર્ષે MI દ્વારા બનાવેલો રેકોર્ડ તોડ્યો છે. MI એ SRH સામે ૨૭૭ રનનો પીછો કરતી વખતે ૨૪૬ રન બનાવ્યા હતા.

## પ્રચાર માટે હેલિકોપ્ટર બુકિંગમાં બીજેપી અને શિંદે સેના સૌથી આગળ



મુંબઈ: તા ૧૬

દેશમાં લોકસભાની ચૂંટણી ઝુંબેશને વેગ મળ્યો છે. ઓછા સમયમાં વધુ સ્થળોએ પહોંચવા માટે નેતાઓ હેલિકોપ્ટર દ્વારા મુસાફરી કરવાનું પસંદ કરી રહ્યા છે. રાજકીય પક્ષોએ ૨૦ મે સુધી હેલિકોપ્ટર બુક કરાવી લીધા છે. આ મામલે ભાજપ અને શિંદે સેનાએ રાજ્યમાં તમામ પક્ષોને પાછળ છોડી દીધા છે. ભાજપ અને શિંદે સેનાએ ૨૦ મે સુધી ડ્યુઅલ એન્જિનવાળા ૨-૨ હેલિકોપ્ટર બુક કર્યા છે. કોંગ્રેસ અને એનસીપીએ સિંગલ એન્જિન સાથે ૧-૧ હેલિકોપ્ટર બુક કરાવ્યા છે. ક્ષેત્રફળની દ્રષ્ટિએ મહારાષ્ટ્ર દેશનું ત્રીજુ સૌથી મોટું રાજ્ય છે. રાજ્યમાં પાંચ તબક્કામાં ચૂંટણી યોજાવાની છે. આવી સ્થિતિમાં દરેક પાર્ટીના સ્ટાર પ્રચારક પાસે બહુ ઓછો સમય બચ્યો છે. દરેક ફ્લાઇટનો ખર્ચ લાખો પક્ષો હેલિકોપ્ટરના ભાડા પર લાખો રૂપિયા ખર્ચી રહ્યા છે. મુંબઈની એક હેલિકોપ્ટર કંપનીના જણાવ્યા અનુસાર ડબલ એન્જિનવાળા હેલિકોપ્ટર માટે ફ્લાઇટના દરેક કલાકનું ભાડું ૪ થી ૫ લાખ રૂપિયા અને સિંગલ એન્જિન હેલિકોપ્ટર માટે ૨ થી ૨.૫૦ લાખ રૂપિયા છે. એવિએશન એક્સપર્ટ વિપુલ સક્સેનાના જણાવ્યા અનુસાર, પાર્ટીઓએ ચૂંટણીને ધ્યાનમાં રાખીને નવેમ્બર અને ડિસેમ્બરમાં હેલિકોપ્ટર બુક કરાવ્યા હતા.

| પાર્ટી | હેલીકોપ્ટર |
|---|---|
| બીજેપી | ૨ |
| કોંગ્રેસ | ૧ |
| શિંદે સેના | ૨ |
| એનસીપી | ૧ |

**એક કલાકનું ભાડુ**

**ડબલ એન્જિન**
રૂ ૪-૫ લાખ
**સિંગલ એન્જિન**
રૂ. ૨ થી ૨.૫૦



## ઋત્વિકની ફિલ્મ ‘વોર-૨’માં હશે વિશ્વના ૧૧ સ્ટંટ કો-ઓર્ડીનેટર




મુંબઈ: ઋત્વિક રોશન હાલ તેની આગામી ફિલ્મ ‘વોર-૨’ને લઈને ચર્ચામાં છે. હવે ખબર આવી છે કે તેમાં સ્ટંટ કો-ઓર્ડીનેટર હશે. આથી અંદાજ લગાવી શકાય છે કે ફિલ્મમાં જબરદસ્ત એકશન સિકવન્સ જોવા મળશે.

છેલ્લા કેટલાક મહિનાથી નિર્દેશક અયાન મુખજી સહાયક કલાકારો સાથે મુંબઈમાં ‘વોર-૨’નું શુટીંગ કરી રહ્યા છે. બીજા પાર્ટની શરૂઆત મૂળ ફિલ્મથી થશે. ફિલ્મમાં દેખાડવામાં આવશે કે જાસૂસ કબીર ધાલીવાલ (ઋત્વિક રોશન)ને વધુ એક મિશન પર મોકલવામાં આવે છે તેના શુટીંગ માટે બે મોટા માળ ભાડે લેવાયા છે. પ્રોડકશન ડિઝાઈનર રજત પોદાર અને તેની ટીમે એક માળ પર વિમાનના બહારના ભાગનો વિશાળ સેટ બનાવ્યો છે. બીજા માટે વિમાનના આલિશાન ઈન્ટીરીયર દર્શાવતો સેટ બનાવ્યો છે. આ ફિલ્મમાં દુનિયાભરમાંથી ૧૧ સ્ટંટ કો-ઓર્ડીનેટરને પણ કામે રાખ્યા છે.



માલવિયાનગર પોલીસ મથકમાં યુવકને પોલીસ કર્મીએ ઢોર માર મારતાં કસ્ટોડીયલ ડેથનો બનાવ સામે આવ્યો હતો. તસ્વીરમાં પોલીસ કર્મીના મારથી ગંભીર રીતે ઘવાયેલ યુવાન અને બાદમાં તેનો મૃતદેહ જોઇ શકાય છે. બાદમાં વોકહાર્ટ હોસ્પિટલે દલીત સમાજના આગેવાનો સહિતના લોકો દોડી આવ્યા હતા અને બાદમાં પોલીસ કમિશ્નર કચેરીએ આરોપી સામે કાર્યવાહી કરવાની ઉગ્ર રજુઆત કરવામાં આવી હતી જે તસ્વીરમાં દ્રશ્યમાન થાય છે. (તસ્વીર : ભાવિન રાજગોર)

### બે પરિવારો વચ્ચેના ઝઘડામાં 'મધ્યસ્થી' બનેલા યુવાનનો ભોગ લેવાઇ ગયો

# રાજકોટમાં કસ્ટોડિયલ ડેથ ?! પોલીસના મારથી ઈજાગ્રસ્ત આંબેડકરનગરના યુવકનું સારવારમાં મોત : દલિતોના ધાડા ઉમટયા : લાશ સ્વીકારવા ઈન્કાર

### રવિવારે રાત્રે યુવકને આંબેડકરનગર તથા માલવિયાનગર પોલીસ મથકમાં બેફામ માર માર્યા બાદ બેભાન હાલતમાં જ છોડી દીધો હોવાનો પરિવારજનોને આરોપ : ખાનગી હોસ્પિટલમાં આજે મોત નિપજયું

### યુવકને ઢોર માર મારી મોતને ઘાટ ઉતારનાર પોલીસ કર્મીની તાત્કાલીક ધરપકડ કરવામાં આવે તેવી માંગ સાથે પરિવારે મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કરી પોલીસ કમિશ્નરે પાસે ઘા નાંખી



મૃતક યુવાન હમીર ઉર્ફે ગોપાલભાઈ

રાજકોટ, તા. ૧૬

ગોંડલ રોડ પર એસટી વર્કશોપ પાછળ આંબેડકરનગરમાં રહેતાં ૩૪ વર્ષીય હમીર ઉર્ફે ગોપાલ નામનો યુવાન તેના પડોશમાં રહેતાં પાડોશીના ઝઘડામાં સમાધાન કરાવવા ગયો ત્યારે દોડી આવેલ માલવીયાનગર પોલીસ મથકના એએસઆઈ અશ્વિન કાનગડ અને સ્ટાફે યુવાનને પકડી બોલેરોમાં અથડાવી બાદમાં પોલીસ મથકે લઈ જઈ ઢોર મારમારતાં ગંભીર ઈજા પહોંચતા બેભાન થઈ ગયાં બાદ સારવારમાં વોકહાર્ટ હોસ્પિટલમાં ખસેડાયો હતો. બનાવ અંગે જાણ થતાં માલવીયાનગર પોલીસે અજાણ્યાં શખ્સ વિરૂદ્ધ હત્યાના પ્રયાસની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો. બાદમાં ટૂંકી સારવારમાં મોત નીપજતાં હત્યાની કલમ હેઠળ ગુનો નોંધવા તજવીજ હાથ ધરી હતી.

જ્યારે યુવકનું મોત થયાની જાણ થતાં પરિવારજનો, અનુસૂચિત જાતિ સમાજના આગેવાનો સહિતના લોકો હોસ્પિટલે દોડી આવ્યા હતાં અને યુવકને ઢોર મારમારી મોતને ઘાટ ઉતારનાર પોલીસ કર્મીનું નામ ફરિયાદમાં ઉમેરી તાત્કાલિક તેની ધરપકડ કરી કાર્યવાહી કરવામાં આવે, જ્યાં સુધી કાર્યવાહી નહીં કરવામાં આવે ત્યાં સુધી લાશ સ્વીકારવાનો ઇન્કાર કરી પોલીસ કમિશ્નરને પણ રજુઆત કરવામાં આવી હતી.

બનાવ અંગે ગોંડલ રોડ પર એસટી વર્કશોપ પાછળ આંબેડકરનગર શેરી નં.૨ માં રહેતાં ગીતાબેન હમીરભાઇ ઉર્ફે ગોપાલભાઈ રાઠોડ (ઉ.વ.૩૨) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અજાણ્યાં શખ્સનું નામ આપતા માલવીયાનગર પોલીસે હત્યાના પ્રયાસની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ઘરકામ કરે છે અને તેમના પતિ હમીરને છેલ્લા ત્રણેક વર્ષથી ડાયાબીટીસની બીમારી છે. ગઇ તા.૧૪/૦૪ ના રાત્રીના અગ્યારેક વાગ્યાની

(અનુસંધાન છઠ્ઠા પાને)

## ભાવનગરમાં નીમુબેનની નામાંકન સભામાં ક્ષત્રિય સમાજના યુવાનોએ રૂપાલા વિરૂદ્ધ સુત્રોચ્ચાર કર્યાઃ ધમાલ



### કાળા વાવટા દેખાડયા

(વિપુલ હિરાણી દ્વારા)

ભાવનગર તા.૧૬

ભાવનગર ભાવનગરમાં ભાજપની સભા દરમિયાન કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડો.મનસુખભાઈ માંડવીયા પ્રવચન કરતા હતા તે દરમિયાન કાળા વાવટા સાથે ખસી આવેલા ટોળા ને કારણે ભારે હોબાળો મચી જવા પામ્યો હતો. પોલીસે દેખાવકારો નીધરપકડ કરી હતી.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર માં આજે ના લોકસભાના ઉમેદવાર ડ નિમુબેન ઉમેદવારી ફોર્મ ભરે તે પહેલા જંગી જ સભાઈ યોજાઈ હતી. સભામાં જ્યારે કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડો. મનસુખભાઈ માંડવીયા એ પ્રવચન શરૂ કર્યું તે દરમિયાન અચાનક જ કાળા વાવટા સાથે યુવાનો ઘૂસી આવી અને સૂત્રોચાર કરતા ભારે હંગામો મચી ગયો હતો. એક યુવાન તો સ્ટેજ પર પણ ચડી ગયો હતો અને જય રાજપુતાના ચેવું બોલ્યો હતો.ભાવનગરમાં લોકસભાના ભાજપના ઉમેદવાર નિમુબેન બાંભણીયાની સભામાં ક્ષત્રિય યુવાનોએ રૂપાલાનો વિરોધ નોંધાવ્યો હતો. હાથમાં કાળા વાવટા સાથે ક્ષત્રિય યુવાનો સભામાં પહોંચી ગયા હતા. એક બાજુ મનસુખ માંડવિયાની સ્પીચ ચાલુ હતી તો બીજી બાજુ ભારે હોબાળો મચ્યો હતો. ક્ષત્રિય યુવાનોએ સભામાં જ વિરોધ નોંધાવ્યો હતો. મનસુખ માંડવીયાની સ્પીચ દરમિયાન જ ક્ષત્રિય સમાજના તળાજા તાલુકાના આગેવાને રાજીનામું આપ્યું હતું.

**ચાલુ સભામાં જ તળાજા ભાજપના યુવામોરચાના ઉપાધ્યક્ષે રાજીનામુ આપ્યું**

ક્ષત્રિય યુવાનોએ સભામાં અચાનક આવી સૂત્રોચાર સાથે વિરોધ નોંધાવ્યો હતો. આ સભામાં તળાજા તાલુકાના ભાજપના યુવામોરચાના ઉપાધ્યક્ષ રવિરાજસિંહ ગોહિલે ચાલુ સભામાં જ બ્લેક કપડાં પહેરીને ૨૦૦ કાર્યકર્તાઓ સાથે રાજીનામુ આપ્યું હતું.

### એકશન પ્લાનઃ નાગરિકોએ શું કરવું અને શું ન કરવું તેની માર્ગદર્શિકા

## ગુજરાતમાં સંભવિત હીટવેવ સામે સરકારનો એકશન પ્લાન તૈયાર

### 'ઝીરો કેઝયુઅલ્ટી એપ્રોચ' સાથે માનવજીવન, પશુધનની સંપૂર્ણ રક્ષા થાય તેવા અભિગમ સાથે એકશન પ્લાનનો અમલ થવો જોઈએઃ મુખ્યમંત્રી



ગાંધીનગર: રાજયમાં ઉનાળું હવે આકરુ બન્યું છે અને આગામી સમયમાં ભારે હીટવેવની સંભાવના વ્યકત કરાઈ રહી છે. આવી પરીસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજય સ્તરે આગોતરું આયોજન કરાય તે માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને રાજયના વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ સાથે એક ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં, ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી દ્વારા સંભવિત હીટવેવ સામે લડવાનો એકશન પ્લાન તૈયાર કરાયો છે. આ હીટવેવ સામેની લડતમાં રાજય સરકારના મહત્વપૂર્ણ આઠ વિભાગોને સાંકળીને આ એકશન પ્લાન તૈયાર કરાયો છે. જેમાં (૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ (૨) શ્રમ અને રોજગાર (૩) પાણી પુરવઠા (૪) શિક્ષણ (૫) પ્રવાસન (૬) ઉર્જા (૭) પરિવહન અને (૮) શહેરી વિકાસ અને પંચાયત વિભાગનો સમાવેશ કરાયો છે.

ગાંધીનગર સ્થિતિ મુખ્યમંત્રીના નિવાસસ્થાને આ બેઠક યોજાઈ હતી. જેની વિગતો આપતાં રાહત કમિશ્નર આલોકકુમાર પાડેએ જણાવ્યું હતુ કે, રાજયમાં સંભવિત ભારે હીટવેવની પરીસ્થિતિમાં નાગરિકોએ શું કરવું અને શું ન કરવું ની માર્ગદર્શિકા અને એકશન પ્લાન અંગેની વિગતો રાજયના મુખ્ય નિર્વાચન અધિકારી મારફતે તમામ ૩૩ જિલ્લાના વહીવટીતંત્રને પુરી પાડવામાં આવી છે. મુખ્યમંત્રીએ પણ આ હીટવેવ સામે નાગરિકોને સુરક્ષા પુરી પાડવા માટે વિવિધ વિભાગોને અપાયેલી માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન થાય તેમજ એકશન પ્લાનનો પુર્ણતઃ અમલ થાય તેવી તાકીદ કરી હતી. તેમણે, 'ઝીરો કેઝયુઅલ્ટી એપ્રોચ' સાથે માનવજીવન અને પશુધનની સંપૂર્ણ રક્ષા થાય તેવા અભિગમ સાથે એકશન પ્લાનનો અમલ કરવા અંગે પણ સૂચનો કર્યા હતા.

રાહત કમિશ્નર આલોક પાડેએ કહ્યું હતું કે, મલ્ટીપરપઝ સાયકલોન સેન્ટર કાર્યરત કરવા, સેવાભાવી સંગઠનોને છાશ અને ઓઆરએસ વિતરણ જેવા રાહત કાર્યમાં જોડવા, હીટ સ્ટ્રોકના દર્દી માટે હોસ્પિટલમાં સ્પેશિયલ બેડ તૈયાર કરવા, પ્રવાસન સ્થળોને બપોરના સમયમાં બંધ રાખવા સહિતના સલામતી અને સાવચેતીના પગલાં માટે જરૂરી પ્રબંધ

(અનુસંધાન છઠ્ઠા પાને)






## રાજકોટની નેમિનાથ સોસાયટીમાં તસ્કરો ત્રાટકયા

# સેન્ટ્રલ જેલના કલાર્કના મકાનમાંથી દાગીના અને રોકડ સહિત રૂા.૪.૯૮ લાખના મુદ્દામાલની ચોરી

### ચંદ્રકાન્તભાઈ પરમાર અને તેનો પરીવાર ઉજ્જૈન મહાકાલેશ્વરના દર્શન કરવા માટે ગયાં બાદ બંધ મકાનમાંથી હાથફેરો કરી તસ્કરો નાસી છૂટ્યાઃ ગાંધીગ્રામ પોલીસ મથકનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી જઈ સીસીટીવી ફુટેજના આધારે તપાસ હાથ ધરી



રાજકોટની નેમીનાથ સોસાયટીમાં રહેતાં સેન્ટ્રલ જેલના કલાર્કના બંધ મકાનમાં થયેલ ચોરીના બનાવમાં તસ્કરોએ માલ-સામાન વેર વિખેર કરી ચોરીને અંજામ આપ્યાનું તસ્વીરમાં જોઈ શકાય છે.

રાજકોટ. તા.૧૬

રાજકોટમાં ૧૫૦ ફુટ રિંગરોડ પર આવેલ નેમિનાથ સોસાયટીમાં તસ્કરોએ ત્રાટકી સેન્ટ્રલ જેલના કલાર્કના બંધ મકાનમાંથી દાગીના અને રોકડ સહિત રૂા.૪.૯૮ લાખના મુદ્દામાલની ચોરી કરી નાસી છૂટ્યા હતાં. સેન્ટ્રલ જેલના કલાર્ક અને તેનો પરીવાર ઉજ્જૈન મહાકાલેશ્વરના દર્શન કરવા માટે ગયાં બાદ બંધ મકાનમાં ત્રાટકેલા તસ્કરોએ હાથફેરો કરી માલસામાન વેરવિખેર કરી નાસી છૂટ્યા બાદ પરિવારજનો પરત ઘરે ફરતાં બનાવની જાણ થઈ હતી અને ગાંધીગ્રામ પોલીસને જાણ કરતાં દોડી આવેલ પોલીસ કફલાએ ગુનો નોંધી તપાસનો ધમધમાટ આદર્યો હતો. દરમિયાન સુરત ક્રાઇમ બ્રાન્ચે એક શખ્સને ઝડપી ચોરીના ગુનાનો ભેદ ઉકેલી નાંખ્યો હતો અને મુદ્દામાલ કબ્જે કરી તસ્કરની સઘન પૂછપરછ હાથ ધરી હતી.

બનાવ અંગે ૧૫૦ ફૂટ રિંગરોડ લર નાણાવટી ચોક પાસે સત્યનારાયણ પાર્ક ગેઈટ નં.૩૩ ની સામે નેમિનાથ સોસાયટીમાં રહેતાં ચંદ્રકાંન્તભાઈ મગનભાઈ પરમાર (ઉ.વ.૫૬) એ

### દરમિયાન સુરત ક્રાઇમ બ્રાન્ચે એક શખ્સને ઝડપી ચોરીના ગુનાનો ભેદ ઉકેલી નાખ્યોઃ મુદ્દામાલ કબ્જે કરી તસ્કરની સઘન પૂછપરછ

નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ રાજકોટ મધ્યસ્થ જેલમાં સિનીયર કલાર્ક તરીકે નોકરી કરે છે. તેઓને સંતાનમા બે પુત્ર છે. ગઇ તા.૧૨/૦૪/૨૦૨૪ ના સાંજના સમયે તેઓ તેમની પત્ની અને બંને પુત્ર તેમજ બંને પુત્રવધુ સાથે ઉજ્જૈન મહાકાલેશ્વરના દર્શન કરવા માટે મકાનના દરવાજાને લોક કરી તાળું મારીને ગયેલ હતા.

ગઈકાલે બપોરના સાડા બારેક વાગ્યાની આસપાસ તેઓ ઉજ્જૈનથી પરત રાજકોટ ઘરે આવેલ અને મકાનના

(અનુસંધાન છઠ્ઠા પાને)

## નશાબંધી કાયદો છતાં ગુજરાતમાંથી ૨૧.૯૪ કરોડનો દારૂ જપ્ત કરાયો



**કયા રાજયમાંથી કેટલો દારૂ પકડાયો?**

| | |
|---|---|
| કર્ણાટક | ૧૨૪.૩૩ કરોડ |
| રાજસ્થાન | ૪૦.૭૮ કરોડ |
| મહારાષ્ટ્ર | ૨૮.૪૬ કરોડ |
| પંજાબ | ૧૪.૪૦ કરોડ |
| પશ્ચિમ બંગાળ | ૫૧.૧૭ કરોડ |
| મધ્યપ્રદેશ | ૨૫.૭૭ કરોડ |
| ઓડીશા | ૧૬.૨૭ કરોડ |
| ઉત્તરપ્રદેશ | ૩૫.૩૩ કરોડ |
| આંધ્રપ્રદેશ | ૩૫.૩૩ કરોડ |
| બિહાર | ૩૧.૫૭ કરોડ |
| ગુજરાત | ૨૧.૯૪ કરોડ |

### આચારસંહિતા અંતર્ગત સૌથી વધુ દારૂ જપ્તીમાં ગુજરાત ટોપ-૧૦ રાજયોમાં સામેલ

ગાંધીનગર તા.૧૬

લોકસભા ચૂંટણી આચાર સંહિતા અંતર્ગત મતદારોને લોભ-લાલચ આપવાના ઉપયોગમાં લેવાતી ચીજો જપ્ત

(અનુસંધાન છઠ્ઠા પાને)

NEW ACTIVA
મેગ્નેટ (શટર લોક ચાવી)
માત્ર ૫ મિનિટમાં
(ઇટાલીયન ટેકનોલોજી દ્વારા)
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, રાજકોટ.